بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ઓગસ્ટ-૨૦૧૨**

રમઝાન શરીફ-શવ્વાલુલ મુકર્રમ

હિજરી સન : ૧૪33

વર્ષ : ૦૯, અંક : ૦૮, સળંગ અંક : ૧૦૪

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | કુર્આનની તિલાવત દરમ્યાન સુબ્હાનલ્લાહ બોલવું કેવું ? | ૦૨ |
| ૦૨ | **નબી વલીના વિસાલ બાદ પણ તેમનાથી મદદ માગવી જાઈઝ** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૨ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૫ |
| ૦૬ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૬ |
| ૦૭ | કાનૂને શરીઅત | ૧૯ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૧ |
| ૦૯ | ડી. એન. એ. (D.N.A.) ટેસ્ટ ઈસ્લામની દૃષ્ટિએ | ૨૩ |
| ૧૦ | વહાબીઓ થકી અસલ કિતાબોમાં થતી ઘાલમેલની... | ૨૬ |
| ૧૧ | ઝકાત સંબંધી અગત્યની પ્રશ્નોત્તરી | ૩૨ |
| ૧૨ | હે બહેનો ! શું તમે આગની બંગડીઓ પહેરી.... | ૩૭ |
| ૧૩ | નોકરી કે મજૂરી સંબંધી શરીઅતના હુકમો તથા મસ્અલા | ૪૦ |
| ૧૪ | અઝાન ક્યારે ક્યારે આપી શકાય ? | ૪૨ |
| ૧૫ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૪ |


## યે સબ તુમ્હારા કરમ હૈ આકા صلی اللہ علیہ وسلم

કોઈ સલીકા હૈ આરઝૂ કા ન બંદગી મેરી બંદગી હૈ
યે સબ તુમ્હારા કરમ હૈ આકા કે બાત અબ તક બની હૂઈ હૈ
કિસી કા એહસાન ક્યૂં ઉઠાએં કિસી કો હાલાત ક્યૂં બતાએં
તુમ હી સે માંગેંગે તુમ હી દોગે તુમ્હારે દરસે હી લૌ લગી હૈ
બશીર કહીએ નઝીર કહીયે ઉન્હેં સિરાજે મુનીર કહીયે
જો સર બશર હૈ કલામે રબ્બી વો મેરે આકા કી ઝિંદગી હૈ
અમલ કી મેરે ઈસાસ કયા હૈ બજુઝ નદામત કે પાસ કયા હૈ
રહે સલામત બસ ઉન્કી નિસ્બત મેરા તો એક આસરા યહી હૈ
ઉન્હીં કે દરસે ખુદા મિલા હૈ ઉન્હીં કે દર સે પતા ચલા હૈ
વો આઈના જો ખુદાનુમા હૈ જમાલે હુસ્ને હુઝૂર હી હૈ
અતા કિયા મુઝ કો દર્દે ઉલ્ફત કહાં થી યે પુરખતા કી કિસ્મત
મૈં ઈસ કરમ કે કહાં થા કાબિલ હુઝૂર કી બંદા પરવરી હૈ
યહી હૈ **ખાલિદ** ઈસાસે રહમત યહી હૈ ખાલિદ બિનાએ અઝમત
નબી કા ઈર્ફાન ઝિંદગી હૈ નબી કા ઈર્ફાન બંદગી હૈ

ફતવા વિભાગ



# કુર્આનની તિલાવત દરમ્યાન સુબ્હાનલ્લાહ બોલવું કેવું ?

**સવાલ** : ઉર્સ, તક઼રીર વગેરેની મજલિસોમાં ક઼ારી સાહબો કુર્આન પાકની તિલાવત કરે છે અને દરમ્યાનમાં શ્વાસ લેવાના હેતુથી આયત અથવા કોઈ અન્ય વક઼્ફની નિશાની પર વક઼્ફ માટે અટકે છે તો તિલાવત દરમ્યાન આ સ્થિતિમાં "સુબ્હાનલ્લાહ ! માશાઅલ્લાહ !" કહેવું જાઈઝ છે કે નથી ? *(પ્રશ્નકર્તા : મૌલાના મુહમ્મદ માહિદ રઝા–ખતીબો ઈમામ મસ્જિદે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની, સરખેજ–અહમદાબાદ)*

**અલ્જવાબ** : કુર્આનની તિલાવત દરમ્યાન વક઼્ફની હાલત વેળા સુબ્હાનલ્લાહ ! માશાઅલ્લાહ ! કહેવું **નાજાઈઝ** તથા **ગુનોહ** છે. કુર્આન મજીદની તિલાવત દરમ્યાન ક઼ારીનું વક઼્ફ કરવું એટલે શ્વાસ વગેરે લેવા અટકવું જાહેરી રીતે સુકૂત છે એટલે જાહેરી રીતે ક઼િર્અત તથા તિલાવતનું ન હોવું છે, નહીં તો બાતિનમાં (ખરેખર) એ ક઼િર્અત તથા તિલાવતના જ હુકમમાં છે. કેમ કે ક઼ારી શ્વાસ લેવાની અથવા અર્થની સ્પષ્ટતા અથવા કુર્આન મજીદ અથવા કુર્આન મજીદ સંબંધિતના કોઈ મસ્અલાને સમજવાની જરૂરત અથવા ખાંસી વગેરે આવવાની મજબૂરીના કારણે જો અટકે છે તો એ હક઼ીક઼તમાં એ તિલાવતની સમાપ્તિ કે ક઼િર્અતની સમાપ્તિ નથી, બલ્કે ખાસ ક઼િર્અત તથા તિલાવતના જ હુકમમાં છે. એટલા માટે કે ક઼ારી પઢતાં પઢતાં જો અટકે છે તો તેની ચાર સ્થિતિઓ છે : **(૧) વક઼્ફ** : એટલે ક઼િર્અત ખત્મ કરવાનો ઈરાદો ન હોય બલ્કે શ્વાસ વગેરે લેવા માટે એટલી વાર ખામોશ રહેવું અને શ્વાસ લેવા જેટલી વારમાં આદત પ્રમાણે શ્વાસ લેવામાં આવે છે. **(૨) સક્તહ** : એટલે શ્વાસ તોડવાની હાજત ન હોય અને શ્વાસ તોડવામાં પણ ન આવે બલ્કે કેવળ અવાજ બંધ કરી દેવામાં આવે અને અર્થની સ્પષ્ટતાના હેતુથી વક઼્ફના ગાળા કરતા કમ સમય માટે ખામોશી અપનાવી લેવામાં આવે. **(૩) સુકૂત** : એટલે વક઼્ફ કર્યા બાદ ક઼િર્અતને સંબંધિત બાબતના લીધે શરૂ કરવામાં જે અધિક મોડુ થાય. **(૪) ક઼તઅ** : એટલે વક઼્ફ કર્યા બાદ ફરી આગળ ન પઢવું. **ક઼તઅ**ની સ્થિતિમાં "સદક઼લ્લાહુલ મૌલાનલ અઝીમ" વગેરે શબ્દો કહી લેવા બેહતર છે જેથી સાંભળનારા ક઼િર્અતની રાહ ન જુએ.

વક઼્ફ એટલે રોકાવાની ઉપરોક્ત ચારેવ સ્થિતિઓમાંથી પ્રથમ ત્રણ સ્થિતિઓમાં રોકાયા બાદ ફરી આગળ ક઼િર્અત તથા તિલાવત કરવામાં આવે છે, અને એ સ્થિતિઓમાં રોકાવું કોઈ ન કોઈ જરૂરતના હેઠળ હોય છે એટલા માટે **એ ત્રણેવ સ્થિતિઓમાં રોકાવું પણ ક઼િર્અત તથા તિલાવતના હુકમમાં છે.** અને કેવળ અંતિમ સ્થિતિ એટલે **"ક઼તઅ" પછી ક઼િર્અત તથા તિલાવત નથી કરવામાં આવતી,** બલ્કે અહીં ક઼િર્અત તથા તિલાવત ખત્મ કરી દેવામાં આવે છે એટલા માટે ક઼િર્અત તથા તિલાવતના હુકમમાં નથી. જેથી "કતઅ" બાદ જે હક઼ીક઼તમાં ક઼િર્અત તથા તિલાવતને સમાપ્ત કરી દેવું છે જેના પછી સામાન્યતઃ "સદક઼લ્લાહુ મૌલાનલ અઝીમ" વગેરે શબ્દો કહેવામાં આવે છે. (હવે) અદબભેર તથા સભ્ય તરીક઼ાથી "સુબ્હાનલ્લાહ ! માશાઅલ્લાહ !" કહેવા ચાહે તો કહી શકે છે.

પરંતુ પ્રથમ ત્રણ સ્થિતિઓમાં જેનામાં કોઈ જરૂરતના કારણે અટકે છે અને ત્યારબાદ ફરી ક઼િર્અત તથા તિલાવત કરે છે જેથી એ ક઼િર્અત તથા તિલાવતની સમાપ્તિ નથી બલ્કે એ રોકાવુ પણ ખાસ ક઼િર્અત તથા તિલાવતના હુકમમાં જ છે અને ખાસ ક઼િર્અત તથા તિલાવત વખતે ખામોશ રહેવું વાજિબ છે, જેથી વચમાં વક઼્ફ કરતી વેળા તથા અટકતી વેળા કે જે ક઼િર્અત તથા તિલાવતના જ હુકમમાં છે (તેમાં) ખામોશ રહેવું વાજિબ થશે (જેથી વચમાં) "સુબ્હાનલ્લાહ ! માશાઅલ્લાહ ! વગેરેની દાદ આપવી **નાજાઈઝ** તથા **ગુનોહ** છે. કુર્આને કરીમ સૂરએ અઅરાફ આયત–૨૦૪ માં છે : "જ્યારે કુર્આન પઢવામાં આવે તો તેને કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો જેથી તમારા પર રહમ કરવામાં આવે." વલ્લાહુ તઆલા અઅલમ. *[અઝ : **મુફ્તી મુહમ્મદ ઈફ્તેખાર અહમદ મિસ્બાહી** (સદર મુફ્તી : દારુલ ઉલૂમ હઝરત સૈયદના સિદ્દીક઼ે અકબર (رضی اللہ عنہ), માહનામા હઝરત સૈયદના સિદ્દીક઼ે અકબર (رضی اللہ عنہ), સરખેજ, અહમદાબાદ, જુલાઈ–૨૦૧૨માંથી સાભાર]*

# નબી વલીના વિસાલ બાદ પણ તેમનાથી મદદ માગવી જાઈઝ

તંત્રી લેખ

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! અલ્લાહના મક઼બૂલ બંદાઓ નબી તથા વલીથી મદદ માગવી તથા તેમને વસીલો બનાવવા વિશે જયારે કુર્આન હદીષથી દલીલો રજૂ થઈ જતાં (જેમ કે જૂન–૨૦૧૨ના ''બરકાતે ખ્વાજા'' માસિકમાં તંત્રી લેખ છે) કોઈ જવાબ બનતો નથી ત્યારે નબી વલીની મદદના મુન્કિરો અલ્લાહના આ મહબૂબ બંદાઓથી મદદ માગવા વિશે તથા વસીલો પકડવા વિશે કહેવા લાગે છે કે જીવતાઓથી તેમની જાહેરી હયાતીમાં તો મદદ માગી શકાય અને વસીલો બનાવી શકાય છે પણ તેમના વિસાલ પછી માગવુ શિર્ક છે ! જેમ કે હાલમાં અમારા એક મિત્ર ઉમરા કરવા ગયા હતા તેમને મદીના શરીફમાં એક વહાબી મુલ્લો ભટકાઈ ગયો. તેણે વસીલા બાબતે તેમની સાથે બહષ કરી તો અમારા મિત્રે કુર્આન હદીષથી લાજવાબ દલીલો પેશ કરી જેનો તે હઠધર્મી જવાબ ન આપી શક્યો ત્યારે તેણે અમારા મિત્રનો મોબાઈલ લઈને તેમાં વહાબી મોલ્વીના બયાનની કેટલીક ક્લિપો ભરી આપી. તેમાં એક બયાનમાં તે વહાબી મોલ્વી બકવાસ કરે છે કે, ''હે લોકો ! તમે એવાઓ પાસે મદદ માગો છો, તેમને વસીલો બનાવો છો કે જેઓ આ દુનિયાથી વિદાય થઈ ગયા ! જેઓ માટીની નીચે દફન થઈ ચૂક્યા, તેમનો આ દુનિયાથી સંબંધ કટ થઈ ગયો ! એ ''શિર્કે અકબર'' છે કે માણસ એવાને પુકારે જે ક઼બ્રમાં દફન થઈ ગયા અને એ રીતે પોકારનારા શિર્કમાં મક્કાના કાફિરોથી એક ક઼દમ આગળ નીકળી ગયા છે......વગેરે.''

તો આવો ! આ નવા ધર્મ વહાબી, કહેવાતા અહલે હદીષની વાતમાં કેટલુ તથ્ય છે તેને તપાસી લઈએ.

### ★ ખૂદ રસૂલુલ્લાહ ﷺએ આગલા નબીઓને વસીલો બનાવ્યા ★

તિબ્રાનીએ કબીર અને અવસતમાં લખ્યું છે અને હાકિમે એને સહીહ કહ્યું છે. હઝરત અનસ બિન માલિકે ફર્માવ્યું, જયારે હુઝૂરને પાલવવાવાળાં ફાતેમા બિન્તે અસદ બિન હાશિમ વાલેદા હઝરત અલી બિન તાલિબ رضی اللہ عنہا નો વિસાલ થયો તો આપ ﷺ એમના પાસે તશરીફ લઈ ગયા અને એમના માથા પાસે જઈને ફર્માવ્યું, હક઼ીક઼ી મા પછી મારી મા ! અલ્લાહ તારા પર રહમ ફર્માવે. રાવીએ કહ્યું, પછી આપે અલ્લાહની તારીફ બયાન ફર્માવી, પોતાની ચાદર મુબારકનું કફન આપવાનો અને ક઼બર ખોદવાનો હુકમ આપ્યો અને જયારે ક઼બર સુધી લોકો પહોંચ્યા તો આપે પોતાના દસ્તે મુબારકથી એને ખોદી માટી બહાર કરી. એના પછી એમાં સૂઈને આપે ફર્માવ્યું :–

**الله الذی یحیی ویمیت وهو حی لایموت اغفرلامی فاطمة**
**بنت اسد ووسع علیها مدخلها بحق نبیك والانبیاء الذین من**
**قبلی فانك ارحم الراحمین۔**

''હે અલ્લાહ ! જે જિંદગી અને મૌત આપે છે અને હમેશાં માટે જીવતો છે, **મારી મા ફાતેમા બિન્તે**

**અસદની મગફિરત ફર્માવ** અને એમના પર એમની કબરને વિશાળ કરી આપ, **મારા અને એ નબીઓના વસીલાથી જે મારાથી પહેલાં હતા.** તું જ બધાથી વધારે રહમ કરવાવાળો છે.''

એ જ રીતે ઈબ્ને અબી શયબાએ હઝરત જાબિર અને ઈબ્ને અબ્દુલ બરે હઝરત ઈબ્ને અબ્બાસથી અને નુઐમે હિલયામાં હઝરત અનસ رضی اللہ عنہથી એને રિવાયત કરી છે. હાફિઝ જલાલુદ્દીન સિયૂતીએ આ બધું જ અલ્ જામિઉસ્સગીરમાં લખ્યું છે.

જો આગલા નબીઓ જેઓ વિસાલ ફર્માવી ચૂક્યા છે તેમને વસીલો બનાવવો નાજાઈઝ, હરામ કે શિર્ક બલ્કે **શિર્કે અકબર !** છે તો **ઈસ્લામના પયગંબર, સૈયદુલ અંબિયા ﷺના વિશે તમારું શું કહેવું છે ? શું તેમણે પણ શિર્ક કર્યું ?!** એવું તો હરગિઝ થઈ જ નથી શકતું ! જેથી માની લો કે વહાબીઓનો અકીદો યકીનન ! ગૈર ઈસ્લામી છે.

### ★ સહાબાએ વિસાલ પહેલાં અને પછી નબી ﷺથી મદદ માગી ★

મુસલમાનો માટે હિદાયત તથા સાચો માર્ગ પામવા માટેના મહાન માર્ગદર્શક નબી ﷺ પછી સૌથી શ્રેષ્ઠ કોઈ માર્ગદર્શક હોય તો તે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે. આવો ! તેમનાથી દીન તથા ઈમાન વિશે શીખીએ. જુઓ સહાબાએ કિરામ કેવી રીતે નબી કરીમ ﷺનો વસીલો પકડી રહ્યા છે અને તેમને મદદ માટે કઈ રીતે પોકારી રહ્યા છે તે જુઓ ! :–

જે સહીહ હદીષમાં વસીલાની સ્પષ્ટતા છે એમાં આ હદીષ પણ છે જેને તિર્મિઝી, નિસાઈ, બયહકી અને તિબ્રાનીએ સનદે હસન સાથે મશ્હૂર સહાબી હઝરત ઉષ્માન બિન હનીફથી રિવાયત કરી છે. એક અંધ માણસે નબીએ કરીમ ﷺ ની બારગાહમાં હાજરી આપી અર્ઝ કર્યું; મારી આંખોની રોશની માટે અલ્લાહથી દુઆ કરી આપો ! ફર્માવ્યું, જો તમે ચાહો તો હું દુઆ કરું, નહીં તો સબ્રથી કામ લો અને સબર બેહતર છે. એમણે કહ્યું, આપ દુઆ કરી આપો. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, આ રીતે વુઝૂ કરીને આ દુઆ પઢો :–

**اللهم انی اسئلك واتوجه بنبيك محمد بنی الر حمة يا احمد**

**انی تاجه بك الی ربی فی حاجتی لتقضیٰ اللهم شفعه فی**

''હે અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારા રહમતવાળા નબી મુહમ્મદ ﷺના વસીલાથી તારી તરફ ધ્યાન કરું છું, હે નબી ! હું આપના વસીલાથી આપના રબની પ્રતિ ધ્યાન કરું છું, એટલા માટે કે મારી હાજત અને જરૂરત પૂરી કરવામાં આવે. હે અલ્લાહ ! એમને મારી શફાઅત કરવાવાળા બનાવ.''

આ દુઆ પછી આંખોમાં રોશની લઈને પાછો ફર્યો. એક રિવાયતમાં ઈબ્ને હનીફ કહે છે, ખુદાની કસમ ! અમે ત્યાં જ ભેગા થઈ ઘણીવાર સુધી વાતો કરતા રહ્યા ને એ શખ્સ અમારી પાસે પાછો આવ્યો તો એવું લાગતું હતું કે એને કોઈ દિવસ કોઈ તકલીફ જ ન હતી ! **આ હદીષમાં વસીલો પણ છે અને પુકારવું પણ છે.** અને ઈમામ બુખારીએ પોતાની તારીખમાં અને ઈબ્ને માજહ અને હાકિમે મુસ્તદરકમાં સહીહ સનદના સાથે રિવાયત કરી. અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ પણ જામેઉલ કબીર અને સગીરમાં એને લખ્યું છે.

વસીલાનો ઈન્કાર કરવાવાળા એવું તો નથી કહી શક્તા કે એનો રિવાજ તો હુઝૂર રસૂલે અકરમ ﷺની જિંદગીમાં જ હતો, કેમ કે **સહાબા અને તાબઈને કિરામ પોતાની જરૂરતો પૂરી કરવા**

માટે આપની વફાત પછી પણ આ દુઆ પઢતા હતા.

### ★ સહાબા થકી નબી ﷺના વિસાલ બાદ મદદની પુકાર ! ★

જેમ કે તિબ્રાની અને બયહકીની રિવાયત છે કે એક શખ્સ પોતાની જરૂરતોના લઈને હઝરત ઉષ્માન બિન અફ્ફાન પાસે આપની ખિલાફતના ટાઈમમાં આવતો હતો. આપ એના તરફ ન મહેરબાનીની નજર કરતા અને ન એની જરૂરત તરફ કોઈ ધ્યાન આપતા. એ શખ્સે ઉપર લખેલી હદીષના રાવી હઝરત ઉષ્માન બિન હનીફથી શિકાયત કરી. આપે એને કહ્યું કે વુઝૂ કરી મસ્જિદમાં જાવ અને ત્યાં નમાઝ પઢી આ દુઆ કરો :–

اللهم اسئلك واتوجه اليك بنبينا محمد نبى الرحمة يا محمد
انى اتوجه بك الى ربك لتقضىٰ حاجتى

"હે અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારા રહમતવાળા નબી મુહમ્મદ ﷺના સદકામાં અને એમના વસીલાથી તારી તરફ ધ્યાન કરું છું. **હે નબીએ રહમત મુહમ્મદ ! ﷺ હું આપના વસીલાથી આપના રબની તરફ ધ્યાન કરું છું,** એટલા માટે કે મારી હાજત અને જરૂરત પૂરી થઈ જાય."

અને આ દુઆ પછી પોતાની જરૂરતનો ઉલ્લેખ કરો. જેથી એ શખ્સે જઈને એવું જ કર્યું અને હઝરત ઉષ્માન બિન અફ્ફાનના દરવાજા પર પહોંચ્યા તો ચોકીદાર એમનો હાથ પકડી એમને લઈને હઝરત ઉષ્માનની ખિદમતમાં હાજર થયો, આપે એને બેસાડીને કહ્યું કે તમારી જરૂરત બતાવો ! એ શખ્સે જે જરૂરત બતાવી એને આપે પૂરી કરી દીધી અને ફર્માવ્યું, (હવેથી) તમને જે પણ જરૂરત હોય એને આવીને બયાન કરી દો.

પછી એ શખ્સ આપના પાસેથી હઝરત ઉષ્માન બિન હનીફને મળ્યો અને કહ્યું, અલ્લાહ તઆલા આપને બેહતરીન બદલો આપે, તે (હઝરત ઉષ્માન બિન અફ્ફાન) મારી જરૂરત પર બિલ્કુલ ધ્યાન આપતા ન હતા, પરંતુ તમે એમની સાથે મારી વાત કરાવી આપી. આપે ફર્માવ્યું, કસમ ખુદાની ! મેં વાત નથી કરાવી, પણ (વાત એમ છે કે) હું રસૂલુલ્લાહ ﷺ પાસે બેઠો હતો તેવામાં એક આંધળો આદમી આવ્યો અને એણે આપથી શિકાયત કરી કે મારી આંખોમાં રોશની નથી. એના પછી (આગલી) પૂરી હદીષ બયાન કરી. **આ હદીષ નબીએ કરીમ ﷺની વફાત પછી વસીલા અને આપને પુકારવું જાઈઝ હોવાની દલીલ છે.** એક અધિક હદીષ જોઈ લો.

બયહકી અને ઈબ્ને શયબાએ સહીહ સનદ સાથે રિવાયત કરી છે કે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہની ખિલાફતમાં દુકાળ પડયો તો **સહાબીએ રસૂલ** હઝરત બિલાલ બિન હર્ષે **નબીએ કરીમ ﷺની કબર મુબારક પર હાજરી આપી** અને ફર્માવ્યું, "યા રસૂલલ્લાહ ! આપની ઉમ્મતના માટે વરસાદની દુઆ ફર્માવો, કેમ કે એ બરબાદીમાં પડી છે. આપ ખ્વાબમાં એમની પાસે આવ્યા અને ખુશીની ખબર આપી કે વરસાદ થશે."

**અહીંયા દલીલ સહાબીએ રસૂલ હઝરત બિલાલ બિન હર્ષના અમલથી છે કે નબીની કબર પાસે હાજરી, યા રસૂલલ્લાહ ﷺથી પુકારવું, પોતાની ઉમ્મત માટે પાણી માંગવાની સિફારિશ, આ બધું એ વાતની દલીલ છે કે આવું કરવું જાઈઝ છે.**

## ★ હઝરત આદમ علیہ السلام એ તો નબી صلی اللہ علیہ وسلم ને દુનિયામાં આગમન પહેલાં જ વસીલો બનાવ્યા ! ★

વહાબીઓ કહે છે કે, "વિસાલ કરી ગયેલા નબી વલીનો સંબંધ આ દુનિયાથી કટ થઈ ગયો, તેઓ કાંઈ સાંભળતા નથી ન કાંઈ કરી શકે છે !.... વગેરે" પણ સર્વ માનવોના પિતા હઝરત આદમ علیہ السلام તો હુઝૂર صلی اللہ علیہ وسلم ના દુનિયામાં આવતા પહેલાં જ પોતાની તકલીફમાં તેમને વસીલો બનાવી રહ્યા છે ! હઝરત આદમ علیہ السلام એ દુનિયામાં આવીને પ્રથમ કામ એ જ કર્યું કે આપણા નબી صلی اللہ علیہ وسلم ને વસીલો બનાવી દુઆ કરી ! તો શું અલ્લાહે તેમના પર ગઝબ કર્યો કે ઈનામ આપ્યું ?! જુઓ !

ઈમામ બયહકીએ સહીહ સનદ સાથે "દલાઈલુન્નબુવ્વત"માં આ હદીષ રિવાયત કરી છે :–

હઝરત ઉમર બિન ખત્તાબથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે હઝરત આદમ علیہ السلام થી લગઝિશ થઈ તો એમણે અર્ઝ કર્યું, **હે મારા પરવરદિગાર ! હું મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ના વસીલાથી તારાથી દુઆ કરું છું મને બખ્શી દે !** અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, તમે મુહમ્મદને કેવી રીતે જાણ્યા ?! એમને તો મેં હજુ પૈદા નથી કર્યા ?! અર્ઝ કર્યું, હે મારા પરવરદિગાર ! જ્યારે તેં મને પેદા ફર્માવ્યો અને મેં પોતાનું માથુ ઉઠાવીને જોયું તો અર્શના પાયા પર **لاالہ الا اللہ محمد رسول اللہ** લખેલું જોયું જેનાથી હું સમજી ગયો કે તેં પોતાના નામની સાથે એનું નામ મિલાવ્યું છે જે મખ્લૂકમાં તને બધાથી વધારે મહબૂબ છે. અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યું, હે આદમ ! બેશક ! એ મને બધી મખ્લૂકમાં બધાથી વધારે મહબૂબ છે.

**واذ سالتنی بحقه فقد غفرت لك و لو لا محمد ماخلقتك "અને જ્યારે તેં એમના વસીલાથી દુઆ કરી છે તો હું તને માફ કરી આપું છું, જો એ ન હોત તો હું તને પેદા જ ન કરત."**

હાકિમે એ રિવાયત લખી અને સહીહ લખ્યું છે. અને તિબ્રાનીએ પણ એ રિવાયત કરી છે, જેમાં આટલો વધારો કર્યો છે, (**وهو آخر الا نبياء من ذريتك**) "એ તમારી નસલમાં બધાથી છેલ્લા નબી છે."

"મવાહિબે લદુન્નિયા"માં છે કે હઝરત નૂહ علیہ السلام ની કશ્તી કિનારે લાગી તો નબી કરીમ صلی اللہ علیہ وسلم ના નામે પાકના વસીલાથી લાગી, કે હઝરત નૂહ علیہ السلام એ કશ્તીની આગળ નામે પાક **મુહમ્મદ** (صلی اللہ علیہ وسلم) લખ્યું હતું. **કેવળ નામની આ બરકત છે તો ઝાતના વસીલાથી કાંઈ ફાયદો ન થાય ?!**

**કુર્આને પાકમાં** છે કે હઝરત યૂસુફ علیہ السلام એ પોતાનુ પહેરણ મુબારક આપીને કહ્યું કે એને હઝરત યાકૂબ علیہ السلام ના ચહેરા પર રાખી દેજો તો આંખોની રોશની પરત મળી જશે, અને તેવું જ થયું. તો **જ્યારે નબીના પહેરણના વસીલાની આ બરકત છે તો સૈયદુલ અંબિયાની ઝાતનો વસીલો કાંઈ મદદ ન કરી શકે ?! અને તેમનાથી મદદ માગવી શિર્ક ઠરે ?!**

આ ઉપરાંત અન્ય નબીઓએ પણ આખરી નબી હુઝૂર صلی اللہ علیہ وسلم ને વસીલો બનાવીને દુઆઓ કરતાં તેને અલ્લાહે કૂબૂલ ફર્માવી છે. જેનાથી હદીષોની કિતાબો ભરેલી પડી છે.

આજે વહાબી હુકૂમતમાં મદીના શરીફમાં રોઝા મુબારક પર હાજરી આપનારને રોઝએ અન્વર સામે હાથ ઉઠાવી દુઆ કરવાને શિર્ક શિર્ક કહીને કા'બા તરફ ફરવા અને નબી પાક صلی اللہ علیہ وسلم ની કૂબ્ર મુબારક તરફ પીઠ કરવા કહેવામાં આવે છે, પણ જુઓ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ શું ફર્માવે છે. વહાબિયતનો ફિત્નો તથા ગુસ્તાખ ફિર્કો છેલ્લા અઢીસો ત્રણસો વરસોથી જાહેર થયો છે પણ આ ત્યારની

વાત છે જ્યારે દુનિયામાં એક વહાબી પેદા થયો ન હતો. સાંભળો !–

**★ રસૂલે ખુદા ﷺ તરફ મોઢું અને કા'બા તરફ પીઠ કરવી ★**

એ જ તવસ્સુલ (વસીલાની) તરફ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہએ ખલીફા મન્સૂરનું ધ્યાન દોર્યું હતું. આ એ સમયની વાત છે જ્યારે ખલીફા મન્સૂરે હજ્જ કર્યા પછી નબીએ અકરમ ﷺની મુબારક કબરની હાજરી આપી અને હઝરત ઈમામ માલિક જે મસ્જિદે નબવીમાં હાજર હતા એમનાથી સવાલ કર્યો કે, **હે અબૂ અબ્દુલ્લાહ ! હું કિબ્લા તરફ કે રસૂલુલ્લાહ ﷺ તરફ મોઢું કરી દુઆ માગું ? ઈમામ માલિકે ફર્માવ્યું, તમે રસૂલુલ્લાહ ﷺ તરફથી મોઢું કેમ કરીને ફેરવશો ? એ તો તમારા અને હઝરત આદમ સુધી ખુદાની બારગાહમાં વસીલો છે ! એમની જ તરફ મોઢું કરી એમના જ વસીલાથી દુઆ કરો, એ તમારા માટે એમની શફાઅત કબૂલ ફર્માવશે.**

કેમ કે એ જ રબ તઆલાએ કુર્આનમાં ફર્માવ્યું છે :–

ولو انهم اذظلموا انفسهم جآؤك فاستغفرو الله واستغفر لهم
الرسول لوجدو الله توابا رحيما۔

**''અને જ્યારે પોતાની જાન પર જુલ્મ કરે તો તમારા પાસે આવે અને અલ્લાહથી માફી માંગે 'અને રસૂલ એમના માટે શફાઅત કરે' તો જરૂર અલ્લાહને તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન પામશે.''**

કાઝી અયાઝે **શિફા શરીફમાં એને સહીહ સનદ સાથે** રિવાયત કરી છે. ઈમામ તકીયુદ્દીન સુબ્કીએ શિફાઉસ્સિકામ, સૈયદ સમહુદીએ ખુલાસતુલ વફા, અલ્લામા કસ્તલાનીએ મવાહિબે લદુન્નિયા, અલ્લામા ઈબ્ને હજરે જૌહરે મુનઝ્ઝમ અને ઘણા બધા આલિમોએ એને ઝિયારતના તરીકામાં લખ્યું છે.

એનાથી સાબિત થયું કે **નબીએ કરીમ ﷺથી તવસ્સુલ (વસીલો) આપના વજૂદ એટલે દુનિયામાં આવતા પહેલાં તથા આપની જાહેરી જિંદગીમાં અને આપની વફાત પછી દરેક સમયે જાઈઝ છે.** આપના સિવાય **બુઝુર્ગો અને નેક લોકોનો વસીલો પણ જાઈઝ છે** જે રીતે હઝરત ઉમર رضی اللہ عنہએ વરસાદ માટે દુઆ કરતી વખતે હઝરત અબ્બાસ رضی اللہ عنہને વસીલો બનાવ્યા.

જે લોકો જીવતા અને મૃત્યુ પામેલ વચ્ચે ફરક કરે છે એ બની શકે છે કે જીવતાઓના માટે (તાસીર) અસર કરવું માનતા હોય અને મૃત્યુ પામેલ માટે ન માનતા હોય. જ્યારે કે અમારો અકીદો છે કે અલ્લાહ જ દરેક વસ્તુને પૈદા કરવાવાળો છે, એણે જ તમને અને તમારા અમલને પૈદા કર્યા, એટલા માટે જે લોકો જીવતા અને મૃત્યુ પામેલા વચ્ચે ફરક કરી જીવતાથી (તવસ્સુલ) વસીલાને માને છે, **એઓ જ અલ્લાહના સિવાય બીજા માટે (તાસીર) અસર કરવાનો અકીદો રાખે છે અને એમની તૌહીદમાં શિર્ક સામેલ છે. કેમ કે એ મૃત્યુ પામેલા માટે નહીં પરંતુ જીવતાના માટે તો (તાસીર) માને છે ?! આ માનવા પછી પણ એ કેવી રીતે તૌહીદનો દાવો કરે છે અને બીજા પર શિર્કનો ફત્વો લગાડે છે ?!**

**★ સર્વ નબીઓ હયાત છે અને તેમણે મદદ પણ કરી છે ! ★**

વહાબીઓ નબી વલીને પોતાના જેવા માનવી સમજીને જે એવું કહે છે કે નબી વલી મૃત્યુ પામ્યા,

તેમનો આ જગતથી સંબંધ કપાઈ ગયો, વળી કુર્આની આયતોનું ખોટુ અર્થઘટન કરીને કહે છે કે તેમને ગમે તેટલી બૂમો પાડો કયામત સુધી તે તમારી પોકાર સાંભળશે નહીં...વગેરે." તેઓ કેટલા ગુમરાહીમાં છે તે જુઓ ! :–

અંબિયાએ કિરામ કબરોમાં જીવતા હોવું અહલે સુન્નત વ જમાઅતના નજીક ઘણી બધી દલીલોથી સાબિત છે. જેવું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **مررت علی موسیٰ لیلة اسریٰ بی یصلی فی قبره** "હું મેઅરાજની રાત્રે મૂસા પાસેથી નીકળ્યો તો એ પોતાની કબરમાં નમાઝ પઢી રહ્યા હતા."

ઈબ્રાહીમ પાસેથી નીકળ્યો તો એમણે કહ્યું કે પોતાની ઉમ્મતને મારા સલામ કહી આપશો અને એમને કહેશો કે જન્નતની માટી બહુ સુગંધિત છે, એની જમીન સાફ અને ચોખ્ખી છે અને એનાં વૃક્ષો **سبحان الله والحمدلله ولا اله الا الله والله اکبر** છે. બયતુલ મુકદ્દસમાં અંબિયાના ભેગા થવાના વખતે રસૂલુલ્લાહ ﷺએ મેઅરાજની રાત્રે એમની ઈમામત કરી પછી આસમાનોમાં એમના (એ નબીઓ) સાથે મુલાકાત થઈ.

એ જ રીતે છે કે શબે મેઅરાજમાં નબીએ કરીમ ﷺ પર જ્યારે અલ્લાહ તઆલાએ ૫૦ ટાઈમની નમાઝ ફર્ઝ કરી અને મૂસા علیہ السلامએ એમને પાછા (નમાઝ ઓછી કરાવવા માટે રબ પાસે) જવાની વિનંતિ કરી તો વારંવાર આવ્યા અને ગયા. આ હઝરત મૂસા علیہ السلامના વસીલાથી આપણી મદદ થઈ કે નહીં ?! **દિવસની પાંચ નમાઝો વસીલાથી જ થઈ છે ! જેથી વસીલાના મુન્કિરો તેને સ્વીકારતા ન હોય તો પોતે પચાસ નમાઝો દિવસની પઢે !** આપ ﷺએ એક વખતે ફર્માવ્યું : **ان الا نبیاء یحجون ویلبون** "અંબિયાએ કિરામ હજ્જ અને તલબિયા કરે છે." આ બધી જ હદીષો સહીહ છે. જેમાં તદ્દન કમી નથી, એટલા માટે વધારે લખવાની જરૂરત નથી.

કુર્આનની આયતોથી શહીદોની જિંદગી સાબિત છે, જેમ કે કુર્આનમાં છે : "જે અલ્લાહની રાહમાં શહીદ થાય તેને મુર્દા ન કહો ન મુર્દા ગુમાન કરો." અને **અંબિયાએ કિરામ શહીદોથી અફઝલ છે,** એટલા માટે એમની જિંદગી એના કરતાં વધારે સાબિત છે અને અંબિયાએ કિરામની જિંદગી દુનિયાની જિંદગી જેવી નથી બલ્કે ફરિશ્તાઓ જેવો એમનો હાલ છે જેમની સિફત (ખૂબી) અને હકીકત અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતુ. આપણા ઉપર જરૂરી છે કે એમની સિફત અને સ્થિતિ પર બહસ કર્યા વગર એના ઉપર ઈમાન લાવીએ.

## ★ વસીલાના મુન્કિરો કયામતમાં શિર્ક કરશે ?! ★

આજે જેઓ નબી વલીથી મદદ માગવાને શિર્કે અકબર કહે છે તેઓ કયામતમાં પોતે જ શિર્ક કરશે ! ત્યારે શિર્કનો એમનો મનઘડત કાયદો ભૂલી જશે !

કયામતમાં સર્વ લોકો (જેમાં આ વહાબીઓ પણ હશે !) જાત જાતના અઝાબમાં હશે, હજી હિસાબ શરૂ થયો ન હશે જેથી કયામતના અઝાબથી છૂટવા અને હિસાબ શરૂ કરવા રબને સિફારિશ કરાવવા માટે લોકો હઝરત આદમ علیہ السلامથી શરૂ કરી છેવટે હુઝૂર ﷺ સુધી મદદ માટે પહોંચશે. **સહીહ હદીષો**માં આ પ્રકારની અગણિત વાતો મળશે. જેમ કે **સહીહ બુખારી**માં કિયામત તથા હિસાબના પ્રકરણ હેઠળ છે : **بینما هی کذالك استغاثوا بآدم ثم بموسیٰ ثم بمحمد صلی الله علیه وسلم**

"લોકો એ જ હાલમાં આદમથી પછી મૂસાથી પછી મુહમ્મદ ﷺથી મદદ માંગશે." રસૂલનું ફર્માન

استغثوا بآدم પર વિચારો, જેમાં હઝરત આદમથી મજાઝી મદદ માંગવું છે, કેમ કે હકીકતમાં જેનાથી મદદ માંગવામાં આવે છે એ અલ્લાહ તઆલાની જાત છે.

### ★ વિસાલ બાદ વસીલા વિશે એક અધિક હદીષ ★

નબીએ કરીમ ﷺની વફાત પછી વસીલાના સહીહ હોવા પર એક દલીલ આ હદીષ છે જેને દારમીએ પોતાની સહીહમાં અબુલ જવઝાઅથી રિવાયત કરી છે. એમણે કહ્યું, મદીના શરીફના લોકો ઘણા જ સૂકા દુકાળમાં સપડાયા તો એમણે હઝરત આઈશા رضی اللہ عنہاથી એની ફરિયાદ કરી. આપે ફર્માવ્યું, હુઝૂર ﷺની કબરને જોઈને ઉપર એક એવી જગા બનાવો કે કબ્ર અને આકાશના વચ્ચે કોઈ છત ન રહે, જેથી એમણે એવું જ કર્યું. (તો વરસાદ થયો અને) હરીયાળી ઉગી નીકળી અને ઊંટો પર ચરબી વધી ગઈ અને એ વર્ષનું નામ જ ''આમ્મુલ ફફક'' પડી ગયું.

અલ્લામા મુરાગી કહે છે કે દુકાળના વખતે રસૂલે પાક ﷺની કબ્ર ઉપર જગા ખુલ્લી બનાવવી અરબના લોકોની આદત બની ગઈ છે. હુજરાએ મુતહ્હરાના કુબ્બાની નીચે પ્રકાશ માટે ખુલ્લી જગ્યા બનાવી આપે છે, ભલે મઝાર મુબારક અને આસમાનના વચ્ચે છત રહી જાય.

સૈયદ સમહૂદી અલ્લામા મુરાગીની આ વાત લખ્યા પછી કહે છે, આજે પણ મદીના શરીફના લોકો ચહેરાએ મુબારકના સામે જે દરવાજો છે એને ખોલી નાખે છે જેનાથી મતલબ કેવળ એ જ હોય છે કે અલ્લાહ તઆલાની બારગાહમાં આપની ઘણી જ ઈજ્જત અને ઊંચો મર્તબો છે, એટલે અલ્લાહ તઆલાની બારગાહમાં આપને વસીલો અને સિફારિશી બનાવવામાં આવે. (આ ત્યારની વાત છે જ્યારે નવો ધર્મ વહાબી નીકળ્યો ન હતો)

''ખુલાસતુલ વફા''માં આપ એ પણ કહે છે કે **નબીએ કરીમ ﷺ અને આપના બુલંદ મર્તબાને વસીલો અને સિફારિશ બનાવવું અંબિયાએ કિરામ, રસૂલો અને પહેલાના નેક લોકોની સુન્નત છે.**

ચારેવ મઝહબના ઘણા આલિમો અને મનાસિકની કિતાબોમાં લખેલ છે : નબીએ કરીમ ﷺની ઝિયારતમાં સુન્નત એ છે કે પોતાના ગુનાહોથી તૌબા અને જરૂરતોને પૂરી કરવા માટે **આપના મઝાર શરીફની તરફ મોઢું કરીને અલ્લાહની બારગાહમાં આપને વસીલો બનાવે અને શફાઅતની દુઆ માંગે.**

### ★ નબી ﷺના વિસાલના ત્રણ દિવસ બાદ સહાબીનું પોકારવું ★

અલ્લામા ઈબ્ને હજરે જૌહરે મુનઝ્ઝમમાં ફર્માવ્યું, અને કેટલાક હુફ્ફાઝ અબૂ સઈદ સમઆનીથી રિવાયત કરે છે કે એમણે અલી બિન અબી તાલિબ رضی اللہ عنہથી રિવાયત કરી :–

નબીએ કરીમ ﷺના **દફનાવ્યાના ત્રણ દિવસ પછી** એક એઅ્રાબી કબ્રે નબી ﷺથી વળગીને આળોટવા લાગ્યો અને પોતાના માથા પર માટી ફેંકવા લાગ્યો અને **વિનંતિ કરી, યા રસૂલુલ્લાહ !** આપે જે ફર્માવ્યું અમે તમારાથી યાદ કર્યું, રબ તઆલાએ તમારા ઉપર આ કલામ નાઝિલ ફર્માવ્યું :–

ولو انهم اذظلموا انفسهم جاؤك فاستغفرو الله واستغفر لهم

الرسول لوجدو الله توابا رحيما۔

"અને જ્યારે એ પોતાની જાન પર જુલ્મ કરે તો **તમારા પાસે આવે અને અલ્લાહથી માફી માગે** અને **રસૂલ એમના માટે શફાઅત કરે તો** જરૂર અલ્લાહને તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન પામશે."

મેં પોતાની જાત પર ઘણો જ જુલ્મ કર્યો અને પોતાના રબથી માફી માગવા તમારી બારગાહમાં હાજર થયો છું. મઝાર શરીફમાંથી અવાજ આવ્યો, "તને માફ કરી દેવામાં આવ્યો છે!"

આ જ હદીષ અલી બિન અબી તાલિબથી બીજી રીતે રિવાયત થઈ છે જેનાથી સમ્આનીની રિવાયતથી પુરાવો મળે છે. અને એ પુરાવો આ હદીષથી મળે છે કે જે સહીહ તરીકાથી નબીએ કરીમ ﷺથી રિવાયત છે, "મારી જિંદગી પણ તમારા માટે સારી છે કે હું તમારાથી અને તમે મારાથી વાત કરો છો, અને મારી વફાત પણ તમારા માટે સારી છે કે **મારી સામે તમારા આમાલ લાવવામાં આવશે જેમાં સારી વાતો જોઈને હું ખુદાની (હમ્દ) તારીફ કરીશ અને ખરાબ કામો જોઈને તમારા માટે માફીની દુઆ કરીશ."**

## ★ ઝિયારત કરનાર સૌની બખ્શિશ થઈ ગઈ ! ★

એના પછી મવાહિબમાં હસન બસરીથી રિવાયત છે, એમણે કહ્યું, હાતિમ અસમે નબીએ કરીમ ﷺના રોઝા મુબારક પાસે ઉભા રહી કહ્યું, "હે મારા રબ ! અમે તારા **નબીની કબ્રની ઝિયારત (મુલાકાત) કરી છે,** અમને નિરાશ કરીને પરત ન કરતો. અવાજ આવ્યો, હે શખ્સ ! અમે તને અમારા હબીબની કબ્રની ઝિયારત કરવાની ઈજાઝત આપી અને તને કબૂલ પણ કરી લીધો. તું અને તારી સાથે ઝિયારત કરવાવાળા બધા જ પાછા જાવ, અમે બધાને જ માફ કરી (બખ્શી) દીધા."

## ★ હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો અકીદો ★

અલ્લામા ખતીબ બગદાદી (વિસાલ : હિ.સ. ૪૬૩) લખે છે કે, ઈમામ શાફઈ *(વિસાલ મુબારક : હિ.સ. ૨૦૪)* જે દિવસોમાં બગદાદમાં હતા તે વેળા ઈમામે આઝમ رضی اللہ عنہને પોતાનો વસીલો બનાવતા, એમની કબ્ર મુબારક પર હાજર થઈ સલામ કરતા પછી એમની જરૂરી હાજત માટે અલ્લાહથી દુઆમાં વસીલો બનાવતા. *(તારીખ ખતીબ બગદાદી, જિ. ૧, પેજ-૧૨૩, બહવાલા કિતાબ બુઝુર્ગો કે અકીદે)*

## ★ સિરાજુલ હિંદ શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہનો અકીદો ★

હઝરત શાહ સાહબ *(વિસાલ મુબારક : હિ.સ. ૧૨૩૯)* પોતાની કિતાબમાં લખે છે કે મદદ માંગવાની રીત એ છે કે જરૂરતમંદ વ્યક્તિ અલ્લાહ તઆલા પાસે એ નેક બંદાની રૂહાનિયતના વસીલાથી માંગે જે એની બારગાહમાં મુકર્રબ અને મુકર્રમ હોય. અને કહે, અય અલ્લાહ ! તારા એ બંદાની બરકતથી કે જેના ઉપર તારી બારગાહમાંથી રહમતો અને ઈન્આમ ઉતરે છે તારી બારગાહમાં ઈજ્જતવાળો દરજ્જો ધરાવે છે તું મારી હાજત પૂરી ફર્માવ." અથવા એ મુકર્રબ (અલ્લાહનો કરીબી નબી, વલી, શહીદ વગેરે ઈનામવાળા) બંદાને પુકારે અને કહે, "અય અલ્લાહના મેહબૂબ બંદા ! અય અલ્લાહના વલી ! મારી શફાઅત (ભલામણ) કરો. અલ્લાહથી દુઆ કરો કે મારો મકસદ પૂરો થઈ જાય."

મુકર્રબ બંદો એ હાજતમંદ અને અલ્લાહ તઆલાની વચ્ચે ફક્ત વસીલો છે. દેવાવાળો, કુદરતવાળો તો ફક્ત અલ્લાહ જ છે. અને જેનાથી સવાલ કરવામાં આવ્યો છે તે અલ્લાહ તઆલા જ છે. એમાં શિર્કનો વહેમ પણ ઉપસ્થિત થતો નથી જેવો કે ન માનનારે વહેમ કરેલો છે. આ રીતે છે કે અલ્લાહના નેક

બંદાઓને, એના દોસ્તોને જાહેરી જિંદગીમાં વસીલો બનાવવામાં આવે છે, એમનાથી દુઆની અરજ કરવામાં આવે છે એ સર્વાનુમતે જાઈઝ છે. તો વફાત પછી તે જ વાત કેમ જાઈઝ ન હોય શકે ? કામિલ બંદાઓની રૂહોમાં જાહેરી જિંદગી અને વફાત પછી ફક્ત એટલો જ તફાવત હોય છે કે (વફાત પછી) એમને વધુ કમાલ, વધુ ખૂબીઓ મળી જાય છે. *(ફતાવા અઝીઝિયાહ, જિ–૨, પેજ–૧૦૮)*

આ ફતાવામાં હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી સાહેબ رضی اللہ عنہએ પોતાનો અકીદો સ્પષ્ટ રીતે જણાવી આપ્યો કે બુઝુર્ગાને દીનને જેવી રીતે એમની જાહેરી જિંદગીમાં વસીલો બનાવવો જાઈઝ છે એવી જ રીતે વિસાલ પછી પણ જાઈઝ છે. અને એમાં શિર્કનો વહેમ જરા પણ ઉપસ્થિત થતો નથી. એટલા માટે કે હકીકતમાં સવાલ અલ્લાહ તઆલાથી કરવામાં આવે છે અને બુઝુર્ગો ફક્ત વસીલો હોય છે.

## ★ વસીલાના મુન્કિરોને અંતિમ વાત ! ★

ત્યારના કાફિરો તથા મૂર્તિઓ વિશે કુર્આનમાં ઉતરેલી આયતો મુસલમાનો પર તથા નબી વલીઓ પર ફિટ કરનારા વહાબીઓ આ આયતને પણ જુએ કે : જ્યારે કુર્આને પાકમાં રબ તઆલા ફર્માવે છે : **''અલ્લાહની રાહમાં વસીલો શોધો.''** તો **શું ખુદા શિર્કનો હુકમ આપી રહ્યો છે ?!** (મઆઝલ્લાહ !) અને હદીષે પાકમાં ખૂદ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું ફર્માન છે : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે, ''બેશક ! અલ્લાહના કેટલાક બંદા એવા છે જેમને લોકોની હાજત પૂરી કરવા માટે નિયુક્ત કર્યા છે જેથી લોકો તેમના તરફ પોતાની હાજતો, ફરિયાદો પેશ કરે છે. *(તિબ્રાની, જામેએ સગીર, ૧/૭૮)*

એટલા માટે જ **અલ્લામા ઈબ્ને હજર મક્કી** رحمۃ اللہ علیہ જેઓ વહાબી ધર્મના જન્મ પહેલાં થઈ ગયા તેમણે સ્પષ્ટ લખ્યું છે કે : ''અવલિયાનું મખ્લૂકને નફો પહોંચાડવાનું એ પણ છે કે તેમની બરકતથી લોકોને માટે વરસાદ થાય છે, ફસાદ ખત્મ થાય છે, નહીં તો જમીન ફાસિદ (ખૂનામરકીનું સ્થળ) બની જાય. *(ફતાવા હદીષિયહ, પેજ : ૨૨૧)*

***હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી*** رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ (મિશ્કાત શરીફની શરહ) **અશિઅતુલ લમ્આત**માં લખ્યું છે કે, ''હઝરત ઈમામ ગિઝાલીએ ફર્માવ્યું કે **જેમનાથી જિંદગીમાં મદદ માગવામાં આવે છે તેમનાથી તેમની વફાત પછી પણ મદદ માગવામાં આવે.** એક બુઝુર્ગે ફર્માવ્યું કે ચાર શખ્સોને મેં જોયા કે તેઓ પોતાની કબ્રમાં પણ પોતાની જિંદગીમાં તસર્રુફ કરતા (અધિકાર ચલાવતા) હતા એનાથી પણ વધુ તસર્રુફ કરી રહ્યા છે. એક જમાઅત કહે છે કે જીવતાઓની મદદ મજબૂત હોય છે પરંતુ હું કહું છું કે મુડદાંઓની મદદ વધુ બળવાન હોય છે. *(અશિઅતુલ લમ્આત બહવાલા સુન્ની કોણ ?)*

હવે અંતિમ વાત કે જે લોકો નબી વલીને પોકારવાને શિર્ક જ સમજે છે તેઓ નમાઝમાંથી અત્તહિય્યાત કાઢી નાખે ! નહીં તો દર નમાઝે શિર્ક થશે ! કેમ કે **અત્તહિય્યાતમાં છે : અસ્સલામુ અલૈક અય્યુહન્નબી !** એટલે **યા (હે) નબી ! આપના પર સલામ ! (એટલે યા નબી સલામ અલૈક). નબી પાક** صلی اللہ علیہ وسلم **તો વિસાલ ફર્માવી ચૂક્યા જેથી તમારા અકીદા પ્રમાણે આ રીતે પોકારવું શિર્કે અકબર છે !** છે મિજાલ કે નમાઝમાંથી અત્તહિય્યાત કાઢો ?!

તો સમજો કે તમારો અકીદો જ ખોટો છે અને અહલે સુન્નત જ હક્ક પર છે, જેથી હે નવા ધર્મવાળા વહાબી, કહેવાતા અહલે હદીષો ! તથા હે દેવબંદીઓ ! હજી સમય છે તૌબા કરી લો અને સાચા અહલે સુન્નત યા'ની મસ્લકે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાવાળા બની જાવ !

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

وَاِذْ

اَخَذَ اللّٰہُ مِیۡثَاقَ النَّبِیّٖنَ لَمَاۤ اٰتَیۡتُکُمۡ مِّنۡ کِتٰبٍ وَّحِکۡمَۃٍ ثُمَّ جَآءَکُمۡ رَسُوۡلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَکُمۡ لَتُؤۡمِنُنَّ بِہٖ وَلَتَنۡصُرُنَّہٗ ؕ قَالَ ءَاَقۡرَرۡتُمۡ وَاَخَذۡتُمۡ عَلٰی ذٰلِکُمۡ اِصۡرِیۡ ؕ قَالُوۡۤا اَقۡرَرۡنَا ؕ قَالَ فَاشۡہَدُوۡا وَاَنَا مَعَکُمۡ مِّنَ الشّٰہِدِیۡنَ ﴿۸۱﴾ فَمَنۡ تَوَلّٰی بَعۡدَ ذٰلِکَ فَاُولٰٓئِکَ ہُمُ الۡفٰسِقُوۡنَ ﴿۸۲﴾ اَفَغَیۡرَ دِیۡنِ اللّٰہِ یَبۡغُوۡنَ وَلَہٗۤ اَسۡلَمَ مَنۡ فِی السَّمٰوٰتِ وَالۡاَرۡضِ طَوۡعًا وَّکَرۡہًا وَّاِلَیۡہِ یُرۡجَعُوۡنَ ﴿۸۳﴾

### ત.....ર્જુ.....મો.....

*''અને યાદ કરો જ્યારે લીધો અલ્લાહ તઆલાએ અંબિયાથી પુખ્તા વાયદો[૮૯] કે કસમ છે તમને એની જે આપુ તમને કિતાબ તથા હિકમતથી, પછી તશરીફ લાવે તમારી પાસે તે રસૂલ જે સમર્થન કરનાર હોય એ (કિતાબો)ની જે તમારી પાસે છે, તો જરૂર જરૂર ઈમાન લાવજો એના પર અને જરૂર જરૂર મદદ કરજો એની. (ત્યારબાદ) ફમાવ્યું, તમે ઈક્રાર કરી લીધો અને ઉઠાવી લીધો એના પર ભારે જિમ્મો ? સૌએ અર્ઝ કરી, અમે ઈક્રાર કર્યો. (અલ્લાહે) ફર્માવ્યું, તો ગવાહ રહેજો, અને હું (પણ) તમારી સાથે ગવાહોમાંથી છું. પછી જે કોઈ ફરે આ (પાકા વાયદા) પછી તો એ જ લોકો ફાસિક છે, શું અલ્લાહના દીનના સિવાય કોઈ અન્ય ધર્મ તલાશ કરે છે.[૯૦] જ્યારે કે તેની સમક્ષ માથુ ઝુકાવી આપ્યું છે દરેક ચીજે જે આસ્માનો અને જમીનમાં છે ખુશીથી કે મજબૂરીથી, અને તેની તરફ તે (સૌને) પરત કરવામાં આવશે.''*

### તફસીર.........

૮૯. હઝરત સૈયદના અલી અને ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَથી મરવી છે કે અલ્લાહ તઆલાએ દરેક નબીથી એ પુખ્તા વાયદો લીધો કે જો તેની મૌજૂદગીમાં સરવરે આલમ વ આલમિયાન મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺનું આગમન થાય તો તે નબી પર લાઝિમ છે તે હુઝૂરની રિસાલત પર ઈમાન લાવીને આપની ઉમ્મતમાં સામેલ થવાનો શરફ હાંસલ કરે અને દરેક રીતે હુઝૂરના દીનનું સમર્થન તથા સહાય કરે. અને સર્વ નબીઓએ આ જ વાયદો પોતપોતાની ઉમ્મતોથી લીધો. અસ્સૈયદુલ મુહક્કિક મહમૂદ આલૂસી સાહબ રૂહુલ મઆનીના કર્તા લખે છે : ''એટલા માટે આરિફોએ ફર્માવ્યું છે કે નબીએ મુત્લક રસૂલે હકીકી અને મુસ્તકિલ શરીઅતને લાવનાર હુઝૂર નબી કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે અને અન્ય સર્વ નબીઓ હુઝૂર ﷺના તાબે છે. *(રૂહુલ મઆની)*

શબે મેઅરાજ સર્વ અંબિયાએ કિરામનું બયતુલ મુકદસમાં એકત્ર થઈને હુઝૂર ફખ્રે કાઈનાતની ઈમામતમાં હુઝૂરની શરીઅતના પ્રમાણે નમાઝ અદા કરવું એ જ મહાન મર્તબાનું વધુ પેજ નં. ૨૦....પર

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ :** હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે બે લાલચુ તૃપ્ત નથી થતા, એક ઈલ્મનો લાલચી જે એનાથી નથી ધરાતો, અને દુનિયાનો લાલચી એનાથી નથી ધરાતો.[૧] આ ત્રણેવ હદીષો બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી અને ફર્માવ્યું કે ઈમામ અહમદે અબૂ દરદાની હદીષના બારામાં ફર્માવ્યું કે લોકોમાં એનુ મતન મશ્હૂર છે પરંતુ એની અસ્નાદ સહીહ નથી.[૨] હઝરત ઔન رضی اللہ عنہ થી[3] રિવાયત છે તે ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદે ફર્માવ્યું કે બે લોભીયા તૃપ્ત નથી થતા, ઈલ્મવાળો અને દુનિયાવાળો, પણ બંનેવ સરખા નથી.[૪] ઈલ્મવાળો તો અલ્લાહની રઝામંદી વધારી લે છે અને દુનિયાવાળો નાફર્માનીમાં વધી જાય છે.[૫] પછી હઝરત અબ્દુલ્લાહે આ આયત તિલાવત ફર્માવી, ખબરદાર થાવ ! યકીનન ! ઈન્સાન સરકશી કરે છે એટલા માટે કે પોતાને બેપરવા સમજે છે. ફર્માવે છે, અને બીજાના બારામાં ફર્માવ્યું કે, અલ્લાહના બંદાઓમાં અલ્લાહથી ઉલમા જ ડરે છે.[૬] (દારમી)

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મારી ઉમ્મતના કેટલાક લોકો ઈલ્મે દીન શીખશે અને કુર્આન પઢશે અને કહેશે કે અમે અમીરોની પાસે જઈએ તેમની દુનિયા લઈ આવીએ અને પોતાનો દીન બચાવી લાવીએ[૭] પરંતુ એવું ન થઈ શક્શે, જેવી રીતે બાવળના ઝાડથી કાંટા જ હાથ લાગે છે એવી જ રીતે માલદારોની નિકટતાથી (મુહમ્મદ ઈબ્ને સબ્બાહે ફર્માવ્યું, મતલબ એ છે કે) ખતાઓ જ હાથ લાગે છે.[૮] (ઈબ્ને માજહ)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે જો ઉલમા ઈલ્મ મેહફૂઝ રાખત[૯] અને તેને અહલ (યોગ્ય પાત્ર) પર જ રજૂ કરતા[૧૦] તો તેની બરકતથી પોતાના જમાનાવાળાઓના સરદાર થઈ જાત[૧૧] પણ તેમણે ઈલ્મ દુનિયાદારો માટે ખર્ચ કર્યો જેથી એના વડે તેમની દુનિયા કમાય, જેથી તેઓ એમના માટે હલકા થઈ ગયા.[૧૨] મેં તમારા **નબીને ફર્માવતાં સાંભળ્યા કે, જે તમામ ગમોને એક આખેરતનો ગમ બનાવી લે તેના માટે અલ્લાહ દુનિયાના ગમોથી પૂરતો થશે, અને જેને દુનિયાના ગમ ચો તરફ લઈને ફરે તો તેની અલ્લાહ પરવા પણ કરશે નહીં કે કયા જંગલમાં હલાક થયો.**[૧૩] અને ઈબ્ને માજહએ રિવાયત કરી અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને ઉમરથી.

### -:: સ....મ....જૂ....તી.... ::-

૧. લાલચ (લોભ)નો અર્થ છે હમેશાં અધિક્તાની ઈચ્છા. દુનિયાવી લાલચ બુરી છે દીની લોભ સારો છે. આલિમ ઈલ્મથી કદી તૃપ્ત નથી થતો, એ અલ્લાહની નેઅમત છે. રબ ફર્માવે છે : قُلْ رَبِّ زِدْنِیْ عِلْمًا દુનિયાદાર દુનિયાથી નથી ધરાતો, જલંધરનો બીમાર પાણીથી નથી ધરાતો. યાદ રાખશો કે આ બધું આપણા માટે છે, હુઝૂર ઉમ્મતના માટે. આ તેમનાથી લઈને નથી ધરાતો અને હુઝૂર આપીને નથી ધરાતા. રબ ફર્માવે છે : حَرِیْصٌ عَلَیْکُمْ શબ્દ એક છે અર્થ અલગ અલગ.

૨. ઈમામ નવવીએ પોતાની ચાલીસ હદીષોમાં ફર્માવ્યું કે અબૂ દરદાની હદીષ ઘણી અસ્નાદોથી રિવાયત પામેલી છે જે સર્વ ઝઈફ છે પણ અસ્નાદોની

અધિક્તા અને ઉલમાના સ્વીકારી લેવાના કારણે આ હદીષ કૃવી (મજબૂત) થઈ ગઈ કેમ કે અસ્નાદોની અધિક સંખ્યાથી ઝઈફ હસન બની જાય છે. તેમજ અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ મક્બૂલ (સ્વીકાર્ય) છે. *(અઝ : મિર્કાત તથા અશિઅતુલ લમ્આત)*

૩. આપ તાબઈ છે. આપે હઝરત ઈબ્ને અબ્બાસ, ઈબ્ને મસ્ઊદ, અબૂ હુરૈરહ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયતો લીધી, અને આપનાથી ઈમામ ઝુહરી તથા ઈમામ અબૂ હનીફાએ રિવાયતો લીધી.

૪. مَنْهُوْمٌ نَهْمٌ થી ખાવાની અધિક લાલચ છે. એટલે કે તાલિબે ઈલ્મ અને તાલિબે દનિયા, લાલચી બંનેવ છે પણ અંજામમાં ફરક છે.

૫. સૂફીઓની બોલીમાં દુનિયાની તલબ જે રબથી ગાફેલ કરે. મુનાફિકોની નમાઝ દુનિયા હતી અને ઉષ્માન ગનીનો માલ અયન દીન હતો. એ જ અહીં મુરાદ છે, જેથી હઝરત સુલૈમાન, હઝરત ઉષ્માન ગની તથા ઈમામે આ'ઝમ અબૂ હનીફા જેવા માલદારોને દુનિયાદાર નથી કહી શકાતા. તેમનો માલ રઝાએ રહમાનનો ઝરીયો હતો.

૬. એટલે કે આવું હું કેવળ મારી રાયથી નથી કહેતો, બલ્કે રબ તઆલાએ દુનિયાદારના માલને જુલ્મ તથા નાફર્માનીના વધારા અને આલિમના ઈલ્મને રહમતની અધિક્તાનો સબબ બતાવ્યો.

૭. એટલે અમુક આલિમો તથા કારી સાહબો વિના જરૂરતે નફસાની લાલચ ખાતર તથા માલ તેમજ ઈજ્જત હાંસલ કરવા માટે ફાસિક માલદારો તથા હાકિમો (રાજકરણીઓ) પાસે આવજા તથા ઉઠક બેઠક રાખશે કેવળ દુનિયાની લાલચથી.

૮. અમારી શરહથી માલૂમ થઈ ગયું કે **માલદારોથી ફાસિક તથા બેદીન માલદારો મુરાદ છે, એમની પાસે આલિમો (પીરો)નું આવવું જવુ દીનના માટે ખતરનાક છે કે તેઓ તેમના પાસેથી પોતાની મરજી પ્રમાણેના ગલત ફત્વા હાંસલ કરે છે. જેમ કે આજે જોવામાં આવી રહ્યું છે કે ફાસિક માલદારો ઈલેકશનના મોકાઓ પર વોટોના માટે આલિમો પીરોનો નાજાઈઝ ઉપયોગ કરે છે. દીનદાર અમીરોની પાસે દીની ફાયદાના માટે ઉલમાનું જવું જાઈઝ બલ્કે ઘણુ જ લાભદાયી છે.** યૂસુફ عليه السلام મિસરના અઝીઝના માલના અફસર રહ્યા. આપની બરકતથી અઝીઝને ઈમાન મળ્યું અને દુનિયાને દુકાળથી છૂટકારો મળ્યો. કાઝી ઈમામ યૂસુફ, હારૂન રશીદ બાદશાહના કાઝીયુલ કુઝા રહ્યા તો આપની બરકતથી બાદશાહને તક્વો નસીબ થયો અને દુનિયા ઈલ્મથી માલામાલ થઈ ગઈ. આ બનાવો આ હદીષની વિરૂધ્ધ નથી. મુહમ્મદ ઈબ્ને મુસ્લિમા ફર્માવે છે કે **પાખાના પર બેસનારી માખી માલદારો તથા હાકિમો (સત્તાધારીઓ)ના દરવાજા પર જનારા આલિમ (પીર) તથા કારી કરતાં સારી છે કે નજાસત લઈને આવે છે અને આ લોકો દીન આપીને અને જુલ્મ લઈને આવે છે.**

૯. એટલે કે ઈલ્મને બેઈજ્જતીથી બચાવતા, એ રીતે કે ખૂદ લાલચ તથા લોભમાં દુનિયાદારોના દરવાજાઓ પર ધક્કા ન ખાતા, કેમ કે આલિમની બેઈજ્જતીથી ઈલ્મની બેઈજ્જતી છે, અને ઈલ્મની બેઈજ્જતી દીનનું અપમાન છે.

૧૦. એટલે કદર કરનારા તથા શરીફ પ્રકૃતિના લોકોને ઈલ્મ શીખવતા.

૧૧. એ રીતે કે બાદશાહ તેમના કદમોની નીચે અને તેમના હુકમો તેમની કલમોની નીચે હોય છે. રબનો વાયદો છે : **وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰت**

૧૨. જાણવા મળે છે કે તાબઈનમાં લાલચી તથા લોભી આલિમ પેદા થઈ ચૂક્યા હતા જેમને જોઈને સહાબા આવું ફર્માવી રહ્યા છે.

૧૩. સુબ્હાનલ્લાહ ! અનુભવ પણ આ હદીષનું સમર્થન કરે છે. **અલ્લાહ તઆલા કોઈ મુસલમાનને બે ગમ તથા બે ચિંતાઓ નથી આપતો, જે દિલમાં આખેરતનો ગમ તથા ફિકર છે ઈન્શાઅલ્લાહ ! તેમાં દુનિયાનો ગમ તથા ફિકર નથી આવતી. દુનિયાની ફિકરો જો આવી પણ જાય તો તેમનું દિલ એની અસર નથી લેતું.** ક્લોરોફોર્મ સૂંઘાડી દેવાથી ઓપરેશનની તકલીફ મેહસૂસ નથી થતી. અલ્લાહ તઆલા આખેરતનો ગમ નસીબ કરે. હઝરત હુસૈન رضی اللہ عنہ એ જ ક્લોરોફોર્મ સૂંઘેલા હતા જેના કારણે કર્બલાની મુસીબતો હસતે મુખે સહી લીધી.



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

(**દલીલુલ આરિફીન** : *મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ*)

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### મહોબ્બતમાં સાચા કોણ ?

સોમવારના દિવસે ક઼દમબોસીનો શરફ હાંસલ થયો. એ દિવસે શેખ શહાબુદ્દીન સુહરવર્દી ખ્વાજાએ અજલ શીરાઝી અને શયખ સૈફુદ્દીન બાખરઝી رحمۃ اللہ علیہم اجمعین ઝિયારતના માટે આવ્યા હતા. એના બારામાં વાત શરૂ થઈ કે મહોબ્બતમાં સાચો કોણ પુરવાર થાય છે. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મહોબ્બતમાં સાચો તે ઠરે છે કે જે દોસ્તના તરફથી મુસીબત આવે તો શોખપૂર્વક તેને ક઼બૂલ કરી લે. ત્યારબાદ શયખ શહાબુદ્દીન સુહરવર્દીએ ફર્માવ્યું કે મહોબ્બતમાં સાચો તે હોય છે કે જેનામાં શોખ તથા ઈશ્તિયાક એટલા પ્રમાણમાં સવાર હોય કે લાખ તલ્વારો પણ તેના માથા પર મારવામાં આવે તો તેને કાંઈ ખબર ન પડે.

ત્યારબાદ ખ્વાજા શીરાઝીએ ફર્માવ્યું કે અલ્લાહની દોસ્તીમાં તે શખ્સ સાચો છે કે જો તેને રજકણ રજકણ કરી દેવામાં આવે અને આગમાં સળગાવીને રાખ કરી દેવામાં આવે તો પણ ઉફ ન કરે.

ત્યારબાદ શયખ સૈફુદ્દીન બાખરઝીએ ફર્માવ્યું કે અલ્લાહની દોસ્તીમાં તે જ શખ્સ સાચો છે કે જેના પર હમેશાં ચોટ વાગે અને દોસ્તના મુશાહેદામાં તે ચોટને ભૂલી જાય અને એના પર કોઈ અસર ન થાય. પછી શયખુલ ઈસ્લામ ખ્વાજા મોઈનુદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે આ વાત શયખ શહાબુદ્દીનમાં જોવા મળે છે, એટલા માટે કે અસ્રારે અવલિયામાં મેં લખેલું જોયું કે એકવાર રાબિઆ બસરિયહ, ખ્વાજા હસન બસરી, માલિક દીનાર અને ખ્વાજા શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہم اجمعین સૌ બસરામાં એક જગાએ બેઠાં હતાં અને સાચી મહોબ્બતના رحمة الله تعالى عليهم اجمعين બારામાં ચર્ચા થઈ રહી હતી. ખ્વાજા હસન બસરીએ ફર્માવ્યું કે મૌલાની દોસ્તીમાં સાચો તે શખ્સ છે કે જ્યારે તેને રંજ તથા દર્દ થાય તો સબ્ર કરે. રાબિઆએ ફર્માવ્યું કે હે ખ્વાજા ! એનાથી ઘમંડની બૂ આવે છે. પછી માલિક઼ દીનારે ફર્માવ્યું કે મૌલાની દોસ્તીમાં તે સાચો છે જે દરેક બલામાં જે દોસ્તના તરફથી એના ઉપર આવે તેનાથી રઝાતલબી કરે અને રાજી રહે. રાબિઆએ કહ્યું, આનાથી બેહતર હોવું જોઈએ.

ત્યારબાદ ખ્વાજા શફીકે ફર્માવ્યું કે મૌલાની દોસ્તીમાં તે શખ્સ સાચો છે કે જો તેને રજકણ રજકણ પણ કરી દેવામાં આવે તો પણ ઉફ ન કરે. રાબિઆએ ફર્માવ્યું કે જ્યારે તેને રંજો ગમ પહોંચે તો તેને તે દોસ્તના મુશાહેદામાં ભૂલી જાય. પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે હું પણ આ વાતનો ઈકરાર કરું છું. શૈખ સઈદુદ્દીન બાખરઝીએ ફર્માવ્યું કે સાચી મહોબ્બત આનુ નામ છે.

(કાર્યાલય)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

## દેવબંદી શયખનો ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર ?!

મૌલ્વી જલીલુર્રહમાન સેવહારવી દારુલ ઉલૂમ દેવબંદના મુફતી હતા, તેમણે શયખુલ ઈસ્લામ નંબરમાં બીજનોર જિલ્લાની એક સભાનું વર્ણન કર્યું છે, એ સભાનું આયોજન કોંગ્રેસ પક્ષે કર્યું હતું, જેમાં મૌલ્વી હુસૈન અહમદ ટાંડવી (મદની) સામેલ થયા હતા. તેમણે લખ્યું છે કે, બરાબર સભા શરૂ થવાના થોડા સમય પહેલાં અચાનક આકાશ પર વાદળાં છવાઈ ગયાં, મોસમનો રંગ જોઈને સભાના આયોજકો ગભરાઈ ગયા, ત્યાર પછી શું થયું તેનું વર્ણન દારુલ ઉલૂમ દેવબંદના મુફતી સાહેબે કર્યું છે, તેને વાંચો :–

*એ દરમ્યાન મને (લેખકને) સભામાં એક માથા ખુલ્લા અને પાગલ જેવા દેખાતા અજાણ્યા શખ્સે અલગ લઈ જઈને કહ્યું કે, મોલ્વી હુસૈન અહમદને કહી દો કે, આ વિસ્તારનો હું સાહિબે ખિદમત છું, અગર તેઓ ચાહતા હોય કે વરસાદ રોકાઈ જાય, તો મારા મારફત તેમને કરવું પડશે. એ જ વખતે હું (મૌલ્વી હુસૈન અહમદ)ના ઉતારે પહોંચ્યો, તો તેઓ અવાજ થતાં બેઠા થઈ ગયા અને તેમણે મારો સંદેશો સાંભળ્યો, અને ગુસ્સાભર્યા ભાવે પોતાની પથારી પર બેઠાં બેઠાં જ કહ્યું કે, જાવ ! કહી દો વરસાદ નહીં થાય ! (શયખુલ ઈસ્લામ નંબર, પેજ : ૧૪૭)*

"બિસ્તરે ઈસ્તેરાહત હી પરસે ઈર્શાદ ફર્માયા" એટલે પથારી ઉપરથી જ કહી દીધું, આ સાફ બતાવે છે કે તેમણે "બારિશ નહીં હોગી"નો હુકમ "આકાશનો રંગ" જોઈને કર્યો ન હોતો, બલ્કે આ હુકમ પાછળ એ જ ગયબી ઈલ્મનો દાવો હતો, એટલે એ કે **પોતાના એ ગયબી ઈલ્મ દ્વારા તેમણે ભવિષ્યની વાત જાણી લીધી અને ખૂબ જ મક્કમતાપૂર્વક કહ્યું કે, બારિશ નહીં હોગી !** અથવા તો **આ બનાવમાં એ હુકૂમતને જાહેર કરવાનો મક઼સદ હતો કે દુનિયાની વ્યવસ્થાનો મૂળ અધિકાર એ મજઝૂબ (પાગલ દેખાતા વલી)ના હાથમાં નહીં, બલ્કે તેમના પોતાના હાથમાં હતો ! તેઓ વરસાદને**

**રોકવા ઈચ્છે તો કોઈની સહાય વિના તેમ કરવાની શક્તિ ધરાવે છે !**

ગમે તેમ હોય બંને બાબતોમાંની કોઈપણ એક બાબત તેમની મઝહબી માન્યતાના અનાદરની બદતર મિષાલ છે, જેમ કે દેવબંદી ધર્મની બુનિયાદી કિતાબમાં લખ્યું છે કે :–

*એ જ પ્રમાણે વરસાદ ક્યારે પડશે એને પણ કોઈ જાણતું નથી. જો કે, એની મોસમ નિયુક્ત હોય છે અને મોટાભાગે મોસમમાં વરસાદ પડે છે પણ ખરો. ઘણાખરા લોકો (ઉર્દૂમાં છે : સારે નબી ઔર વલી ઔર બાદશાહ ઔર હકીમ)ને એની ખ્વાહિશ પણ રહે છે. જો એનો સમય કોઈ રીતે જાણી શકાતો હોત તો કોઈને કોઈએ એને જરૂર જાણી લીધો હોત. –(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૭૦, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

આ સ્થાન પર ફરી હું તમારા ઈમાનની એ રગને છંછેડવા ચાહું છું જ્યાંથી ઈશ્કની ગયરતને જિંદગી મળે છે, તો હક્કની સાથે ઈન્સાફ કરવામાં કોઈનો પક્ષ ન લેશો.

**એક તરફ દુનિયાની વ્યવસ્થામાં શયખે દેવબંદની આ વિશાળ સત્તાને જુઓ અને બીજી તરફ બંને જહાનના આકા મુહમ્મદ મુસ્તફા ﷺની શાને મહબૂબિયત પર તેમની કલમનો ઝાટકો જોઈ લો :–**

*જેમ કે આવું બોલવું ન જોઈએ કે, અલ્લાહ અને રસૂલ (ﷺ) ચાહશે તો ફલાણું કામ થઈ જશે ! કારણ કે આખા જગતનો વહીવટ અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પડે છે.* ***રસૂલ (ﷺ)ના ઈચ્છવાથી કશું થતું નથી !*** *–(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૧૬૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**નોંધ** : આ દેવબંદીઓએ ﷺની જગાએ **"સલ."** જ છાપેલું છે કે જે હરામ છે.

આ પરથી લાગતુ નથી કે, **દેવબંદી વર્ગ અલ્લાહના મહાન રસૂલથી પણ પોતાના શયખને વધુ શ્રેષ્ઠ સમજે છે !** દિલ પર હાથ રાખીને નિર્ણય કરશો.

## શયખે દેવબંદનો ઈખ્તિયાર !

અલ જમીઅતના શયખુલ ઈસ્લામ નંબરમાં મોલ્વી અસદમિયાંએ તેમના પિતાશ્રી મોલ્વી હુસૈન અહમદ ટાંડવીના સંબંધે સાબરમતી જેલમાં બનેલા બનાવનું આલેખન કર્યું છે. આ એ સમયની વાત છે જ્યારે મોલ્વી હુસૈન અહમદ ટાંડવી કોંગ્રેસના સ્વાતંત્ર સંગ્રામમાં જેલમાં નજરબંધ થયા હતા. તેમણે લખ્યું છે કે એ સમયે સાબરમતી જેલમાં એક કેદીને ફાંસીની સજા થઈ ગઈ, આ હુકમ સાંભળીને એ કેદીનું ખૂન સુકાઈ ગયું, મુન્શી મુહમ્મદ હુસૈન નામના બીજા કેદી મારફત તેણે મોલ્વી હુસૈન અહમદને દુઆ કરવાની વિનંતિ કરી ત્યાર પછીનો બનાવ વાંચો :–

*મુન્શી મુહમ્મદ હુસૈન નામના (કેદીએ) હઝરત હુસૈન અહમદને જેને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી તેના છૂટકારા માટે દુઆ કરવા આગ્રહભરી વિનંતિ કરી. ત્યારે હઝરતે ફર્માવ્યું કે, જઈને તેને કહી દીયો કે તે મુક્ત થઈ ગયો ! બે એક દિવસ પસાર થઈ ગયા પછી કેદીને બેચૈની થઈ કે હજી સુધી કોઈ હુકમ આવ્યો નહીં અને ફાંસીની તારીખમાં થોડાક જ દિવસો બાકી રહ્યા છે. મુન્શી મુહમ્મદ હુસૈને*

*ફરી આવીને વિનંતિ કરી. તેના જવાબમાં હઝરતે કહ્યું કે* ***મેં તો કહી દીધું કે તે મુક્ત થઈ ગયો !*** *ત્યાર પછી બે એક દિવસ ફાંસી માટે રહી ગયા હતા, તેવામાં તેના છૂટકારાનો હુકમ આવી ગયો. (શયખુલ ઈસ્લામ નંબર : પેજ : ૧૬૨)*

દુઆની દરખાસ્તના જવાબમાં "રિહા હો જાએગા"ના આશાજનક જવાબની હેસિયત તો સમજમાં આવી શકે છે, પરંતુ "રિહા હો ગયા"ના શબ્દો એ જ ઝબાનથી નીકળી શકે છે જેના હાથમાં ખુદાઈ કુદરતનો કોઈ ડિપાર્ટમેન્ટ હોય અથવા આલમે ગયબની તમામ વ્યવસ્થા જેની નજર સમક્ષ હોય, એ સિવાય એક સમજદાર માનવી એ વાકયનું બીજુ કાંઈ અર્થઘટન કરી શકે તેમ નથી.

**દુનિયાની વ્યવસ્થામાં મોલ્વી હુસૈન અહમદ સાહબ ટાંડવીનો ઈખ્તિયાર અને તસર્રુફ સાબિત કરવા માટે આ બનાવ ઘડવામાં આવ્યો છે, પરંતુ સુલ્તાનુલ કૌનૈન ﷺના ઈખ્તિયાર અને તસર્રુફના સવાલ પર એ શ્રીમાનોનો આ અક઼ીદો મશ્હૂર છે :-**

*આ નામનો કોઈ માણસ ત્યાં માલિક અને મુખ્તાર નથી. જે આ કામોનો મુખ્તાર અને સર્વસત્તાધીશ છે તેનું નામ અલ્લાહ છે, મુહમ્મદ (ﷺ), કે અલી (رضی اللہ عنہ) નથી અને* ***જેનું નામ મુહમ્મદ (ﷺ) કે અલી (رضی اللہ عنہ) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી.***
*-(તક઼વિયતુલ ઈમાન-ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૧૨૩, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

હવે તમે જ બતાવો કે, હક્ક઼ અને બાતિલની રાહમાં અંતર મહસૂસ કરવાને માટે બીજી કોઈ નિશાનીની જરૂરત બાકી રહે ખરી ?!

પેજ નં. **૩૧** નું ચાલુ...

વિગેરેની કાર્યવાહી વહાબી ધર્મમાં નાજાઈઝ કે હરામ હોત તો, તેને તે વ્યકિત કઈ રીતે અંજામ આપી શકે કે જે વહાબી કૌમના શયખુલ ઈસ્લામ, દેવબંદ મદ્રસાના મોહદ્દિષે કબીર, દેવબંદી દુનિયાના પીરે તરીકત રહ્યા હોય !!! છતાં હક઼ીક઼ત તે જ છે જે હું અગાઉ કહી ગયો છું કે, વહાબિયતના અનુમોદન તથા ટેકામાં જૂઠ બોલવું તથા જૂઠ લખવું અમલે સાલેહ(નેક કાર્ય) અને કયારેક બનાવટી હવાલા આપવા સવાબનું કામ થઈ જાય છે, અને બનાવટી ઈબારતો ઘડી કાઢવી દીનની ખિદમત છે ! તેથી જ દેવબંદી મોહદ્દિષ હુસૈન અહમદ ટાંડવી સાહબે કશો પણ ખચકાટ અનુભવ્યા વગર આવું નેક કાર્ય(મનઘડત ઈબારતોવાળુ લખાણ) અંજામ આપ્યું અને તેના બદલામાં દેવબંદી ઉલમા અને વહાબી પેશ્વાઓ પાસેથી "શયખુલ ઈસ્લામ"નો ખિતાબ મેળવ્યો. *(સવાનેહે આ'લા હઝરત)*

સુન્નીઓ ! સમજો ! જે ધર્મમાં એવો અક઼ીદો હોય કે "અલ્લાહ પાક જૂઠ બોલી શકે છે" તે ધર્મવાળા પોતે કેટલા જૂઠા હશે એનો વિચાર કરો ! અને સમજીને તેમનાથી હજી સગાઈ સંબંધ, દોસ્તી, ઉઠક બેઠક હોય તો આજથી જ કટ કરી તૌબા કરી લો અને ઈમાનના આ લૂટારાઓથી દૂર થઈ જાવ એમાં જ તમારી તથા તમારી આવનારી પેઢીની બંને જહાનની ભલાઈ છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સર્વ બદ્‌મઝહબોથી આપણને આપણી ઔલાદને તાક઼યામત પોતાની પનાહમાં રાખે. (આમીન)

**آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم**

હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત

લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ
અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## મુકીમ (સ્થાયી) હોવાની નિય્યત

**મસ્અલો** : મુકીમ થવા માટે શરતો છે. અર્થાત છ બાબતો પૂર્ણ થાય તો જ મુકીમ થએલ ગણાશે. (૧) રસ્તે ચાલવાનું (મુસાફરી અર્થે) છોડી દે, જો ચાલવાની હાલતમાં મુકીમ થવા માટેની નિય્યત કરી તો નિય્યત સહીહ થશે નહીં. અને મુકીમની ગણત્રીમાં આવશે નહીં. (૨) જ્યાં સ્થિર (મુકીમ) થાય તે જગ્યા સ્થાયી થવાને લાયક હોય. જો જંગલ, દરિયા કે વેરાન જગ્યાએ કે વેરાન ટાપુ ઉપર મુકીમ થવાની નિય્યત કરી તો તે સહીહ થશે નહીં અને મુકીમ ગણાશે નહીં. (૩) પંદર દિવસ કે તેથી વધુ રહેવાની નિય્યત કરે એનાથી ઓછાની નિય્યત હશે તો મુકીમ ગણાશે નહીં. (૪) આ રહેવાની નિય્યત ફક્ત એક જ જગ્યાએ હોય જો બે જગ્યાઓ, બે શહેરો બે ગામોમાં થઈને પંદર દિવસ રોકવાની નિય્યત કરી તો મુકીમ ગણાશે નહીં. દા.ત. એક જગ્યાએ ૧૦ દિવસ અને બીજી જગ્યાએ પાંચ દિવસ રોકવાની નિય્યત કરી તો મુકીમ થશે નહીં. (૫) પોતાના ઈરાદા અને નિય્યતમાં પોતે સ્વતંત્ર હોય બીજાને તાબે ન હોય. (૬) એની હાલત એના પોતાના ઈરાદાથી વિરૂદ્ધ ન હોય.

**મસ્અલો** : મુસાફિર જઈ રહ્યો છે અને હજુ શહેર કે ગામમાં પહોંચ્યો નથી અને મુકીમ થવા માટેની નિય્યત કરી લીધી તો મુકીમ થશે નહીં અને પહોંચ્યા પછી નિય્યત કરી તો મુકીમ થઈ જશે ભલે હજુ મકાન વગેરેની શોધખોળ કરી રહ્યો હોય. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જે માણસ બીજાને તાબે હોય તેની પોતાની નિય્યતનો વિશ્વાસ રખાશે નહીં, જેને તાબે છે તેની નિય્યત વિશ્વાસપાત્ર ગણાશે. જેમ કે ધણી ધણીયાણી માટે ધણીની નિય્યતનો ભરોસો થશે, ધણીયાણીની નિય્યતનો નહીં. માલિકની નિય્યતનો વિશ્વાસ ગણાશે, ગુલામ નોકરની નહીં, લશ્કરના સેનાપતિ કે કમાન્ડરની નિય્યત વિશ્વાસપાત્ર ગણાશે સિપાહીની નહીં. તો જો ધણીએ મુકીમ થવાની નિય્યત કરી તો ધણીયાણી (ઔરત) માટે પણ થઈ ગઈ, પરંતુ જો ઔરતે કરી અને તેના પુરૂષે નથી કરી તો ઔરત પણ મુકીમ થશે નહીં. એવી જ રીતે બીજા તાબેદારોના માટે પણ હુકમ છે.

**મસ્અલો** : સ્થાયી માણસ પ્રવાસી (મુસાફિર) ઈમામની પાછળ નમાઝ પઢી શકે છે, અને ઈમામે સલામ ફેરવ્યા પછી પોતાની બાકીની બે રાતો પઢી લે. અને એ રકાતોમાં અલ્હમ્દ શરીફ, સૂરત કંઈ જ ન પઢે. બલ્કે એટલીવાર સુધી ચૂપચાપ ઉભો રહે. (ફક્ત કિરાઅત ન પઢે. બાકી રુકૂઅ, સિજદા, કાયદા વગેરેમાં જે પઢવાનું છે તે પઢે) જેટલીવારમાં અલ્હમ્દ અને સૂરત પઢી શકાય છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : જો મુસાફિર ઈમામ હોય તો તેણે જોઈએ કે નમાઝ શરૂ કરતાં પહેલાં કહી દે કે હું મુસાફિર છું અને ફરી સલામ ફેરવીને તરત જ પણ કહી દે કે તમે લોકો પોતપોતાની નમાઝ પૂરી કરી લો, હું મુસાફિર છું.

**મસ્અલો** : મુસાફિરે મુકીમ (સ્થાયી) ઈમામની ઈક્તેદા કરી તો એ મુસાફિર મુક્તદી ઉપર પણ પહેલો કાયદો વાજિબ થઈ ગયો, ફર્ઝ ન રહ્યો. જેથી જો ઈમામે કાયદો ન કર્યો તો નમાઝ તૂટી નહીં અને મુકીમે મુસાફિરની ઈક્તેદા કરી તો એ મુકીમ મુકતદી ઉપર પણ પહેલો કાયદો ફર્ઝ થઈ ગયો. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલો** : મુસાફિર જયારે પોતાના અસલી વતનમાં પહોંચી જશે ત્યારે તેની મુસાફરી પૂરી થઈ જશે. ભલે પછી તેણે સ્થાયી થવાની નિય્યત ન કરી હોય. વતને અસલી તેને કહેવામાં આવે છે કે જે જગા એનું જન્મ સ્થળ છે અથવા એના ઘરનાં માણસો ત્યાં રહે છે, અને એવો ઈરાદો કરી લીધો છે કે અહિંથી જઈશ નહીં.

વતને ઈકામત તે જગ્યા છે કે મુસાફરે પંદર દિવસ કે તેથી વધુ રહેવાની નિય્યત કરી હોય. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : વતને ઈકામત બીજા વતને ઈકામતને રદ કરી નાખે છે અર્થાત એક જગ્યાએ પંદર દિવસ રહેવાની નિય્યતે રહ્યો પછી બીજી જગ્યાએ, પંદર દિવસ રહેવાની નિય્યતે રોકાયો તો પહેલી જગ્યા હવે વતન ન રહી બંનેની વચ્ચે સફરનો હુકમ લાગુ પડતું અંતર હોય કે ન હોય. *(આલમગીરી, બહારે શરીઅત)*

**મસ્અલો** : જો વતને ઈકામતથી અસલી વતનમાં પહોંચી ગયો, વતને ઈકામતથી સફર કરી ગયો તો, હવે એ વતને ઈકામત તેને માટે વતને ઈકામત ન રહ્યું. અર્થાત હવે એમાં ફરીથી પ્રવેશ કરે અને પંદર દિવસથી ઓછી મુદ્દત સુધી રહેવાની નિય્યત કરે તો તે મુસાફિર જ ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલો** : મુસાફિરે ક્યાંક શાદી કરી લીધી તો તે ત્યાંનો મુકીમ (સ્થાયી) ગણાશે પછી ભલે તેનો પંદર દિવસથી ઓછું રહેવાનો ઈરાદો હોય અને વળી જો બે જુદા જુદા શહેરોમાં તેની બે સ્ત્રીઓ રહેતી હોય તો તે બંને જગ્યાઓએ પહોંચતાં જ ત્યાંનો મુકીમ (સ્થાયી) થઈ જશે.

**મસ્અલો** : **સ્ત્રી શાદી કરીને સાસરીમાં ગઈ અને ત્યાં રહેવા લાગી તો તેનું પિયર (બાપનુ ગામ) તેને માટે વતને અસલી રહેશે નહીં** એટલે કે જો તેનું સાસરીયું ૩ મંઝિલો (૫૪ માઈલ, ૩ ફલાર્ગ) દૂર હોય એવી હાલતમાં જો તે સાસરેથી પિયરે આવી અને જો પંદર દિવસથી વધુ રહેવાની નિય્યત નથી કરી તો તેણે નમાઝ કસર પઢવી પડશે, અને જો પિયરમાં રહેવાનું છોડયું નથી ફક્ત સાસરીયે કામચલાઉ ગઈ તો પિયરમાં આવતાં જ તેની સફર પૂરી થઈ ગઈ અને તેણે નમાઝો પૂરી પઢવી પડશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : ઔરત માટે પોતાના **મહરમ વિના** એકલીએ ત્રણ દિવસથી કે તેથી વધુ લાંબા સયમના અંતરે જવું **નાજાઈઝ** છે. બલ્કે એક દિવસના લાંબા અંતરે પણ નાબાલિગ, બેવકૂફ, અક્કલ વિનાના કે ઘરડા માણસ સાથે પણ સફર કરી શક્તી નથી. એની સાથે બાલિગ મહરમ ધણીનું હોવું જરૂરી છે. *(આલમગીરી, બહાર વગેરે)*

**મસ્અલો** : મહરમ માટે જરૂરી છે કે તે મહાપાપી, વિચાર્યા વિના બકવાસ કરનાર અને જેનાથી ખતરો હોય તેવો ન હોય. *(બહારે શરીઅત)*

**નોંધ** : ઔરત માટે તેનો મહરમ તે માણસ ગણાય છે કે જેનાથી તે ઔરતનો નિકાહ હમેશાં માટે હરામ છે. પછી તે તેના નસબ (ખાનદાની સગાઈ)ને કારણે હોય જેમ કે બાપ, બેટો, પૌત્ર, નવાસો, ભત્રીજો વગેરે..... અથવા પછી દૂધના સંબંધને કારણે હરામ હોય જેમ કે દૂધ શરીકભાઈ, બેટો (છોકરો) વગેરે, અથવા પછી તે ભલે નિકાહના સંબંધને કારણે હોય જેમ કે સસરો, ધણીનો છોકરો વગેરે.

પેજ નં. **૧૨** નું ચાલુ...

અમલી સમર્થન હતું. અને ઈમામુલ અંબિયા વ મુરસલીનની શાનની મહાનતા અને ઈજ્જતની મહાનતાનો સહીહ અંદાજો કયામતના દિવસે થશે જ્યારે આખી ખુદાની મખ્લૂક ખુદાના ડરથી કાંપી રહી હશે અને મુસ્તફા ﷺ લવાએ હમ્દ હાથમાં લઈને મકામે મહમૂદ પર બિરાજમાન થશે.

**اللّٰهم صلى علٰى حبيبك وصفيك صاحب لواء الحمد والمقام المحمود وبارك وسلم واحشرنا فى زمرته وتحت لوائه وارزُقنا شفاعته وادخلنا معه فى الجنة انك سميع الدعاء**

૮૭. જે માલિકે અદ્દો સમાઅના હુકમની સમક્ષ કાઈનાતની દરેક ચીજ સર ઝુકાવેલી છે, ખુશી કે નાખુશીથી, સમજની સાથે કે બેસમજીમાં તેના દરેક થનારા ફર્માનનું પાલન કરી રહી છે, અને જેના તરફ દરેક ચીજ પલટાઈને જનારી છે, શું એ શક્તિમાન તથા કુદરતવાળા ખુદાના દીનના સિવાય કોઈ અન્ય દીન, કોઈ અન્ય જીવન બંધારણની તલાશમાં છે ?! તેઓ કેટલા ગલત કરનારા છે અને નફસના ધોકાથી કેટલા જીવલેણ બીમારીમાં સપડાયેલા છે !

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ નસબંદી કરાવેલ અથવા કરાવવાળાની ઈમામતનો હુકમ ★

"નસબંદી (બાળ જન્મ રોકવા) કરાવવું ઈસ્લામમાં **હરામ** છે." પરંતુ કેટલાક લોકો એવું વિચારતા હોય છે કે જેણે નસબંદી કરાવી લીધી તે હવે જિંદગીભર નમાઝ નથી પઢાવી શકતો, જો કે એવું નથી. પરંતુ જે પ્રમાણે ઈસ્લામમાં અન્ય ગુનાહોની તૌબા છે તે જ પ્રમાણે આ ગુનાહની પણ તૌબા છે.

એટલે કે જેની નસબંદી થઈ ચૂકી છે તે જો સાચા દિલથી એલાનિયા તૌબા (જાહેરમાં તૌબા) કરે અને હરામ કામોથી દૂર રહે તો તેની પાછળ નમાઝ પઢી શકાય છે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૨૭૭)*

### ★ શું જેની સાથે આપસી મન દુઃખ હોય તેની પાછળ નમાઝ થશે નહીં ?! ★

લગભગ એવું થાય છે કે ઈમામ અને મુકતદી વચ્ચે કોઈ દુનિયવી મતભેદ થઈ જાય છે. જેમ કે આજકાલ રાજકિય, સામાજિક, કૌટુંબિક અને નાત ભાઈઓ વચ્ચેના મન દુઃખ અને ઝઘડા કે જેને કારણે લોકો ઈમામની પાછળ નમાઝ પઢવાનું છોડી દે છે અને કારણમાં એવું જણાવે છે કે જેની સાથે દિલ મળેલું ન હોય (મનમેળ ન હોય) તેની પાછળ નમાઝ થશે નહીં. આ તેઓની ગલતફહમી છે અને એવા લોકો ધોકામાં છે.

સાચી વાત એ છે કે જે ઈમામમાં "શરાઈતે ઈમામ" (ઈમામ હોવાની શરતો) જોવા મળતી હોય, તે (ઈમામ) બદ્‌મઝહબ અને ફાસિકે મુઅલ્લીન ન હોય તેની પાછળ નમાઝ દુરુસ્ત (સહી) છે, પછી ભલે તમારો એની (ઈમામ) સાથે દુનિયવી ઝઘડો ચાલુ હોય, તેની સાથે વાતચીત અને દુઆ સલામ બંધ હોય, તેમ છતાં પણ તમે તેની પાછળ નમાઝ પઢી શકો છો. નમાઝની દુરુસ્તગી (સહીહ હોવા) માટે એ જરૂરી નથી કે દુનિયવી વ્યવહારથી મુકતદીનું દિલ ઈમામ સાથે મળેલું હોય. હા ! ત્રણ દિવસથી વધુ એક મુસલમાને બીજા મુસલમાન સાથે નફરત રાખવી અને આપસમાં એકબીજાને ન મળવું શરીઅતની રૂએ ઘણુ જ નાપસંદ કામ છે. હદીષ શરીફમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મુસલમાન માટે એ જાઈઝ નથી કે પોતાના ભાઈને ત્રણ દિવસથી વધુ છોડી દે ! જ્યારે તેનાથી મુલાકાત થાય, તો ત્રણ વખત સલામ કરે, જો તેણે તેનો જવાબ ન આપ્યો તો તેનો ગુનોહ તેના શીરે છે." *(અબૂ દાઊદ, કિતાબુલ અદબ, ભાગ : ૨, પેજ : ૬૭૩)*

પરંતુ તેનો નમાઝ અને ઈમામતથી કોઈ સંબંધ નથી. દુઃખ અને બુરાઈમાં પણ ઈમામની પાછળ નમાઝ થઈ જશે. જે લોકો વ્યક્તિગત દુઃખો (મન દુઃખો)ને આધારે પોતાના નફ્સ અને જાતને કારણે ઈમામોની પાછળ નમાઝ પઢવાનું છોડી દે છે તેઓ ખુદાના ઘરને વેરાન કરવાવાળા અને દીને ઈસ્લામને નુકસાન પહોંચાડવાવાળા છે. તેઓએ ખુદા તઆલાથી ડરવું જોઈએ, મરવા પછીની ચિંતા કરવી જોઈએ. કબ્રની એક એક ઘડી અને કયામતનો એક એક સમય ઘણો જ ભારે પડશે.

હુઝૂર આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃاللہ علیہ ફર્માવે છે : "જે લોકો નફ્સાનિયતને કારણે ઈમામની પાછળ નમાઝ નથી પઢતા અને જમાઅત ચાલુ હોય છતાં તેમાં જોડાય નહીં તેઓ સખત ગુનેહગાર છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૩, પેજ : ૨૨૧)*

### ★ મુક્તદીના માથા ઉપર અમામો હોય અને ઈમામના માથા ઉપર ન હોય ★

જો મુક્તદી માથા ઉપર અમામો જેને સાફો અને

પાઘડી પણ કહે છે બાંધીને નમાઝ પઢે અને ઈમામના માથા ઉપર પાઘડી (અમામો) ન હોય તો તેને કેટલાક લોકો ખૂબ જ ખરાબ સમજે છે અને કેટલાક એમ સમજે છે કે આ પરિસ્થિતિમાં મુક્તદીની નમાઝ દુરસ્ત (સહી) થઈ નથી, આ ખોટી વાત છે.

જો ઈમામને માથે અમામો ન હોય અને મુક્તદીને માથે હોય તો મુક્તદીની નમાઝ દુરસ્ત અને સહી થઈ જશે. આ'લા હઝરત رضی اللہ عنہથી આ મસ્અલો પૂછવામાં આવ્યો તો આપે ફર્માવ્યું, "વાંધા વગર દુરસ્ત છે." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૨૭૩, ઈર્ફાને શરીઅત, પેજ–૪)*

## ★ ઈમામને માટે મુક્રર્રર હોવું કેટલું જરૂરી છે ? ★

આજકાલ ઘણી જગ્યાએ લોકો મસ્જિદમાં કોઈને ઈમામત માટે રાખે છે તો તેનાથી તક્રરીર પણ કરાવે છે. જો તે ધૂમ ધડાકા સાથે, ઉછળી કૂદીને અને હાથ પગ ઊંચા નીચા કરીને જોશીલા અંદાજમાં જઝબાતી તક્રરીર કરે તો લોકો ઘણા જ ખુશ થાય છે અને તેને ઈમામતને માટે પસંદ કરે છે. એટલે સુધી કે અમુક જગ્યાએ તો ખુશહાલી અને સારી અવાજ સાથે નાઅત શરીફ અને નઝમ પઢે તો તેને ઘણો જ સારો ઈમામ હોવાનું વિચારે છે પરંતુ આ બાબત પ્રત્યે ધ્યાન નથી આપતા કે તેનું કુર્આન શરીફ (પઢવું) ખોટું છે કે સાચું ? તેને (ઈમામને) દીનના મસાઈલની જરૂરત મુજબની જાણકારી છે કે નથી ? તેનું ચારિત્ર્ય, રહેણી કરણી ઈમામની જગ્યાને યોગ્ય છે કે નહીં ?

જો તક્રરીર અને બયાન અને સંબોધન વગેરે જો નિયમો અને શરતો (શરઈ)ની સાથે હોય તો તેનાથી દીનને તક્રવિયત (મજબૂતાઈ) પ્રાપ્ત થાય છે અને થયેલ છે, પરંતુ તેમાં પણ કોઈ શક નથી કે દીનદારી, તક્રવાદારી અને ખૌફે ખુદા ખાસ કરીને ઓછું બોલવાવાળા અને સમજદાર પ્રકૃતિવાળા લોકોમાં વધુ જોવા મળે છે. જીભનું જોર અને મોઢાના મજબૂત લોકો બધાં કામ મોં અને જીભથી ચલાવવા ઈચ્છતા હોય છે અને ઈસ્લામ ગુફતાર (બોલચાલ) કરતાં કિરદાર (ચારિત્ર્ય, અમલ)થી વધારે ફેલાયો છે અને આજકાલના વધુ પડતા મૌલ્વીઓ અને ઈમામો માટે તક્રરીરો અને બયાનો કરવાને બદલે તક્રરીર અને બયાન માટેની જવાબદાર ઓલમાએ એહલે સુન્નતની સામાન્ય લોકો સમજી શકે એવી ભાષામાં લખેલ કિતાબોને વાંચીને અવામને સંભળાવવું વધારે યોગ્ય અને બેહતર છે.

ખુલાસો એ કે આજકાલ અમુક જગ્યાએ જે લોકો એવું સમજે છે કે ઈમામને માટે મુક્રર્રર હોવું જરૂરી છે તે લોકોની વિચારસરણી ગલત છે.

## ★ ઈમામનું મુક્તદીઓથી ઊંચા જગ્યા ઉપર ઉભા રહેવું ★

ઘણી જગ્યાએ એ જોવા મળ્યું છે કે નમાઝમાં ઈમામ મુક્તદીઓથી ઊંચી જગ્યા ઉપર ઉભા હોય છે. દા.ત. અંદરની જગ્યા ઊંચી છે અને બહારની જગ્યા નીચી છે અને ઈમામનો મુસલ્લો અંદરની જગ્યા ઉપર છે અને મુક્તદી બહાર છે અથવા બંને અંદરની જગ્યા ઉપર છે પરંતુ ઈમામના મુસલ્લાની જગ્યા ઊંચી બનાવી દેવામાં આવી છે તો આ "મકરૂહ" છે અને આ હાલતમાં નમાઝ પઢવાથી નમાઝમાં કમી આવે છે.

મસ્અલો આ પ્રમાણે છે કે નમાઝમાં ઈમામનું એકલું ઊંચી જગ્યાએ ઉભા રહેવું મકરૂહ છે અને ઊંચાઈનો અર્થ એ છે કે જોવાથી ખબર પડી જાય કે ઈમામ ઊંચો છે અને મુક્તદી નીચે છે, અને આ તફાવત મામૂલી (ઓછો) હોય, તો નમાઝ "મકરૂહે તન્ઝીહી" થાય છે અને વધુ હોય તો "મકરૂહે તેહરીમી" થાય છે. હા, જો પહેલી સફ ઈમામની જગ્યાની બરાબર અને સાથે (જોડાયેલી) હોય અને બાકીની સફો નીચી હોય, તો કોઈ વાંધો નથી અને આ જાઈઝ છે.

આ મસ્અલાની વધુ માહિતી મેળવવા ફતાવાએ રિઝવિય્યહ, ભાગ–૩, પેજ–૪૧૫ જોવું જોઈએ અને આ મસ્અલાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કારણ કે હદીષ શરીફમાં પણ આ બાબત ફર્માવવામાં આવ્યું છે.

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે કે "રસૂલુલ્લાહ ﷺફર્માવ્યું કે જયારે ઈમામ નમાઝ પઢાવે ત્યારે મુક્તદીઓથી ઊંચી જગ્યાએ ઉભો ન રહે.

*–(સુનને અબૂ દાઊદ, ભાગ–૧, પેજ–૮૮)*

# ૧૯મા ફિકહી સેમીનારના ફેંસલા

રજૂકર્તા : **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી** *(સદર મુફ્તી અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

***પાંચમી તથા છઠ્ઠી બેઠક***

*(આયોજીત ૨૧, સફર હિ.સ. ૧૪૩૩, ૧૬ જાન્યુઆરી ઈ.સ. ૨૦૧૨ સોમવાર)*

## ડી. એન. એ. (D.N.A.) ટેસ્ટ ઈસ્લામની દૃષ્ટિએ

### ★ ડી. એન. એ. શુ છે ? ★

પવિત્ર ઈસ્લામી શરીઅતમાં ઔલાદ તથા મા બાપ તેમજ તેમના પૂર્વજોમાં પેઢીઓમાં (નજીકના સંબંધીઓમાં) જુઝવી સંબંધો (લોહીના રિશ્તા)ને માન્યતા આપવામાં આવી છે, ત્યાં સુધી કે વ્યભિચારી સ્ત્રી, પુરૂષ (ઝિનાખોર સ્ત્રી, પુરૂષ)ના મિલાપથી પેદા થનાર બાળકમાં પણ તે સ્ત્રી તથા પુરૂષના અંશો ઉપસ્થિત હોય છે. (બલ્કે બીજા ખાનદાન અથવા કબીલાની કોઈ સ્ત્રીએ અન્ય ખાનદાનના બાળકને બે અઢી વરસની ઉંમરમાં દૂધ પીવડાવ્યું હોય તો પણ તેનાથી લોહીનો સંબંધ (જુઝવી સંબંધ) પેદા થઈ જશે.

આ જ જુઝઈયત (ભાગ હોવું, લોહીનો સંબંધ હોવા)ને મેડિકલ સાઈન્સની ભાષામાં ડી. એન. એ. કહેવામાં આવે છે. અને આવા જ સંબંધો (લોહીના સંબંધો)ની તપાસ તથા ચકાસણીને ડી. એન. એ. ટેસ્ટ કહેવામાં આવે છે. આ તપાસ તથા ચકાસણી દરમ્યાન જે હકીકત સામે આવે છે તેને ડી. એન. એ ટેસ્ટનો રિપોર્ટ કહેવામાં આવે છે. આ છે શરીઅતની દૃષ્ટિએ ડી. એન. એ. નો ટૂંકો પરિચય.

અને આધુનિક સાઈન્સની દૃષ્ટિએ ડી. એન. એ. વાસ્તવમાં અમુક વિશેષ પ્રકારના કીમીયાઈ મિશ્રણ (રાસાયણિક (મિશ્રણ)ને કહેવામાં આવે છે. જેમાં માનવીની ઝાત અથવા તેના મા બાપ તેમજ તેના પૂર્વજો પેઢીઓની જાતને વિશેષ રીતે નિશ્ચિત કરનાર અલગ અલગ પ્રકારના વંશિય અવશેષો (અંશો) ઉપસ્થિત હોય છે. કોઈ પણ વ્યક્તિના આ અવશેષો આખી દુનિયામાં બીજી વ્યક્તિના અવશેષો સાથે મેળ નથી ખાઈ શક્તા, જેમ કે એક વ્યક્તિના અંગૂઠા તથા આંગળીઓનાં નિશાન બીજી વ્યક્તિના અંગૂઠા તથા આંગળીઓનાં નિશાનની સાથે મેળ નથી ખાતાં.

તો કોઈ પણ વ્યક્તિના અંગ અથવા શરીરના કોઈ પણ ભાગમાં એક વિશેષ પ્રકારના તત્વોની તપાસ તથા જાંચનુ નામ ડી. એન. એ. ટેસ્ટ છે. અને તપાસ તથા જાંચ કર્યા બાદ તે અંશો (તત્વો) જેનાં સાબિત થાય તેની સાથે તે તત્વોના મેળાપ તથા જેના ન હોય તેનાથી તે તત્વોના જુદાપણાની ખબરને ડી. એન. એ. ટેસ્ટનો રિપોર્ટ કહે છે. જાનવરોનું ડી. એન. એ. માનવીના ડી. એન. એ. થી અલગ હોય છે, અને અલગ હોવું પણ જોઈએ, કેમ કે બંનેવ અલગ અલગ પ્રકારની જાતિ તથા વર્ગ ધરાવે છે.

ડી. એન. એ. ના સંશોધનથી એ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે ઈસ્લામે ઔલાદ તથા મા બાપના દરમ્યાન જે શારીરિક સમાનતા (ભાગીદારી)ની ખબર આપી હતી ડી. એન. એ. તે રહસ્યમય ખબરનું સંશોધન તથા ખુલાસો છે. જેથી તપાસ જેટલી સાચી તથા યોગ્ય હોય રિપોર્ટ એટલો જ સાચો તથા હકીકત મુજબ હશે.

### ★ ડી. એન. એ. ટેસ્ટ તથા તેની રિપોર્ટ શરીઅતની દૃષ્ટિએ ★

કોઈ વ્યક્તિ માટે શારીરિક સમાનતાને સ્વીકાર

કરવા અથવા તે વ્યક્તિ માટે તેને નકારવાની ખબર એ (ડી. એન. એ.)ની શરઈ હૈસિયત છે. પરંતું આ ખબર માત્ર એક ખબર જ નહીં બલ્કે એક એવી ખબર છે જેના સાચા હોવાનો વારંવાર અનુભવ થઈ ચૂક્યો છે. અને હવે તેમાં મૂળ નિયમોના આધારે ગલતી તથા ભૂલની શક્યતા ઘણી ઓછી બલ્કે ન હોવાના બરાબર છે. જેથી આવી ખબરથી ઝન્ને ગાલિબ (અધિક્તર ગુમાન, ચોક્કસ ધારણા)નો ફાયદો થાય છે. પરંતું શરઈ હુકમ કમસેકમ બે વિશ્વાસપાત્ર માહિર ડોક્ટરો દ્વારા રિપોર્ટ આપ્યા બાદ જ લાગુ કરવો જોઈએ. અને જો પર્સનલ મોબાઈલ મશીન દ્વારા પણ તપાસ કરીને સંતોષ પ્રાપ્ત કરી લેવામાં આવે તે પણ યોગ્ય છે.

શરીઅતમાં તેની મિષાલ (ઉદાહરણ) તે મજબૂત (સચોટ) આધારો તથા દલીલો છે જેનાથી દિલોને સંતોષ પ્રાપ્ત થઈ જાય છે અને શરીઅતે પણ તે પુરાવાઓ તથા દલીલોને એક હદ સુધી માન્ય રાખી છે.

જેમ કે ''હિદાયા''માં કેટલાયે ઉદાહરણો જોવા મળે છે. જેનો ખુલાસો એ છે કે ખાલી ઘરમાં કોઈ વ્યક્તિ દાખલ થઈ અને તે ઘરમાં તેના સિવાય બીજા કોઈના પ્રવેશ કરવાની બિલકુલ શક્યતા નથી કેમ કે ઘરમાં પ્રવેશ કરવા તથા બહાર નીકળવાના તમામ રસ્તાઓ બંધ છે, જેથી નિશ્ચિત રીતે બુધ્ધિ એ ફેંસલો કરશે કે સ્વીકાર કરનાર તે જ વ્યક્તિ છે જે ઘરમાં દાખલ થયો છે. આવા ઉદાહરણોની દષ્ટિએ ડી. એન. એ. ટેસ્ટનો રિપોર્ટ જે આધારથી વધુ નિકટ તથા યોગ્ય છે તે અકલી આધાર (પુરાવો) છે. જેમ કે હોસ્પિટલમાં કોઈ સ્ત્રીએ બાળકને જન્મ આપ્યા બાદ તે બાળક બીજા બાળકોમાં ભેગું મળીને ઓળ ખવું મુશ્કેલ થઈ ગયું. ડી. એન. એ. ટેસ્ટ દ્વારા તે સ્ત્રીના શારીરિક અંશો તે બાળકોમાંના માત્ર એક જ બાળક સાથે મેળ ખાઈ છે, તેના સિવાય બાકી બીજાં બાળકો સાથે મેળ નથી ખાતાં, તો નિશ્ચિત રીતે દિમાગ એ ફેંસલો કરે છે કે તે બાળકની મા તે જ સ્ત્રી છે જેના ડી. એન. એ. તે બાળકની સાથે મેળ ખાય છે. અથવા જેના શારીરિક અંશો તે બાળકમાં ઉપસ્થિત છે તે બાળક તે સ્ત્રી સિવાય બીજી કોઈ સ્ત્રીનું નથી, ત્યાં સુધી કે જે વ્યક્તિ એક બીજાની સાથે સમાનતા ધરાવતા આવા વંશિય અવશેષો (અંશો)ની ઓળખ ધરાવતો હોય અને તેણે સંશોધન દરમ્યાન તેનો વારંવાર અનુભવ કર્યો હોય તો તેવી વ્યક્તિ તેની ગવાહી પણ આપી શકે છે કે આ બાળક ફલાણી સ્ત્રીનું જુઝ (શારીરિક ભાગ) છે.

આ રીતે જોવામાં આવે તો ડી. એન. એ. ટેસ્ટ રિપોર્ટનું સ્થાન (હૈસિયત) અકલી આધાર (બૌધિક કસોટી)નું છે. અને હવે તો હજારો વાર બલ્કે તેનાથી પણ વધુ અસંખ્ય વારના તજરબા તથા અનુભવથી એ વાત નિશ્ચિત થઈ ચૂકી છે કે આ રિપોર્ટ સો ટકા (૧૦૦%) સાચી હોય છે અને તેમાં ભૂલ તથા ગલતીની શક્યતા સામાન્ય રીતે નહીંવત હોય છે. સ્વાસ્થ્ય તથા સાઈન્સી જગતમાં તેની સ્થિતિ આવી જ છે. અને વિશ્વભરની સત્તાઓએ પણ પોતાની સહૂલતના હેતુથી તેના પર (ડી. એન. એ.) વિશ્વાસ કર્યો છે.

હા ! આ રિપોર્ટ સો ટકા સાચી ત્યારે જ હોય છે જ્યારે કે સેમ્પલ સાચો તથા જાળવીને લેવામાં આવ્યો હોય. મશીનથી જે રિપોર્ટ આવે તેને સાચી રીતે વાંચવા તથા સમજવામાં આવે, એક જ અંગની ૧૫ અથવા કમસે કમ ૧૩ જગ્યાએથી ટેસ્ટ લેવામાં આવ્યો હોય, મશીન બરાબર ચાલતુ હોય, ટેસ્ટ પેહલાં તેની ચોક્કસ રીતે સફાઈ કરવામાં આવી હોય, ટેક્નિશ્યન નિષ્ણાત હોય, અનુભવી હોય, કેમિકલ ઉચ્ચ કોટીનાં ઉપયોગ કરવામાં આવ્યાં હોય. જો આ સર્વ વસ્તુઓ નિશ્ચિત રીતે હોય તો તે રિપોર્ટ સાચો હશે. ઉપરોક્ત શરતો મુજબ રિપોર્ટની યોગ્યતા તથા સચ્ચાઈનો આધાર એ પ્રમાણે જ છે જેમ કે શરઈ ફત્વાની સચ્ચાઈ (ખરા હોવા)નો આધાર અમુક શરતો પર આધારિત છે. જેમ કે મુફતીનું ફક઼ીહ હોવું, માહેર તથા અનુભવી મુફતીની ખિદમતમાં રાત દિવસ રહીને ફત્વા લખવાની પ્રક્ટિસ (મશ્અલાની) કરી હોય, સવાલને ધ્યાનપૂર્વક વાંચીને સારી રીતે

સમજી શક્તો હોય, અનુકૂળ તથા વિરોધી જુઝઈયાતમાં (ઉદાહરણોમાં) ચિંતન કરીને (સમજીને) અનુકૂળ (સમાનતા ધરાવતા) જુઝઈયાતો દ્વારા દલીલ તથા પુરાવા આપ્યા હોય તેમ જ પબ્લિકના ઉર્ફ (બોલચાલ, રહેણીકરણી વગેરે) તથા સમયની ધારા પર નજર ધરાવતો હોય, મજબૂરી તથા વિશેષ પ્રકારની પરિસ્થિતિઓથી ગાફિલ ન હોય. આ શરતોના લીધે કોઈ માહિર જિમ્મેદાર મુફતીના ફત્વાની સત્યતા પર કોઈ અસર નથી પડતી. એ જ રીતે ડી. એન. એ. ના માહિર, અનુભવીના રિપોર્ટના ખરા હોવા અથવા ખોટો હોવા પર ઉપરોક્ત શરતોના આધારે કોઈ અસર નથી પડતી.

**★ ઝિના (વ્યભિચાર), બળાત્કાર, કત્લ વગેરે અપરાધોની સાબિતી ડી. એન. એ.થી થઈ શકે છે ? ★**

ડી. એન. એ.ના રિપોર્ટ દ્વારા વ્યભિચાર, ચોરી, કત્લ વગેરે કિસાસ તથા સજા પાત્ર અપરાધોની સાબિતિ થઈ શક્તી નથી, કેમ કે શરીઅતે ઝિનાની સાબિતિ માટે (ઝાની અથવા ઝાનિયાનો) સ્વીકાર, અથવા ચાર દીનદાર પુરૂષોની આંખો દેખી ગવાહીને જરૂરી ઠરાવી છે, તેમજ અન્ય અપરાધોની સજાઓ તથા કિસાસની સાબિતિ માટે સ્વંય ઈકરાર (સ્વીકાર) અથવા બે પુરૂષોની ગવાહી લાઝમી તથા જરૂરી ઠરાવી આપી છે. અને આ (ડી. એન. એ.) રિપોર્ટ સ્વીકાર પણ નથી અને ગવાહી (શહાદત) પણ નથી.

જેથી ડી. એન. એ. ટેસ્ટની રિપોર્ટ દ્વારા ઝિના, ચોરી, કત્લ (હત્યા) વગેરે સજા પાત્ર અપરાધોની સાબિતિ થશે નહીં. હા! તે રિપોર્ટની હૈસિયત (સ્થાન) અકલી આધારની હોય શકે છે, જેથી તે રિપોર્ટમાં અંગ અથવા શારીરિક અંશનો નમૂનો જેનો સાબિત થશે તેનાથી તપાસ તથા પૂછપરછ થઈ શકે છે. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

**એક બાળકના કેટલાયે દાવેદાર (ઉમેદવાર) હોય અને કોઈની પાસે પણ સ્પષ્ટ શરઈ સાબિતિ ન હોય તો આવા બાળકનો વંશ (માતા પિતાની ઓળખ) ડી. એન. એ. વડે ચોક્કસ કરી શકાય ?**

**(અ)** જે બાળકના એકથી વધુ દાવેદાર હોય અને કોઈની પાસે સ્પષ્ટ શરઈ સુબૂત ન હોય તો આવા બાળકનો નસબ (વંશ : માતા પિતાની ઓળખ) ડી. એન. એ. વડે ચોક્કસ કરી શકાય છે.

**(બ)** એ જ પ્રમાણે એકથી વધુ નવજાત બાળકો ભેળસેળ થઈ જતાં તેમની ઓળખ મુશ્કેલ થઈ ગઈ હોય, જેમ કે ક્યારેક ક્યારેક પ્રસૂતિ ગૃહોમાં થઈ જાય છે, તો ડી. એન. એ. ટેસ્ટ દ્વારા આવા બાળકનાં માતા પિતાની ઓળખ તથા વંશ નક્કી કરી શકાય છે.

**(ક)** કોઈ વ્યક્તિ જે પોતાને પોતાના સગા બાપ સિવાય બીજા અન્યને પોતાનો બાપ કહેવામાં શંકા હોય તો ડી. એન. એ. ટેસ્ટ દ્વારા આ પ્રકારની શંકા પણ દૂર કરી શકાય છે.

**(ખ)** એક વ્યક્તિ પર ઝિના (વ્યભિચાર)નો આરોપ લગાડવામાં આવ્યો હોય અને સ્ત્રી બીજા કોઈના નિકાહ અથવા ઈદ્દતમાં ન હોય અને ડી. એન. એ. રિપોર્ટ પોઝેટિવ હોય તો પેદા થયેલ બાળકી આરોપી પર હરામ જઈ જશે.

ટૂંકમાં એ કે ડી. એન. એ. ટેસ્ટનો રિપોર્ટ શરઈ સાબિતિ નથી. તેનું સ્થાન (હૈસિયત) અક્લી કરીના (બૌધિક આધાર)ની છે. જેથી શરીઅતે જે પરિસ્થિતિઓમાં આધારભૂત લક્ષણો (કરાઈન)ને માન્યતા આપી છે એ તમામ પરિસ્થિતિઓમાં આ રિપોર્ટનો પણ સ્વીકાર કરવામાં આવશે અને જે પરિસ્થિતિઓમાં સ્પષ્ટ સબૂત જેમ કે અપરાધીનો સ્વીકાર, અથવા શરઈ ગવાહોની જરૂરત હોય, જેમ કે ઝિના, ચોરી વગેરે, તેમાં આ રિપોર્ટનો એતેબાર થશે નહીં. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

*(હવાલો : અશ્રફિયા મંથલી ઉર્દૂ, મુબારકપુર–યુ.પી., માર્ચ–૨૦૧૨)*

# વહાબીઓ થકી અસલ કિતાબોમાં થતી ઘાલમેલની દાસ્તાન !....

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ★ ઈમામ સખાવીની "અલ કૌલુલ બદીઅ"માં હેરફેર ! ★

ઈમામ શમ્સુદીન સખાવી (વિસાલ : હિ.સ. ૯૦૨) એક મશ્હૂર મુહદ્દિષ, ફકીહ તથા ઈતિહાસકાર થઈ ગયા. દુરૂદ શરીફના ફઝાઈલ પર તેમની કિતાબ "અલ્ કૌલુલ બદીઅ" મશ્હૂર છે. હાલમાં જ દેવબંદીઓએ એ કિતાબનો ઉર્દૂ અનુવાદ પ્રસિધ્ધ કર્યો છે જેમાં તેમણે રસૂલ દુશ્મનીનું પ્રદર્શન કરતાં આ કિતાબમાં કેટલીયે જગાએ હેરફેર કરી નાખી.

**હેરફેર નં. ૧ :** અલ્લામા સખાવી, અબૂબક્ર ઈબ્ને મુહમ્મદથી નક્લ કરે છે કે, "હું હઝરત અબૂબક્ર બિન મુજાહિદની પાસે હતો એવામાં શયખુલ મશાઈખ હઝરત શિબ્લી رحمۃ اللہ علیہ આવ્યા. તેમને જોઈને અબૂબક્ર બિન મુજાહિદ ઉભા થઈ ગયા, તેમનાથી ગળે મળ્યા અને તેમની પેશાનીને બોસો આપ્યો. મેં તેમને અર્ઝ કરી કે મારા સરદાર ! તમો શિબ્લી સાથે આવુ વર્તન કરો છો ?! જ્યારે કે આપ તથા સર્વ બગદાદના ઉલમા એવું ખયાલ કરે છે કે એ દીવાના છે. તેમણે ફર્માવ્યું કે મેં તેવું જ કર્યું જેવું કે હુઝૂરે અકરમ ﷺને કરતાં જોયા. પછી તેમણે પોતાનો ખ્વાબ વર્ણવ્યો કે મને હુઝૂરે અક્દસ ﷺની ખ્વાબમાં ઝિયારત થઈ કે હુઝૂર ﷺની ખિદમતમાં શિબ્લી હાજર થયા તો હુઝૂર ﷺ ઉભા થઈ ગયા અને તેમની પેશાનીને બોસો આપ્યો અને મારા પ્રશ્ન કરવા પર હુઝૂર ﷺએ જણાવ્યું કે, એ દરેક નમાઝ પછી لقد جاء کم رسول من انفسکم છેવટ સુધી (સૂ. તૌબા) સુધી પઢે છે......... ત્યારબાદ ત્રણવાર :–

**صلى الله عليك يا محمد، صلى عليك يا محمد، صلى الله عليك يا محمد**

**સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ ! સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ ! સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ !** પઢે છે. *(અલ કૌલુલ બદીઅ–અરબી, પેજ–૧૭૮, પ્રકાશક : દારુર્રૈયાન લિલ તરાષ–કાહિરા)*

પણ દેવબંદી અનુવાદકે આ રિવાયતના છેવટમાં દુરૂદ શરીફ જે "સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ !"ના પોકાર સાથે છે તેને કટ કરી ઉડાડી મૂક્યું ! કેમ કે નવા ફૂટી નીકળેલા દેવબંદી ધરમમાં કોઈને પણ "યા" વડે પોકારવું શિર્ક છે ! *(જુઓ તેમની આવૃતિ : અલ કૌલુલ બદીઅ, પેજ–૮૭, અનુવાદક : મૌલાના મોઅઝ્ઝમુલ હક્ક, સંપાદક : રઝીઉદ્દીન અહમદ ફખરી, પ્રકાશક : ઈદારતુલ કુર્આન વ ઉલૂમિલ ઈસ્લામિયા, ધી ગાર્ડન–કરાચી)*

**હેરફેર નં. ૨ :** ઈમામ સખાવી رحمۃ اللہ علیہએ 'અલ કૌલુલ બદીઅ'માં લખ્યું છે કે, "અઝાન બાદ સલાતો સલામ પઢવાની બા કાયદા શરૂઆત સુલ્તાનુન્નાસિર સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہના હુકમથી થઈ. એનાથી પહેલાં હાકિમ બિન અઝીઝ કત્લ થયો તો તેની બહેને છ દિવસ પછી હુકમ આપ્યો કે લોકો એના પુત્ર ઝાહિર પર સલામ પેશ કર્યા કરે. એના પછી પણ ખલીફાઓ પર એ જ પ્રમાણે સલામ પઢાવવા લાગી, ત્યાં સુધી કે સુલ્તાન સલાહુદ્દીને પોતાના સત્તાકાળમાં એ ગલત રસમને નાબૂદ કરીને નબી અકરમ ﷺ પર અઝાન બાદ દુરૂદો સલામ પઢવાનો હુકમ આપ્યો, જેનો તેમને ભલો બદલો (જઝાએ ખૈર) નસીબ થાય..... અને સહીહ

એ છે કે બિદઅતે હસના (સારી બિદઅત) છે અને એવુ કરનારને નેક નિય્યતીનો બદલો મળશે." *(અલ કૌલુલ બદીઅ-અરબી, પેજ-૧૯૬-કાહિરા)*

પણ જુઓ ! દેવબંદી અનુવાદકે "બિદઅતે હસના"નો તર્જમો કેવળ "બિદઅત" કર્યો ! અને "હસના" શબ્દ તથા આગળનું લખાણ પોતાના નિફાક઼ (મુનાફિકપણા)ને લીધે ગુલ કરી ગયો ! કે, "એવું કરનારને તેની નેક નિયતીનો બદલો મળશે" વાક્ય ઉડાડી મૂક્યું ! આ છે એ બદનિય્યત અનુવાદકનું કારસ્તાન કે અઝાનની સાથે સલાતો સલામ પઢવાના સદીઓ પહેલાંના મુસ્તનદ હવાલાને શાને રિસાલતથી અદાવત તથા દુરૂદ શરીફથી બેઝારીના કારણે ઉડાડી મૂક્યો ! *(જુઓ દેવબંદી થકી પ્રકાશિત કિતાબ : અલ ક઼ૌલુલ બદીઅ, પેજ-૮૭, અનુવાદક : મૌલાના મોઅઝ઼ઝમુલ હક઼્ક઼, સંપાદક : રઝીઉદ્દીન અહમદ ફખરી-કરાચી)*

**હેરફેર નં. ૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો પગ સુન મારી ગયો તો એક શખ્સે તેમને કહ્યું કે જે તમને સૌથી અધિક મહબૂબ હોય તેનો ઝિક્ર કરો (પુકારો) તો તેમણે પોકાર્યું : "યા મુહમ્મદ !" صلی اللہ علیہ وسلم તો તે જ ઘડીએ તેમનો પગ સાજો થઈ ગયો. *(અલ કૌલુલ બદીઅ-અરબી, પેજ-૨૨૫, કાહિરા)*

પણ દેવબંદી અનુવાદકે આ રિવાયતને પણ એટલે યા રસૂલલ્લાહ ! (صلی اللہ علیہ وسلم) પોકારવાને કટ કરી નાખ્યું અને તેનો તર્જુમો ન કર્યો ! એટલા માટે કે એનાથી જરૂરતના સમયે સહાબાએ કિરામનું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને પોકારવું તથા ફરિયાદ કરવું સાબિત થાય છે, જ્યારે કે નવા ધર્મવાળા દેવબંદીઓ વહાબીઓના ધરમમાં સહાબાએ કિરામના આ અક઼ીદાને શિર્ક ઠરાવવામાં આવેલો છે ! *(જુઓ : અલ ક઼ૌલુલ બદીઅ, પેજ-૧૧૭, અનુવાદક : મૌલાના મોઅઝ઼ઝમુલ હક઼્ક઼, સંપાદક : રઝીઉદ્દીન અહમદ ફખરી-કરાચી)*

આ છે રસૂલના દુશ્મનો તથા ઘાલમેલિયા પ્રવૃત્તિવાળા બદબખ્ત વહાબી દેવબંદીઓ ! જેથી સમજો ! અને તેમનાથી સંબંધોને ખત્મ કરો ! નહીં તો તમને કે તમારી ઔલાદને જહન્નમી બનાવી દેશે. સડેલી કેરીને કોઈ સારી કેરીઓના ઢગલામાં નથી રહેવા દેતું તો આ દિલના સડેલાને સાથે સંબંધ રાખશો તો તમને પણ સડો લાગશે ! (અલ્લાહની પનાહ !)

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

## ★ ગૈર મુક઼લ્લિદો થકી ગુન્યતુત્તાલિબીનમાં હેરફેર ! ★

ગૌષે આ'ઝમ શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની મશહૂર કિતાબ "ગુન્યતુત્તાલિબીન"ના સર્વ ક઼લમી નુસ્ખા તથા પ્રકાશિત થયેલ નુસ્ખાઓમાં તરાવીહની નમાઝના માટે ૨૦ રકાતની સ્પષ્ટતા મળે છે. શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૮૩) લખે છે :-

"અને તરાવીહની ૨૦ રકાતો છે અને દરેક બીજી રકાતમાં બેસે અને સલામ ફેરવે. તો એ પાંચ 'તરવીહા' છે. દરેક ચાર રકાતનું નામ 'તરવીહા' છે અને દરેક બે રકાત બાદ નિય્યત કરે કે હું બે રકાત તરાવીહની નિય્યત કરું છું." *(ગુન્યતુત્તાલિબીન, પેજ-૩૯૬, ક઼ાદરી કુતુબખાના-લાહોર)*

પરંતું પાકિસ્તાનના નામ પૂરતા તૌહીદ પરસ્ત ગૈર મુકલ્લિદ ફિર્ક઼ાએ જ્યારે 'ગુન્યતુત્તાલિબીન'નો નુસ્ખો પોતાના મકતબેથી છપાવ્યો તો એમાં તરાવીહની નમાઝ વિશેના લખાણમાં ઘાલમેલ કરીને આ પ્રમાણે પ્રસિધ્ધ કર્યો કે :-

"અને તરાવીહની વિત્ર સહિત ૧૧ રકાતો છે, અને દરેક બીજી રકાતમાં બેસે અને સલામ ફેરવે." *(ગુન્યતુત્તાલિબીન, પેજ-૫૯૧, મકતબા સઉદિયા, હદીષ મંઝિલ-પાકિસ્તાન)*

વિચારો ! હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના ચાહવાવાળા આ હેરફેર કરેલ લખાણ કિતાબમાં જુએ તો કેટલા ઉલઝનમાં પડી જાય ?! આ છે જૂઠા ધરમવાળાઓની ધોકાબાઝીની એક ઝલક !

**નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.

### ★ કિતાબ ''અલ કૌલુલ હસન''માં હેરફેર ! ★

સૈયદ અબ્દુલ જલીલ તબતબાઈ (વિસાલ : હિ.સ. ૧૨૭૦) બસરાના એક મશહૂર આલિમે દીન તથા શાઈર હતા. આપ રસૂલે કરીમ ﷺની શાન બયાન કરતાં લખે છે :–

**وجعلته روح جثمان الوجود، وسببا لوجود كل موجود**

જેનો ભાવાર્થ છે :–

''(અલ્લાહ તઆલાએ) આપ ﷺની રૂહ મુબારકને તમામ મૌજૂદાતના વજૂદનો સબબ બનાવ્યો.'' *(મતબૂઆ અલ કૌલુલ હસન ફીમા યસ્કબહ વ અમ્મા યસન–કાહિરા)*

સૈયદ તબતબાઈના પૌત્ર સૈયદ ઈબ્રાહીમ તબતબાઈ વહાબી ખયાલની લપેટમાં આવી ગયા તો તેણે જયારે આ નુસ્ખાને છપાવ્યો તો રસૂલુલ્લાહ ﷺની શાનમાં કહેવામાં આવેલ આ લખાણને કટ કરી નાખ્યું. *(અલ કૌલુલ હસન ફીમા યસ્કબહ વ અમ્મા યસન, પેજ–૬૯, પ્રકાશક : અવ્કાસાતે ઈસ્લામિયા–કુવૈત)*

આ હેરફેરનો નિર્દેશ ત્યારે થયો જયારે કે આ છપાયેલા નુસ્ખાની સરખામણી મિસરમાં રાખવામાં આવેલ અસ્લ નુસ્ખા સાથે કરવામાં આવી.

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ ફતાવા રશીદિયામાં હેરફેર ! ★

દેવબંદી પેશવા મોલ્વી રશીદ અહમદ ગંગોહી એક સવાલના જવાબમાં લખે છે :

''................. જે શખ્સ સહાબાએ કિરામમાંથી કોઈની તકફીર કરે (કાફિર કહે) તે મલઊન છે, એવા શખ્સને મસ્જિદનો ઈમામ બનાવવો હરામ છે અને તે પોતાના આ ગુનાહે કબીરાના સબબે સુન્નત જમાઅતથી બહાર ન થશે.'' *(ફતાવા રશીદિયહ, પેજ–૧૩૪, પ્રેસ : ફરીદ બુક ડેપો–દિલ્હી)*

પણ દેવબંદી આલિમો એ વાતને સમજાવવામાં નિષ્ફળ રહ્યા કે કેવી રીતે કોઈ શખ્સ સહાબાએ કિરામની તૌહીન કરીને પણ અહલે સુન્નત વ જમાઅતમાં સામેલ રહી શકે છે ?! તો પોતાના મોલ્વીની આ ગલતીને ઠીક કરવાનો તેમણે એ તરીકો કાઢયો કે ''ફતાવા રશીદિયહ''ની નવી આવૃત્તિમાં એ લખાણમાં હેરફેર કરી નાખી.

ફતાવા રશીદિયહની વિવિધ આવૃત્તિઓમાં એ લખાણ હવે આ પ્રમાણે જોવા મળે છે : ''................. જે શખ્સ સહાબાએ કિરામમાંથી કોઈની તકફીર કરે (કાફિર કહે) તે મલઊન છે, એવા શખ્સને મસ્જિદનો ઈમામ બનાવવો હરામ છે અને તે પોતાના આ ગુનાહે કબીરાના સબબે સુન્નત જમાઅતથી ખારિજ થશે.'' *(ફતાવા રશીદિયહ, પેજ–૧૨૮, ઈદારા ઈસ્લામિયાત–લાહોર)*

***નોંધ** : આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

### ★ કિતાબ ઈમ્દાદુસ્સુલૂકમાં હેરફેર ! ★

દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ કિતાબ ''ઈમ્દાદુસ્સુલૂક''માં નબી કરીમ ﷺનો સાયો (પડછાયો) ન હોવાને તવાતુરથી સાબિત લખ્યું છે :

''અને તવાતુરથી સાબિત થયું કે આં હઝરત ﷺ સાયો ધરાવતા ન હતા અને જાહેર છે કે નૂર સિવાય સર્વ શરીરો સાયો ધરાવે છે.'' *(ઈમ્દાદુસ્સુલૂક–ફારસી, પ્રેસ : મુરાદાબાદ, યુ.પી., પેજ–૧૦૧)*

''તવાતુર''ની વ્યાખ્યામાં મોલ્વી ફઝલુલ્લાહ હિસામુદ્દીન શામઝઈ દેવબંદી લખે છે : ''જેને એટલી અધિક સંખ્યામાં રાવીઓ રિવાયત કરે કે જેમનું જૂઠ પર એકત્ર થવું બૌધ્ધિક દષ્ટિએ અશક્ય હોય.'' *(તફહીમુર્રાવી ફી શરહે તક્રીબુન્નવવી, પ્રેસ : મકતબે જામિઆ ફરીદિયા–ઈસ્લામાબાદ, પેજ–૩૬૮)*

''તવાતુર'' શબ્દની વ્યાખ્યા પરથી જાણવા મળ્યું કે **હુઝૂરે અકરમ ﷺનો પડછાયો ન હોવું**

**એટલા બુઝુર્ગોથી સાબિત છે કે જેનો ઈન્કાર નથી થઈ શક્તો.** પણ પોતાના અકીદાની વિરૂધ્ધની આ વાત દેવબંદીઓ શી રીતે સહન કરી શકે ?! જેથી તેમણે પોતે છપાવેલ તર્જુમામાં "તવાતુર" શબ્દનો અર્થ "શોહરત" (ખ્યાતિ) કરી નાખ્યો ! એટલે કે "તવાતુર"થી સાબિત નથી બલ્કે એવું મશહૂર છે કે આપ ﷺનો સાયો ન હતો. જેમ કે કિતાબ ઈમ્દાદુસ્સુલૂક, છપાયી : મદીના પબ્લિશિંગ કંપની, કરાચીથી પ્રસિધ્ધ થયેલ તર્જુમામાં દેવબંદી મોલ્વી આશિક્ ઈલાહી લખે છે :–

"અને શોહરતથી સાબિત છે કે આ હઝરત ﷺનો સાયો ન હતો." *(ઈમ્દાદુસ્સુલૂક, પ્રકાશક : મદીના પબ્લિશિંગ કંપની, કરાચી, પેજ–૧૮૫)*

"શોહરત"ની વ્યાખ્યામાં દેવબંદી મોલ્વી ખાલિદ મહમૂદ લખે છે : "જેના રાવી સનદની શરૂઆતથી છેલ્લી સનદ સુધી બે કે બેથી વધુ રહ્યા હોય પરંતું "તવાતુર" પર ન પહોંચ્યા હોય." *(આષારુલ હદીષ, અઝ : મોલ્વી ડો. ખાલિદ મહમૂદ, ભાગ–૨, પેજ–૧૩૫, ૧૩૬)*

દેવબંદીઓએ મોલ્વી રશીદ અહમદ ગંગોહીના લખાણમાં શબ્દ "તવાતુર"નો તર્જુમો "શોહરત" એટલા માટે કર્યો કે હુઝૂર ﷺની આ વિશિષ્ટતા (કે સાયો ન હતો)ને એ રીતે રદ કરી આપે કે એ તાવતુરથી સાબિત નથી એટલા માટે અમારા માટે દલીલ પાત્ર નથી !

***નોંધ :*** *આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

## ★ ખૂદ થાન્વીની નશરુત્તૈયિબ ફી ઝિક્રિલ હબીબમાં હેરફેર ! ★

દેવબંદીઓના હકીમુલ ઉમ્મત મોલ્વી અશરફઅલી થાનવી લખે છે : "હિસ્ને હસીનના ખૂદ ખુત્બામાં લખ્યું છે અને કસીદા બુર્દા લખવાનુ કારણ એ છે કે કસીદા બુર્દાના લેખકને લકવાની બીમારી થઈ ગઈ હતી. જ્યારે કોઈ તદબીર અસરકર્તા ન બની તો આ કસીદો બરકતના ઈરાદાથી લખ્યો અને હુઝૂર ﷺની ઝિયારતથી મુશર્રફ થયા. આપે દસ્તે મુબારક ફેરવી આપ્યો અને તુરત જ સારુ થઈ ગયું." *(નસરુત્તૈયિબ ફી ઝિક્રિલ હબીબ, પેજ–૨, પ્રકાશક : વર્લ્ડ ઈસ્લામિક પબ્લિકેશન્સ, દિલ્હી)*

ઈમામ જઝરી શાફઈ (વિસાલ : હિ.સ. ૮૩૩)ની કિતાબ 'હિસ્ને હસીન'ના **આ લખાણથી રસૂલુલ્લાહ ﷺનું દાફિઉલ બલા (બલાઓને દૂર કરનાર) હોવું સાબિત થાય છે.**

યાદ રાખશો કે "દુરૂદે તાજ"માં હુઝૂર ﷺને **દાફિઉલ બલા** કહેવાના કારણે મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ પોતાની રસૂલ દુશ્મની પ્રદર્શિત કરતાં 'દુરૂદે તાજ' પર વાંધો ઉઠાવ્યો હતો.

**નોંધ** : આ મસ્અલાની અધિક તેહકીક્ માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ 'અલ્અમ્નો વલ ઉલા'નો અભ્યાસ કરો.

વર્તમાનકાળના દેવબંદી મોલ્વીઓએ "નશરુત્તૈયિબ"ના આ લખાણને નવી આવૃત્તિ છપાવી એમાંથી મુદલ **હટાવી નાખ્યું** છે ! *(નશરુત્તૈયિબ, પ્રકાશક : દારુલ કિતાબ–દેવબંદી)*

આ કિતાબમાં પ્રકરણ–૨૧ હેઠળ હુઝૂર ﷺની શાનમાં એક લાંબા કસીદાના પ્રારંભમાં આ શેઅરો જોવા મળે છે :

**દસ્તગીરી કીજિયે મેરે નબી !**
**કશ્મકશમેં તુમ હી હો મેરે નબી !**

*(નશરુત્તૈયિબ ફી ઝિક્રિલ હબીબ, પેજ–૧૯૪, વર્લ્ડ ઈસ્લામિક પબ્લિકેશન્સ, દિલ્હી)*

પરંતું કેમ કે **આ શેઅરથી ઈસ્તિમદાદ (મદદ માગવાનો) અકીદો સાબિત થાય છે, અને દેવબંદી ધરમમાં આ મદદ માગવી શિર્ક છે, એટલા માટે નવી આવૃત્તિના પ્રકાશનમાં એ કસીદાને જ હટાવી નાખ્યો !**

***નોંધ :*** *આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

અહલે સુન્નત આગલા બુઝુર્ગોની કિતાબોમાં તો આ દેવબંદીઓ પોતાની માન્યતાને સહીહ ઠરાવવા મોટાભાગે હેરફેર તથા ઘાલમેલ કરતા રહે છે જેમ કે અગાઉ કેટલાક નમૂના તમે જોઈ લીધા, પણ **આ લોકો ખૂદ તેમના જ મૃત્યુ પામેલા મોલ્વીઓના લખાણોમાં પણ ક્યારેક ક્યારેક હેરફેર તથા ખયાનત કરવા લાગ્યા છે ! એમની આ કાર્ય પધ્ધતિ જ તેમનુ બાતિલ તથા બાતિલ પરસ્ત હોવું પુરવાર કરે છે.**

**★ દેવબંદી કિતાબ તહઝીરુન્નાસમાં હેરફેર ! ★**

મશહૂર દેવબંદી આલિમ મોલ્વી કાસિમ નાનોત્વી લખે છે : "અંબિયા પોતાની ઉમ્મતમાં વિશિષ્ટ હોય છે તો **ઈલ્મમાં જ વિશિષ્ટ** હોય છે, બાકી રહ્યો અમલ તો એમાં ઘણીવાર જાહેરી રીતે **ઉમ્મતી બરાબર થઈ જાય છે બલ્કે વધી જાય છે..........**" *(તહઝીરુન્નાસ, પેજ–૮, પ્રકાશક : દારુલ કિતાબ દેવબંદ)*

જો કે મુસલમાનોનો એ અકીદો છે કે નબી તથા ઉમ્મતી વચ્ચે કોઈ સરખામણી નથી કરી શકાતી. અંબિયા عليهم السلام દરેક અમલ, ખૂબી તથા મર્તબાઓમાં ઉમ્મતીઓથી વિશિષ્ટ હોય છે.

દેવબંદીઓ જ્યારે પોતાના આલિમની ઉપરોક્ત બરાબરીવાળા લખાણની તાવીલ કરવાથી લાચાર રહ્યા તો તેમણે એ લખાણમાં જ ફેરફાર કરી નાખ્યો ! ઘાલમેલવાળા નુસ્ખામાં હવે એ લખાણ આ પ્રમાણે જોવા મળે છે :–

"..............અંબિયા પોતાની ઉમ્મતથી વિશિષ્ટ હોય છે, બાકી રહ્યો અમલ, એમાં ઘણીવાર જાહેરી રીતે ઉમ્મતી બરાબર થઈ જાય છે બલ્કે વધી જાય છે..........." *(તહરઝીરુન્નાસ, પેજ–૮, ફૈસલ પબ્લિકેશન્સ–દેવબંદ)*

અહીં દેવબંદીઓએ અસલ લખાણમાંથી "ઈલ્મોમાં જ વિશિષ્ટ હોય છે" ને ગાયબ કરી આપ્યું અને પોતાના પેશવાના બાતિલ અકીદાને છુપાવવાની નિષ્ફળ કોશિશ કરી.

***નોંધ :*** *આ દરેકની અસલ ઝેરોક્ષ કોપીઓ જોવા માટે કિતાબ 'તહરીફાત'નો અભ્યાસ કરવો.*

**★ અસ્તિત્વ જ ન હોય એવી કિતાબની જલાલુદ્દીન સિયૂતિથી નિસ્બત ! ★**

કહે છે ને કે 'એક જૂઠ છુપાવવા સો જૂઠ બોલવાં પડે' તેમ અહીં દેવબંદીઓ પોતાનો જૂઠો અકીદો સાચો ઠરાવવા આગલી કિતાબોમાં કેવીક ઘાલમેલ કરે છે તે તો જોયું, પણ હવે મહાન બુઝુર્ગ પ્રતિ મનઘડત કિતાબની જૂઠી નિસ્બત જોડી પોતાના બાતિલ મઝહબની સાબિતી શોધે છે !

જુઓ ! મોલ્વી સરફરાઝખાન સફદર દેવબંદી પોતાની કિતાબમાં લખે છે :–

"ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمة الله عليه લખે છે : તે હદીષો જેમનામાં મોઅઝ્ઝિન થકી કલ્મએ શહાદતમાં આં હઝરત صلى الله عليه وسلمનું નામ સાંભળતી વેળા આંગળીઓ ચૂમવા તથા આંખો પર રાખવાનો ઝિક્ર આવ્યો છે તે તમામે તમામ બનાવટી (મૌઝૂઅ) તથા મનઘડત છે." (બનાવટી) હવાલો : તયસીરુલ મકાલ, અઝ : સિયૂતી, પેજ–૧૨૩, બહવાલા અમાદુદ્દીન, પ્રકાશન વર્ષ : ઈ.સ. ૧૯૭૮ *(રાહે સુન્નત, સરફરાઝખાં દેવબંદી, પેજ–૨૪૩, પ્રકાશક : મકતબે સફદરિયા, ગુજરાનવાલા–પાકિસ્તાન)*

**વાંચકો વિચારો**! દેવબંદી મોલ્વી સરફરાઝખાને ઈમામ જલાલુદીન સિયૂતીની અસલ કિતાબને જોઈ પણ નથી બલ્કે એક બીજી કિતાબ "અમાદુદ્દીન" પેજ–૧૨૩ નો હવાલો આપ્યો.

**વાંચકોને એ જાણીને આશ્ચર્ય થશે કે ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈ رحمة الله عليهએ "તયસીરુલ મકાલ" નામથી કોઈ કિતાબ લખી જ નથી !** આ ઘાલમેલિયા દેવબંદીઓએ ન કેવળ બનાવટી કિતાબ ઈમામ સ્યૂતીના નામે ઘડી કાઢી બલ્કે એક

લખાણ પણ ઘડી કાઢીને એ કિતાબથી જોડી આપ્યું ! સૌથી પહેલો શખ્સ જેણે ઈમામ સ્યૂતી પ્રતિ આ જૂઠી બનાવટી કિતાબ સંબંધિત કરી તે બશીરુદ્દીન કનોજી (મૃત્યુ : હિ.સ. ૧૨૩૪) નામના એક ગૈર મુક઼લ્લિદ મોલ્વીએ પોતાની કિતાબ ''બશારતુલ અયનયન ફી મનઅિ તકબીલિલ અબહામીન''માં તયસીરુલ મક઼ાલ નામની એક બનાવટી કિતાબને ઈમામ જલાલુદ્દીન સિયૂતિના તરફ સંબંધિત કરી !

હાજી ખલીફાએ પોતાની મશ્હૂર કિતાબ ''કશ્ફુલ ઝનૂન''માં ઈમામ સિયૂતિની કિતાબોની જે યાદી આપી છે એમાં ''તયસીરુલ મક઼ાલ'' નામની કિતાબનું અસ્તિત્વ જ નથી.

**નોંધ** : અંગૂઠા ચૂમવા સંબંધે હદીષોની સંપૂર્ણ ચર્ચા જાણવા માટે ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہની કિતાબ ''મુનીરુલ અયન ફી હુક્મિ તક઼બીલિલ્ અબ્હામીન''નો અભ્યાસ કરે. –પ્રકાશક : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા–પોરબંદર, ગુજરાત.

### ★ દેવબંદી ધર્મમાં જે જેટલો મોટો એટલો અધિક જૂઠો ! ★

મલિકુલ ઉલમા હઝરત અલ્લામા બદરુદ્દીન બિહારી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''સવાનેહે આ'લા હઝરત'' માં વહાબીઓના શયખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ ટાંડવીના ફરેબનું ચિત્ર ખેંચતાં લખ્યું છે કે :–

''દુનિયામાં વહાબી એક એવી કૌમ છે કે, **જેના મઝહબમાં વહાબિયતના અનુમોદનમાં જૂઠ લખવું ફક્ત જાઈઝ કે હલાલ નહીં પરંતુ સવાબનું કામ, નેક અમલ અને દીનની ખિદમત છે.** તેથી જો કે,''શેહાબુષાકિબ''ના સંપાદક હુસૈન અહમદ ટાંડવી દેવબંદીઓના ન ફક્ત એક પેશ્વા એક પીર છે બલ્કે વહાબીઓના 'શયખુલ ઈસ્લામ', મોહદ્દિષે કબીર (મહાન મોહદ્દિષ) છે તેથી જૂઠ બોલવા જૂઠ લખવામાં પોતે અગ્રિમતા ધરાવે છે. ''શહાબુષકિબ''માં ૧૨૫ થી વધુ જૂઠાં લખાણો જોવાં હોય તો ''રદ્દે શેહાબુષાકિબ'' મુફ્તી શાહ અજમલ સાહબ સંભલી رحمۃ اللہ علیہનું વાંચન કરી જશો. હદ તો ત્યારે થઈ કે પોતાના કુફ્રી અકીદાઓના અનુમોદનમાં પોતાને મન ફાવતી (દિલમાં આવી તેવી) ફર્ઝી (બનાવટી) બે (કિતાબો) પણ ઘડી લીધી. એ પછી એ બનાવટી કિતાબોના હવાલા રજૂ કરતાં લખ્યું છે કે :–

**હવાલો : (૧)** ''જુઓ જનાબ શાહ હમઝા સાહબ મારહરવી મર્હૂમ 'ખઝીનતુલ ઔલિયા' મુદ્રાણાલય, કાનપુર, પાના નં ૧૫માં લખે છે કે.......'' *(શેહાબુષાકિબ)*

**હવાલો : (૨)** મૌલ્વી રઝાઅલી (ઈમામ અહમદ રઝાના દાદા) ''હિદાયતુલ ઈસ્લામ'' મુદ્રાણાલય સુબ્હ સાદિક સીતાપુર, પાના. ૩૦માં ફર્માવે છે કે ........*(શેહાબુષાકિબ)*

તો દરેક ખાસ તથા આમે જાણવું જોઈએ કે, ન તો આ'લા હઝરતના દાદાપીર હુઝૂર સૈયદ હમ્ઝા મારહરવી رحمۃ اللہ علیہએ ખઝીનતુલ ઔલિયા નામની કોઈ કિતાબ લખી છે ! અને ન તો આ'લા હઝરતના દાદા હઝરત મૌલાના રઝા અલીખાં બરેલ્વી رحمۃ اللہ علیہએ 'હિદાયતુલ ઈસ્લામ'નામની કોઈ કિતાબનું સંપાદન કર્યું છે ! પ્રસ્તુત બંને હવાલાઓવાળી કિતાબનું દુનિયાભરમાં કયાંયે નામો નિશાન નથી. આ ફકત દેવબંદીના શયખુલ હદીષ હુસૈન અહમદ ટાંડવી સાહબના નવી વાત ઉપજાવનાર ભેજાની ઉપજ છે કે તેમણે પ્રસ્તુત બન્ને ખ્યાલી કપોળ કલ્પિત કિતાબોનાં નામ ઘડયાં, એટલુ જ નહીં પણ તે કિતાબના લેખકની સાથો સાથ મુદ્રણાલયો અને પાનાંઓ સહિત હવાલા ઘડી કાઢવાની કુચેષ્ટા સુધી પહોંચી ગયા !

જો પ્રસ્તુત કાર્યવાહી (બનાવટી ઈબારતો–લખાણ) વધુ પેજ નં. ૧૮....પર

# ઝકાત સંબંધી
## અગત્યની પ્રશ્નોત્તરી

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરીઅતના મુફતીઓ નીચેના મસાઈલના બારામાં કે :–

**સવાલ નં. ૧** : ઝકાતની હકીકત શું છે ?

**જવાબ નં. ૧** : બેનિયાઝ ખુદાએ પોતાના મોહતાજ તથા ફકીર (ગરીબ) બંદાઓના માટે માલદારોના માલમાં થોડો સરખો હિસ્સો નિશ્ચિત કર્યો છે જેથી એના વડે એમની જરૂરતો પૂરી થાય અને માલદારોનો માલ પણ સુથરો તથા બરકતવંત થઈ જાય. એ ખાસ માલનું નામ શરીઅતની રૂએ ઝકાત છે. કુર્આને હકીમમાં અલ્લાહ ﷻ એ આ હકીકતને આ પ્રમાણે જાહેર કરી છે :–

اِنَّمَا الصَّدَقٰتُ لِلۡفُقَرَآءِ وَالۡمَسٰکِیۡنِ وَالۡعٰمِلِیۡنَ عَلَیۡهَا وَالۡمُؤَلَّفَةِ قُلُوۡبُهُمۡ وَفِی الرِّقَابِ وَالۡغٰرِمِیۡنَ وَفِیۡ سَبِیۡلِ اللّٰهِ وَابۡنِ السَّبِیۡلِ ؕ فَرِیۡضَةً مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِیۡمٌ حَکِیۡمٌ ۔

"સદકાઓ ફકીરો (ગરીબો) તથા મિસ્કીનો માટે છે અને તેમના માટે જેઓ આ કામ માટે નિયુક્ત છે, અને તે જેમના દિલોને આકર્ષવાનો મકસદ છે. અને ગુલામોમાં અને તાવાનવાળાના માટે અને અલ્લાહની રાહમાં અને મુસાફિરના માટે. એ અલ્લાહના તરફથી નિશ્ચિત કરવું છે અને અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે." *(સૂ. તૌબા, આ. ૬૦, પા. ૧૦)*

નબી પાક ﷺની હદીષોમાં પણ આ હકીકત પર પ્રકાશ વેરવામાં આવ્યો છે. અમુક આ પ્રમાણે છે :–

★ ઈમામ અહમદે ષિકાહ રાવીઓની રિવાયતોથી અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અકદસ ﷺ ફર્માવે છે, તારા માલની ઝકાત કાઢ કે તે પાક કરનારી છે, તને પાક કરી આપશે અને સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ કર અને મિસ્કીન તથા પડોશી તેમજ સાઈલ (માગનાર)નો હક્ક ઓળખ."

★ અબૂ દાઊદે હસન બસરીથી મુરસલન, અને તિબ્રાની તથા બયહકીએ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ ની એક જમાઅતથી રિવાયત કરી કે હુઝૂર ﷺ ફર્માવે છે કે ઝકાત આપીને પોતાના માલોને મજબૂત કિલ્લાઓમાં કરી લો, અને તમારા બીમારોનો ઈલાજ સદકાથી કરો અને બલા નાઝિલ થવા પર દુઆ અને રૂદન તથા આજીજીથી મદદ ચાહો.

તેમજ તિબ્રાની, અનસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, કયામતના દિવસે માલદારોના માટે મોહતાજોના હાથો વડે ખરાબી છે. મોહતાજો અર્ઝ કરશે, અમારા હક્કો જે તેં એમના પર ફર્ઝ કર્યા હતા તે તેમણે જુલ્મી રીતે ન આપ્યા. અલ્લાહ ﷻ ફર્માવશે, મને કસમ છે મારી ઈજ્જત તથા જલાલની કે તેમને મારો કુર્બ (નઝદીકી) અતા કરીશ અને તેઓને દૂર રાખીશ.

ફકીહો ફર્માવે છે, ઝકાતના સાત હક્કદારો છે : ફકીર (ગરીબ), મિસ્કીન, આમિલ, રકાબ, ગારિમ, ફી સબીલિલ્લાહ, ઈબ્નુસ્સબીલ. મુઅલ્લિફતુલ કુલૂબનો હુકમ મન્સૂખ થઈ ચૂક્યો છે અને રકાબ હવે જોવા નથી મળતા એટલા માટે કુલ હક્કદાર છ રહી ગયા. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૨** : ઝકાત અદા થઈ ગઈ એ ક્યારે માનવામાં આવશે ?

**જવાબ નં. ૨** : જ્યારે ઝકાતની રકમ ફકીર કે મિસ્કીન મુસલમાનના હાથમાં પહોંચી જાય અને

અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** *(સદર મુફતી : જામીઆ અશરફિયા–મુબારકપુર)* / અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

સાથોસાથ એને માલિક પણ બનાવી દેવામાં આવે તો માનવામાં આવશે કે ઝકાત અદા થઈ ગઈ. હા ! જે ફકીરો તથા મિસ્કીનોનો શરીઅતે ઝકાત આપવાથી મના કરેલ છે તેમને ન આપે, નહીં તો ઝકાત અદા થશે નહીં જેમ કે સૈયદ, હાશમી, મા, બાપ, પુત્રી, પુત્ર.... વગેરે અસલ તથા શાખ, કે એઓ ઝકાતના હક્કદાર નથી, જૌહરા, તન્વીર તથા આલમગીરીમાં છે :–

''ઝકાત અદા કરવામાં એ જરૂરી છે કે જેને આપે તેને માલિક બનાવી આપે, ઈબાહત (મુબાહ કરવું, હલાલ ઠરાવી દેવુ) પૂરતુ નથી. જેથી ઝકાતનો માલ મસ્જિદમાં વાપરવો અથવા એના વડે મૈયતને કફન આપવું અથવા મૈયતનું કરજ અદા કરવું અથવા ગુલામ આઝાદ કરવો, પુલ, મુસાફરખાનુ, પરબ, સડક બનાવી આપવું, નહેર કે કૂવો ખોદાવી આપવો, એ કામોમાં ખર્ચ કરવું અથવા કિતાબ વગેરે કોઈ ચીજ ખરીદીને વક્ફ કરી આપવી પૂરતુ છે. *(બહવાલા બહારે શરીઅત, ૫/૬૦)*

ફતાવા રઝવિય્યહ્માં છે :–

''ઝકાતના હક્કદાર તે દરેક હાજતમંદ મુસલમાન છે જેનો પોતાના માલિકીના માલમાં જરૂરત સિવાય નિસાબની માત્રા (મિકદાર) પર કબજો ન હોય એ શરતે કે ન હાશમી[૧] હોય, ન પોતાનો પતિ[૨], ન પોતાની પત્ની[3], ભલે મુગલ્લઝા તલાક આપી દીધી હોય જ્યાં સુધી ઈદ્દતથી બહાર ન આવે, ન તે જે પોતાની ઔલાદમાંથી[૪] હોય જેમ કે પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રી, નવાસો, નવાસી. ન તે જેમની ઔલાદમાંથી એ હોય[૫] જેમ કે મા, બાપ, દાદા, દાદી, નાના, નાની ભલે એ અસલી કે ફરૂઈ (શાખાકીય) સંબંધો અલઅયાઝુબિલ્લાહ ! ઝિના થકી હોય. ન પોતાના કે આ પાંચેવ પ્રકારોમાં કોઈના ગુલામ હોય, ભલે મકાતિબ હોય ન કોઈ ગનીનો ગુલામ ગૈર મકાતિબ, ગની પુરૂષનો નાબાલિગ બાળક, ન હાશમીનો આઝાદ ગુલામ અને મુસલમાન હાજતમંદ કહેવાથી કાફિર તથા ગની (માલદાર) પહેલેથી જ બહાર થઈ ગયા. **આ સોળ શખ્સો છે જેમને ઝકાત આપવી જાઈઝ નથી.** એમના સિવાય સૌને આપો. (ફતાવા રઝવિય્યહ્, ૬/૪૬૪) અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૩ :** મેડિકલ, દુનિયવી શિક્ષણ, હાઉસિંગના માટે જાહેરાત કરીને શું ઝકાત ફંડ વસૂલ કરી શકાય છે ? માંગનારાએ મેડિકલ, દુનિયવી એજ્યુકેશન અથવા હાઉસિંગ (મકાનો બાંધવો) માટે ઝકાત માંગી છે. ઝકાત આપનાર આ રીતે આ કામો માટે ઝકાત આપી શકે છે ? એનામાંથી કોઈ કામના માટે ખાસ કરીને ઝકાત વસૂલી શકાય છે ? અને આપનાર શું એ જ ખાસ કામની શર્ત પર આપી શકે છે ?

**જવાબ નં. ૩ :** મેડિકલ તથા દુનિયવી એજ્યુકેશન તથા હાઉસિંગના માટે **ખૂદ (ડાયરેક્ટ) ઝકાતના હક્કદાર તથા મિસ્કીનો (ગરીબો)ને** ઝકાત આપી શકે છે. ત્યાર બાદ તેમને ઈખ્તિયાર છે કે તે પોતાની જે જરૂરતમાં ચાહે ખર્ચ કરે. અને **''ઝકાત ફંડ'' સ્થાપીને એ હેતુઓ માટે ઝકાત વસૂલ કરવી જાઈઝ નથી.** કેમ કે કુર્આન તથા હદીષમાં ઝકાતના જે હક્કદારો વર્ણન કરવામાં આવ્યા છે એમનામાંથી નથી. આપણા ઉલમાએ હવે ઝકાત તથા વાજિબ સદકાઓનું બયતુલમાલ સ્થાપવાથી પણ મના કરી આપેલ છે. જેમ કે મજલિસે શરઈ જામિઆ અશ્રફિયાના ફિક્હી સેમીનારમાં આ પ્રમાણે ફૈંસલો થઈ ચૂક્યો છે :–

''ઝકાત કુલ ૨.૫ % નીકળે છે જ્યારે કે માલિકની પાસે કુલ ૯૭.૫ % બાકી સલામત છે. **માલદારો તથા મુસ્લિમ લીડરોએ જાઈએ કે પોતાની ૯૭.૫ %માંથી યોગ્ય હિસ્સો ઉપરોક્ત કામો માટે ખાસ કરી આપે,** જો એવું થઈ ગયું તો મુસ્લિમ કૌમને ઘણી બધી કૌમી, સામાજિક તથા અંગત સમસ્યાઓ હલ થઈ શકે છે.'' અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૪ :** દવા લેવા માટે આવનાર જરૂરતમંદ કહે કે હું ઝકાતનો મુસ્તહિક્ (લેવાને

પાત્ર) છું, તો શું તેની વાત પર યકીન કરીને તેને હક્કદાર માની લેવામાં આવશે ?

**જવાબ નં. ૪ :** ઝકાત આપનાર દિલમાં સારી રીતે વિચારે, જો એનું દિલ એના પર જામે કે તે સાચો છે તો તેને ઝકાતનો હક્કદાર માનીને ઝકાત આપી શકે છે.

આલમગીરી વગેરેમાં છે :–

જેણે તહ્રીં કરી એટલે કે વિચાર્યું અને દિલમાં એ વાત જામી કે એને ઝકાત આપી શકે છે અને ઝકાત આપી દીધી, બાદમાં જાહેર થયું કે તે ઝકાતનો હક્કદાર છે અથવા કાંઈ હાલ ન ખુલ્યો, તો ઝકાત અદા થઈ. અને જો બાદમાં જાણવા મળ્યું કે તે માલદાર હતો અથવા પોતાની ઔલાદ હતી અથવા પતિ હતો, તો પણ અદા થઈ ગઈ.

અને એ પણ તહ્રીંના હુકમમાં છે કે એણે સવાલ કર્યો અને આણે તેને માલદાર ન જાણીને આપી દીધું, અથવા તે ફકીરોની (ગરીબોની) ટોળીમાં તેમના જેવા દેખાવમાં હતો તેને આપી દીધું. (તો પણ ઝકાત અદા થઈ ગઈ.) આલમગીરી, દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર. (બહારે શરીઅત, ૫/૬૪, મઆરિફ) અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૫ :** દવા, ગોળીઓ, દવાની બોટલ વગેરે તો દવા લેવા આવનારના હાથમાં આપવામાં આવે છે, પરંતું ડોકટરની ફી તથા હોસ્પિટલનું બિલ ડોકટરને અથવા હોસ્પિટલમાં આપી દેવામાં આવે છે. તો શું આ રીતે ઝકાત અદા થઈ જશે ? જો નથી થતી, તો અદા કરવાની શું સ્થિતિ છે ?

**જવાબ નં. ૫ :** ઝકાત અદા થવા માટે એ જરૂરી છે કે **ગરીબને ઝકાતનો માલ આપીને તેને માલિક બનાવી આપે,** એટલે કે ઝકાતના માલ પર મુસ્લિમ ફકીર (ગરીબ)નો કબજો થવો જરૂરી છે અને જ્યારે ડોકટરની ફી ડોકટરને આપે છે અને હોસ્પિટલનો ખર્ચ હોસ્પિટલમાં જમા કરે છે તો આ ફી તથા ખર્ચવાળા રૂપિયા પર ફકીરનો કબજો ન થયો, ન તો તેને એ રૂપિયાનો માલિક બનાવવામાં આવ્યો, એટલા માટે તે ઝકાત અદા ન થઈ. એનો હલ એ છે કે એ રૂપિયા બીમારને આપી દે અને કહી આપે કે તમે એના માલિક છો, જ્યારે તે એના પર કબજો કરી લે, પછી તેની પાસેથી લઈને ફી આપી દે અને (હોસ્પિટલમાં) ખર્ચો જમા કરી આપે, એ બેહતર છે. અને એ પણ જાઈઝ છે કે કોઈ ફકીર (ગરીબ) ઝકાતના હક્કદાર થકી આવી રકમનો શરઈ હીલો કરાવી લે, પછી એમાંથી કાંઈક એ ફકીરને આપે અને બાકીનામાંથી જેટલું બીમાર માટે ખર્ચવું હોય કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૬ :** ઝકાતના હક્કદાર બાલિગ છોકરા તથા છોકરીઓને દુનિયવી તા'લીમના માટે ઝકાત ફંડમાંથી યુનીફોર્મ, સ્કૂલનાં પુસ્તકો, નોટબુકો વગેરે સ્કૂલમાં જરૂરી ચીજો તેમના હાથમાં આપવામાં આવે છે. તો આ રીતે શું ઝકાત અદા થઈ જશે ?

**જવાબ નં. ૬ :** બાલિગ તથા આકિલ છોકરા છોકરીઓને જો યુનીફોર્મ તથા કિતાબો તથા નોટબુક તથા પેન પન્સિલ વગેરેના માલિક બનાવીને કબજો આપી દેવામાં આવે તો ઝકાત અદા થઈ જશે, કેમ કે ઝકાતની અદાયગીના માટે તમ્લીક (માલિક બનાવવું) તથા કબજો જરૂરી છે જે અહીં મુતહક્કક (ઉપસ્થિત, જોવા મળે) છે, પરંતુ બેહતર એ છે કે એમને રૂપિયાના જ માલિક બનાવીને કબજો આપવામાં આવે, પછી તેમને કહે કે તેઓ આ રૂપિયા પોતાની શૈક્ષણિક ચીજોના માટે વાપરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૭ :** સ્કૂલની ફી, ટયૂશન ફી વિદ્યાર્થીઓના હાથમાં આપવાને બદલે સ્કૂલ અથવા ટયૂશન આપનારાઓને ઝકાત ફંડમાંથી શું ચેક કે રોકડમાં આપી શકાય છે ?

**જવાબ નં. ૭ :** સ્કૂલ તથા ટયૂશન માસ્તર અથવા ટીચરને ઝકાત ફંડથી **ચેક આપવો જાઈઝ નથી.** કેમ કે ઝકાતના હક્કદાર ફકીરો (ગરીબો) તથા મિસ્કીનો છે અને સ્કૂલ માસ્તર તથા ટીચરની ફી તથા મજદૂરી ઝકાતના હક્કદારો (પાત્રો)માંથી નથી, અને

ન તો એ લોકો પગારદાર હોવાની હેસિયતથી ઝકાતના હક્કદાર છે, એટલા માટે જવાબ નં. ૫ના હલ પ્રમાણે અમલ કરી શકે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૮ :** નાબાલિગ છોકરા છોકરીઓને દુનિયવી એજ્યુકેશનના માટે ઝકાત ફંડમાંથી ઈમદાદ કરવાની કઈ સ્થિતિ છે જેનાથી ઝકાત અદા થઈ જાય ?

**જવાબ નં. ૮ : કોઈ સ્થિતિ નથી**, દીની મદરસાઓમાં ખર્ચ કરવાના માટે ઝકાતની રકમનો શરઈ હીલો એટલા માટે કરવામાં આવે છે કે આજના જમાનામાં તેના વિના દીની ઈલ્મોની હિફાઝત નથી થઈ શકતી અને ઈલ્મે દીનની પ્રાપ્તિ પોતે જ એક ઈબાદત, કુર્બત તથા સવાબનું કાર્ય છે, પણ **કોલેજ તથા તેનું એજ્યુકેશન આ બંનેવથી ખાલી છે.** એટલા માટે નાબાલિગ છોકરા છોકરીઓની મદદ દુનિયવી શિક્ષણના માટે કેવળ તોહફાઓ વડે કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૯ :** ઝકાતના હક્કદાર જરૂરતમંદને મકાન આપવાના માટે જમાઅતથી ઝકાત ફંડ વસૂલ કરવામાં આવે છે.

જમાઅતને લિલ્લાહ રકમ મળી તેનાથી જમીનનો પ્લોટ ખરીદવામાં આવ્યો. લિલ્લાહ રકમ વડે ખરીદેલી જમીન પર ઝકાત ફંડમાંથી ફ્લેટ ઝકાતના હક્કદારને આપવા માટે બનાવવામાં આવ્યા છે. શું આ રીતે ઝકાતની રકમમાંથી મકાનનું બાંધકામ કરી શકાય છે ?

ઉપરોક્ત તરીકાથી બાંધવામાં આવેલ મકાનોને નીચે મુજબની શરતોની સાથે જરૂરતમંદોને આપી શકાય છે કે નહીં ?

(અ) મકાન આપ્યા બાદ શું તેમની પાસે માસિક જમીન ભાડુ લઈ શકાય છે ?

(બ) ઝકાતના હક્કદારને આપવામાં આવેલું મકાન જ્યાં સુધી તે ખૂદ રહે ત્યાં સુધી તેની માલિકીમાં રહેશે. તે એને વેચી નથી શક્તો, ન પોતાની મરજીથી ત્યાં કોઈ અન્યને રહેવાને માટે આપી શકે છે. આ શરત પર મકાન આપવામાં આવે છે. તો શું આ જાઈઝ છે ?

નોંધ : આ શરતો લાગુ કરવાનાં કારણો નીચે મુજબ છે :–

(અ) કેટલાક ઝકાતના હક્કદારો મકાન આપવા પર તેને પોતાની માલિકીમાં લઈને અમુક જ દિવસોમાં મકાન વેચીને એની રકમ લઈને ચાલ્યા જાય છે.

(બ) એવા લોકો અધિક રકમની લાલચમાં ગૈર મુસ્લિમ તથા કુસંસ્કારી લોકોને મકાન વેચી નાખે છે જેનાથી અન્ય રહેવાવાળાઓને તકલીફ ઉભી થાય છે.

**જવાબ નં. ૯ :** ઝકાત આપવાનો આ તરીકો નાજાઈઝ છે, કેમ કે આ રીતે કરવામાં ઝકાત અદા નથી થતી અને **જેટલા લોકોએ ઝકાત ફંડમાં ઝકાતના રૂપિયા જમા કર્યા છે તેમની ઝકાત તેમના માથે ફર્ઝ છે અને મોડુ થવાના લીધે ગુનોહ પણ લાઝિમ આવે છે.** અને જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે ઝકાતની અદાયગીના માટે મુસલમાન ફકીર (ગરીબ)ને માલિક બનાવવો જરૂરી છે, અને અહીં કોઈ મુસલમાન ઝકાતની રકમ અથવા એના વડે લીધેલ ફ્લેટનો માલિક નથી બનાવવામાં આવતો, ન તે માલિક બને છે બલ્કે એના માટે ફ્લેટમાં રહેવાની ઈજાઝત છે, અને આ તમ્લીક (માલિક બનાવવું) નથી. **આ ઝકાતની રકમનો ઘણો જ અયોગ્ય ઉપયોગ છે.** ઝકાત ફંડની વ્યવસ્થા કરનારાઓ પર અનિવાર્ય બને છે કે તાત્કાલિક એનાથી રોકાય જાય, અને જે લોકોની ઝકાત અત્યાર સુધી બેકાર થઈ છે તેમના તરફથી ઝકાત અદા કરવાની સ્થિતિ અમલમાં લાવે એટલે કે પોતાની પાસેથી તેમનાથી ઈજાઝત લઈને ઝકાત અદા કરે, અથવા તેમને એટલી રકમ પાછી આપે જેથી તેઓ ઝકાત અદા કરે અથવા તેમને એટલી રકમ પરત કરી આપે જેથી તેઓ અદા કરે. આ હુકમ એક સ્થિતિનો છે. વધુ વિગત નં. ૧૦માં આવી

રહી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૧૦ :** લિલ્લાહ રકમ વડે ખરીદેલી જમીન દસ વરસ પહેલાં ઝકાત ફંડમાંથી મકાનો બનાવીને ઝકાતના હક્કદારોને આપવામાં આવ્યાં છે. અને તેમની પાસેથી જમીનના ભાડા પેટે માસિક સો રૂપિયા વસૂલ કરવામાં આવે છે. આજ સુધી એ મકાનોમાં રહેનારાઓને મકાન વેચવા અથવા કોઈ અન્યને આપવાનો હક્ક નથી આપવામાં આવ્યો.

તો પૂછવાની વાત એ છે કે દસ વરસ પહેલાં એ કામના માટે વસૂલ કરવામાં આવેલી ઝકાત અદા થઈ કે નહીં ? જો અદા ન થઈ તો તેને અદા કરવાનો શો તરીકો છે ? શું હીલો છે ? વિગતવાર બયાન કરો.

**જવાબ નં. ૧૦ :** એ **ઝકાત અદા ન થઈ** અને અદા કરવામાં દસ વરસ મોડુ કરવું નાજાઈઝ છે, તેનો ગુનોહ તથા વબાલ પણ માથે આવી. અને જો ઝકાત આપવાવાળાએ પોતાના રૂપિયા વડે બાંધકામની ઈજાઝત ન આપી હોય તો તેની અમાનતમાં ખયાનતનો ગુનોહ પણ લાઝિમ થયો. અને આ સ્થિતિમાં ઝકાતની અદાયગીનો તરીકો એ જ છે જે નંબર–૯માં વર્ણન થયો. અને જો ઝકાત આપવાવાળાએ ફકીરો તથા મિસ્કીનોની તમ્લીક (માલિક બનાવવા)ના માટે ફ્લેટના બાંધકામની ઈજાઝત આપી હતી, પણ વ્યવસ્થાપકોએ તમ્લીકના (માલિક બનાવવા)ના માટે નહીં બલ્કે ઈજારા પર આપવા બનાવ્યાં તો એ પણ ગુનોહ છે, અને એનો હુકમ એ જ છે જે વર્ણન થયો. અને જો ઝકાત આપનારાઓએ વ્યવસ્થાપકોને સંપૂર્ણપણે ઈજાઝત આપી દીધી હતી કે તેઓ પોતાની સાચી સમજના પ્રમાણે કામ કરે, તો અદાયગીમાં મોડુ કરવાના કારણે બંનેવ ગુનેહગાર થયા. અને આ સંજોગોમાં ઝકાતની અદાયગીનો આસાન તરીકો એ છે કે ફકીરને ફ્લેટનો માલિક બનાવી દે તો ફ્લેટની વ્યાજબી કિંમતની માત્રા (જેટલી) ઝકાત અદા થઈ જશે. પછી ભવિષ્યમાં કદીપણ આવુ પગલુ ન ભરે. તેમજ વાજિબ છે કે **જે લોકો પણ આ ગુનાહમાં સપડાયા હોય સૌ એલાનિયા તૌબા કરે** અને એ રીતનાં કોઈ પગલાં ભરતાં પહેલાં શરીઅતનો હુકમ માલૂમ કરી લે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર :** (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી
*(ખાદિમુલ ઈફતા : દારુલ ઉલૂમ અશ્રફિયા–મુબારકપુર, ૨૭–શવાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૧, તા. ૭–૧૦–૨૦૧૦)*


## હજ્જ સંબંધી ત્રણ કિતાબોનો સેટ (૧-પેકેટમાં)

**મા'મૂલાતે હરમૈન : ૧. હજ્જ શા માટે કરશો ?**
**૨. હજ્જ કેવી રીતે કરશો ? ૩. આદાબે મદીના**

**હદિયો : રૂા. ૧૦૦/–**


જેમાં એક હાજીએ જાણવા જેવી સર્વ વિગતો દર્શાવેલી છે અને હજ્જના અગત્યના તથા બારીક બારીક મસાઈલ પણ દર્શાવ્યા છે તેમજ મદીના પાકના આદાબ પણ વર્ણવ્યા છે જેને વાંચવા જરૂરી છે, જેથી સહીહ તરીકાથી હજ્જ તથા ઝિયારત થઈ શકે.

સંપાદક : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** (ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા),**
મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

નોંધ : **ઉર્દૂ તથા અંગ્રેજીમાં પણ આ કિતાબ મળી શકે છે.**



હે બહેનો !

# શું તમે આગની બંગડીઓ પહેરી શક્શો ?!

કાર્યાલય

પ્યારી બહેનો ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો કરોડો અબજો એહસાન છે કે આપણને મુસલમાન બનાવ્યાં અને જન્નતી ફિર્કા "અહલે સુન્નત વ જમાઅત"માં રાખ્યાં કે જેના સિવાયના સર્વ ફિર્કા શીઆ, રાફઝી, ખારજી, વહાબી, દેવબંદી, અહલે ખબીષ સૌ યક઼ીનન ! જહન્નમી છે. આખી જિંદગી સજદામાં માથુ રાખીને તેનો શુક્ર અદા કરતા રહીએ તો પણ શુક્ર અદા નથી કરી શક્તા. જેથી આપણે આપણા દીન તથા ઈમાનની ક઼દર કરીને જિંદગી જીવવી જોઈએ. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَના દરેક બાબતે શું હુકમો છે તે શોધવા જાણવા જોઈએ અને તેના પ્રમાણે જ જીવવું જોઈએ તો આપણે ખુદા વ રસૂલના વફાદાર બંદા ગણાઈશું અને જો તેમની નાફર્માનીમાં જીવીશું તો તમે જ વિચારો કે આપણે બેવફા તથા ગદ્દાર નહીં કહેવાઈશું ?!

### ★ ઝકાત કોણે કાઢવી પડશે ?! ★

આવો ! બહેનો ! આજે આપણે રબ તઆલાના ઝકાત વિશેના હુકમને સમજીએ અને તેના પર અમલ કરવાની ભરપુર કોશિશ કરીએ. થોડાક સમય પહેલાં એક બહેને મને ફોનથી પ્રશ્ન કર્યો હતો કે મારી પુત્રી વિધવા થઈ ગઈ છે, તેને કોઈ કમાનાર નથી તો તેને ઝકાત આપી શકાશે ?! તો મેં પૂછયું કે તેણી પાસે સોનુ, ચાંદી, રૂપિયા કાંઈ બેલેન્સ છે ? કહ્યું કે સોળ તોલા સોનુ તથા કેટલીક ચાંદી તથા અમુક રૂપિયા તેના ખાતામાં છે પણ બિચારીને કોઈ હવે કમાઈને આપનાર નથી અને બે નાનાં બાળકો છે. તો મેં કહ્યું કે આજની તારીખે જ્યારે તેની પાસે સોળ તોલા સોનુ અમુક ચાંદી તથા રકમ છે, જેથી તેણીએ ઝકાત લેવાની વાત તો દૂર રહી પણ તેણીએ ખૂદ ઝકાત કાઢવી પડે !

અફસોસ ! એ વાતનો છે કે દુનિયાવી નફા નુકસાન બાબતે સર્વ માહિતી ગમે ત્યાંથી લોકો મેળવી લે છે પણ આટલી કિતાબો છપાય છે, બયાનોમાં ઉલમા તથા મુબલ્લિગો સમજાવે છે છતાં ઝકાત વિશે સમજ જાણે લોકોએ મેળવવી નથી ! ઈલ્લા માશાઅલ્લાહ ! જેથી આવો ! ઝકાત કોના પર લાગુ થાય તે સમજી લો.

સૌ પ્રથમ એ સમજી લો કે છોકરી નવ વરસ પછી બાર સુધીમાં બાલિગ થાય છે જ્યારે બાલિગ થવાની નિશાનીઓ જાહેર થાય અને છોકરો ૧૨ થી ૧૫ સુધીમાં બાલિગ થવાની નિશાનીઓ જાહેર થતાં બાલિગ ગણાશે અને છોકરો કે છોકરી પંદર વરસનાં થાય તો નિશાનીઓ જાહેર થાય કે ન થાય તે બાલિગના હુકમમાં છે.

હવે સમજો કે ઝકાત દરેક સુન્ની મુસલમાન આક઼િલ, બાલિગ સ્ત્રી, પુરૂષ છોકરો કે છોકરી જે તે વ્યક્તિ પર લાગુ થશે જેની પાસે સાડા સાત તોલા સોનુ અથવા સાડા બાવન તોલા ચાંદી અથવા એટલો વેપારનો માલ તેની માલિકીમાં છે. અથવા **થોડુ સોનુ, થોડી ચાંદી, થોડી રકમ સૌ એકત્ર કરતાં (નજીકનો નિસાબ) એટલે સાડા બાવન તોલા ચાંદી જેટલી કિંમત થઈ જાય તો તે વ્યક્તિ "સાહિબે નિસાબ" કહેવાશે**. હવે તે ઝકાત લઈ ન શકે, પણ એટલો માલ તેની પાસે (માલિકીમાં) એક વરસ રહે તો તેના પર તે માલની ઝકાત કાઢવાની ફર્ઝ થશે. આમાં છોકરી, છોકરો, સ્ત્રી, પુરૂષ કોઈ પણ વ્યક્તિ હોય તેના પર આ હુકમ લાગશે. જેથી હાલના દૌરમાં જેની પાસે થોડુ સોનુ થોડી ચાંદી કે

રકમ ભેગુ કરતાં સાડા બાવન તોલા ચાંદી બરાબર થઈ જાય તે સાહિબે નિસાબ છે. સોના ચાંદીનો ભાવ જાણીને જાતે ગણત્રી કરી લો. હાલ જેની પાસે લગભગ ૩૧૦૦૦ રૂા. જેવી રકમ હોય તે સાહિબે નિસાબ થઈ જશે. હવે તે ઝકાત નહીં લઈ શકે બલ્કે એટલા પર વરસ (૩૫૫ દિવસ) પૂર્ણ થતાં તેની ઝકાત તે કાઢે, નહીં તો ખુદાના ગઝબને પાત્ર ઠરશે.

### ★ સોનુ પહેરવાનો ઉમંગ છે તો ઝકાત પણ કાઢો ! ★

કેટલીક બહેનો સોના ચાંદીનાં ઘરેણા ખરીદે છે પણ તેની શું ઝકાત કાઢવી જોઈએ એના બાબતે ગંભીરતાથી નથી વિચારતી અને જેવો કે હુકમ છે તે પ્રમાણે ઝકાત નથી કાઢતી તેવી બહેનો સાવધાન થઈ જાય અને આ હદીષે પાકને સાંભળી લે !

રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એક સ્ત્રી આવી. તેની સાથે તેની પુત્રી હતી જેના હાથમાં સોનાની મોટી મોટી બંગડીઓ હતી. આપ ﷺએ એ સ્ત્રીને પૂછયું, **શું તમો એની ઝકાત અદા કરો છો ?!** તે સ્ત્રીએ અર્ઝ કરી, જી નહીં ! આપે ઈર્શાદ ફર્માવ્યો, **શું તમો એ વાતથી ખુશ છો કે કયામતના દિવસે અલ્લાહ તઆલા તમને આ બંગડીઓના બદલામાં આગની બંગડીઓ પહેરાવે ?!** આ સાંભળતાં જ તેણીએ એ બંગડીઓ રસૂલુલ્લાહ ﷺના સામે રાખી દીધી અને અર્ઝ કરી કે આ અલ્લાહ અને તેના રસૂલના માટે છે. *(સુનને અબૂ દાઊદ, બાબુલ કન્ઝ, પેજ–૨૧૮, ભાગ–૧)*

આ હદીષમાં તમને શું સમજ પડી ?! બહેનો ! તમારે હવે શું કરવું જોઈએ ?! અલ્લાહ તઆલાના અઝાબ વિશે સાંભળીને મોમિન તથા મોમિનાનું દિલ ધડકી ઉઠે છે ! આને ઈમાન કહે છે ! આને મઝહબ માટે કુર્બાની કહેવાય છે ! કેવળ નફસની ચાલે ન ચાલો ! જુઓ કે આ સહાબી સ્ત્રીએ હુકમ સાંભળતાં જ કેવોક અમલ કર્યો જેનું દષ્ટાંત હાલના દૌરમાં મળવું દુર્લભ છે. શક્ય છે કે તે સહાબી સ્ત્રીને તે સમયે હજી ઝકાતના બારામાં પૂરી માલૂમાત નહીં હોય પણ જાણતાવેંત જ અમલ કેવો કર્યો ! અને આવા દાખલા ઉમ્મતની તાલીમ માટે જ પેશ થયા હતા. એ સહાબી ખાતૂનની અઝમત પર કુર્બાન જાવ કે જેવી કે નબી કરીમ ﷺની મુબારક ઝબાનેથી અલ્લાહના અઝાબની ચેતવણી સાંભળી કે તરત જ માલની તરફ નહીં પણ આખેરતના અંજામ તરફ નજર દોડાવી અને કયામત સુધી આવનારી મોમિના બહેનો માટે પયગામ છોડી આપ્યો કે આખેરતની ભલાઈ સામે દુનિયાના સુખચેનની કોઈ કિંમત નથી ! સહાબી ખાતૂને તો ઝકાત જ નહીં પણ રાહે ખુદામાં પૂરેપૂરી બંગડીઓ જ આપી દીધી ! આ હતો ઈમાની પાવર ! જે ચીજ વરસો સુધી જહન્નમમાં સળગવાનો સબબ બનાવે તેને રાખવી જ નથી ! હે મારી બહેનો ! તમે એવું ન કરી શકો તો કાંઈ નહીં, પણ ઝકાત તો તોલાના હિસાબ માંડીને **વર્તમાન સોના ચાંદીના ભાવ પ્રમાણે** જરૂરથી કાઢો. તમારે જો રોકડ કોઈ આવક નથી, પતિ તમને ન આપે તો એ સોનાને વેચીને તેમાંથી પણ ઝકાત આપો. અને નિય્યત સહીહ હશે તો રબ્બે કરીમ કરમ ફર્માવીને માર્ગો કાઢી આપશે પણ ઝકાત ન આપવાનાં કોઈ બહાનાં ચાલશે નહીં.

### ★ ઝકાત ન આપનારાઓ ! સાવધાન ! ★

મારી બહેનો ! તથા ભાઈઓ ! સાંભળો કુર્આને પાકમાં છે : "જે લોકો સોનુ અને ચાંદી ભેગુ કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા. તેમને **દર્દનાક અઝાબ**ની ખુશખબરી સંભળાવી દો જે દિવસે જહન્નમની આગમાં તેમને તપાવવામાં આવશે અને તેના વડે તેમનાં કપાળ તથા પાસાં તથા પીઠો ડામળામાં આવશે (અને કહેવામાં આવશે) આ એ જ છે જે તમોએ પોતાના નફસ માટે ભેગુ કર્યું હતું, તો હવે (તેનો સ્વાદ) ચાખો ! જેને એકત્ર કરતા હતા." *(સૂ. તૌબા, આ. ૩૪)*

સાંભળી લીધું ?! આ અલ્લાહનું ફર્માન છે ! હવે રસૂલે પાક ﷺનું ફર્માન સાંભળો ! સહીહૈનમાં

અહનફ બિન કૈસ رضی اللہ عنہથી રિવાયત છે કે સૈયદના અબૂઝર رضی اللہ عنہએ ફર્માવ્યું કે તેમની **છાતીના ભાગ ઉપર જહન્નમનો ગરમ પથ્થર** મૂક્શે તે છાતીને તોડીને ખભાથી નીકળી જશે, અને ખભાના હાડકા પર મૂક્શે તો ખભા તોડીને છાતીમાંથી નીકળશે. અને સહીહ મુસ્લિમમાં એ પણ છે કે નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા કે પીઠ તોડીને પાસાંમાંથી નીકળશે અને બોચી તોડીને કપાળમાંથી નીકળશે. *(બહારે શરીઅત, ભાગ–૫)*

તેમજ હદીષમાં છે કે, "જે વ્યક્તિ સોના ચાંદીનો માલિક છે અને તેનો હક્ક઼ અદા ન કરે તો ક઼યામતના દિવસે તેના માટે આગના પથ્થર બનાવવામાં આવશે અને તેમના પર જહન્નમની આગ ભડકાવવામાં આવશે અને તેના વડે પાસાં અને પીઠને ડામ દેવામાં આવશે. જયારે તે ઠંડા થવા આવશે તો ફરી પાછા એવા જ ગરમ કરી દેવામાં આવશે. આ મામલો તે દિવસનો જેનો એક દિવસ પચાસ હજાર વરસનો છે ત્યાં સુધી કે બંદાઓ દરમ્યાન ફૈસલો થઈ જાય.

હદીષમાં એ પણ છે કે **જે માલની ઝકાત આપવામાં ન આવી તે ક઼યામતના દિવસે બોડો (ગંજો) સાપ બનશે અને માલિકને નસાડશે, તે દોડતો જશે** ત્યાં સુધી કે છેવટે પોતાની આંગળીઓ તેના મોઢામાં રાખી દેશે. *(બહારે શરીઅત, ભાગ–૫)*

**આટલુ વાંચ્યા પછી તો એક ઈમાનવાળાએ ઝકાત પરત્વે ખૂબ જ ગંભીર બની જવું જોઈએ!** અને વહેલી તકે **ગણત્રી કરીને** ઝકાતને તેના હક્ક઼દારો સુધી પહોંચાડવી જોઈએ. હા ! જેનામાં હિંમત તથા તાક઼ત હોય ઉપરોક્ત અઝાબો વેઠવાની તેને છૂટ છે કે જેવું ચાહે કર્યા કરે !

### ★ આખેરતની તૈયારી તે આનુ નામ !★

પ્યારી દીની બહેનો ! ભાઈઓ ! એકવાર અમીરુલ મોમિનીન હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળમાં દિરહમોથી ભરેલો એક થેલો ઉમ્મુલ મોમિનીન હઝરત બીબી સૌદા رضی اللہ عنہاની પાસે મોકલી આપ્યો. તેમણે એ થેલાને જોઈને કહ્યું કે, "ભલા ! ખજૂરોના થેલામાં વળી દિરહમ મોકલાતા હશે ?! આવુ કહ્યું અને ઉઠીને એ જ વખતે તમામ દિરહમોને મદીના મુનવ્વરાના ફક઼ીરો તથા મિસ્કીનોને ઘરમાં બોલાવીને વહેંચી આપ્યા અને થેલો ખાલી કરી આપ્યો. *(અસાબા, ૮/૧૧૮, બહવાલા : ક઼ાબિલે રશ્ક ખવાતીન)*

આ આપણા પ્યારા આક઼ા ﷺની અજોડ તર્બિયતનો અસરકારક ફૈઝ હતો કે ઉમ્મતની માઓ, હુઝૂર ﷺની પાક બીવીઓ رضی اللہ تعالیٰ عنہن પોતાની પાસે કાંઈ પણ જમા રાખવાનુ પસંદ કરતાં ન હતાં, જેવું કાંઈ આવતું કે ખૈરાત કરી દેતાં.

**હે દીની બહેનો ! તથા ભાઈઓ !** એ બુલંદ મર્તબા ખાતૂનોની વાત અલગ હતી, અમે તમોને સર્વસ્વ ખૈરાત કરી દેવાનું નથી કહેતા, ખૂબ કમાઓ ! હલાલ કમાઓ ! અને માલદાર બનો ! પણ દીન ઈમાનના ભોગે નહીં ! ઈમાની ગૈરતને વેચીને નહીં. જરૂર જાઈઝ કમાણી હલાલ કમાણીથી મિલ્કતો ઉભી કરો અને તેનાથી દીનની સમાજની ખિદમત કરવાની નિય્યત પણ રાખો જેથી તમારું કમાવું પણ ઈબાદત બની જશે અને સોના ચાંદી તથા દરેક પ્રકારના માલોની ઝકાત કાઢો અને ખેતીમાં જે પાક થાય વે ફસલ આવે તેમાંથી ઉશ્ર પણ દરેક ખેડૂત કાઢે તો ઈન્શાઅલ્લાહ ! બંને જગતમાં સુકૂન મયસ્સર થશે.


**અનમોલ કિતાબ મંગવાએઁ**

**માહે રમઝ઼ાન કૈસે ગુઝ઼ારેં ?**

:: મુસન્નિફ :: **હદિયો રૂા. ૩૦/–**

**હઝરત મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખ)** મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

# નોકરી કે મજૂરી સંબંધી

## શરીઅતના હુકમો તથા મસ્અલા

કાર્યાલય

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, કામની ત્રણ સ્થિતિઓ છે : (૧) સુસ્ત (૨) મધ્યમ (૩) અતિ તેજ.

**૧.** જો મજૂરીમાં (કમસે કમ મધ્યમ કક્ષાએ નહીં પણ) સુસ્તી સાથે કામ કરે છે તો ગુનેહગાર છે અને એણે પૂરી મજૂરી લેવી હરામ છે. એટલા કામ (જેટલુ કર્યું તે)ને લાયક જેટલી મજૂરી છે તે લે, એના કરતાં જે કાંઈ વધારે મળ્યું તે જેને કામ પર રાખ્યો તેને પરત કરી આપે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૯, પેજ–૪૦૭)*

**૨.** ક્યારેક કામમાં સુસ્ત પડી ગયો તો વિચાર કરે કે મધ્યમ તરીકાથી કેટલુ કામ કરી શકાય છે, દા.ત. કોમ્પ્યુટર ઓપરેટરને રોજના સો રૂપિયા મજદૂરી મળે છે. મધ્યમ ગતિમાં કામ કરવામાં દરરોજ ૧૦૦ લીટીઓ કમ્પોઝ કરી લે છે, પણ આજે કેવળ સુસ્તી તથા બિન જરૂરી વાતો કરવાના કારણે ૯૦ લીટીઓ ટાઈપ કરી, તો દસ લીટીઓના ૧૦ રૂા. કટ કરાવી લે. જો કટ નહીં કરાવે તો ગુનેહગાર તથા જહન્નમનો હક્કદાર ઠરશે.

**૩.** નોકરી કરનારો જો ડયૂટી પર પહોંચવાના મામલામાં ઉર્ફ (રિવાજ)થી હટીને જાણી જોઈને મોડુ કરશે કે જલ્દી ચાલ્યો જશે કે છૂટ્ટીઓ પાડશે, તો જાણી જોઈને કરારની વિરૂદ્ધ વર્તન કરવાનો ગુનોહ કર્યો તો ખરો જ, પણ જો આ સ્થિતિમાં પૂરો પગાર લેશે તો અધિક ગુનેહગાર અને અઝાબે નારનો હક્કદાર થશે.

**૪.** જે નિશ્ચિત સમયમાં કોઈ એક શેઠ અથવા સંસ્થાના કામનો પાબંદ થયો તે નિશ્ચિત સમય દરમ્યાન એટલે કે ડયૂટી દરમ્યાન પોતાનું અંગત કામ પણ નથી કરી શક્તો. અને નમાઝના સમયોમાં ફર્ઝ તથા સુન્નતે મોઅક્કદા પઢી શકે છે, નફલ નમાઝો પઢવી એના માટે ઈજારાના સમયગાળામાં જાઈઝ નથી. અને જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પઢવાના માટે જશે પણ જામા મસ્જિદ જો દૂર છે કે વધુ સમય વપરાશે તો એટલા સમયની મજૂરી કમ કરી દેવામાં આવશે, અને જો નજીક છે તો કાંઈ કમી કરવામાં નહીં આવે, પોતાની મજૂરી પૂરેપૂરી પામશે. *(રદ્દુલ મુહતાર, ૯/૧૧૮, દારુલ મઆરિફા–બૈરૂત)*

**૫.** દરેક નોકરિયાત પોતાના દરરોજના કામનુ નિરીક્ષણ કરે કે આજે ડયૂટીના સમયગાળામાં બિન જરૂરી વાતો તથા નિરર્થક કામો વગેરેમાં કેટલો સમય ખર્ચ થયો, આવવામાં કેટલુ મોડુ થયું વગેરે, તેમજ ગૈર વ્યાજબી છૂટ્ટીઓની ગણત્રી કરીને પોતે જ હિસાબ લગાડીને દર મહિને પગારોમાં કમી કરાવી લે. જો પોતાની પાસે એક રૂપિયો પણ જાણીબુઝીને નાજાઈઝ આવી ગયો તો આખેરતનો અઝાબ સહેવાની શક્તિ કોઈનામાં નથી.

**૬.** સુપરવાઈઝર અથવા નિયુક્ત કરેલ જિમ્મેદાર તમામ મજૂરોની શક્તિ પ્રમાણે નિગરાની કરે, સમય અને કામમાં ઉણપ તથા સુસ્તી કરનારાઓનો સંપૂર્ણ રિપોર્ટ કંપની અથવા સંસ્થાના સંબંધિત ઓફિસર સુધી પહોંચાડે. સુપર વાઈઝર જો જાણીબુઝીને પર્દો નાખશે તો ખયાનત કરનાર તથા ગુનેહગાર થશે અને અઝાબે નારનો હક્કદાર થશે.

**૭.** ધાર્મિક, સામાજિક સંસ્થાઓના નિયુક્ત જિમ્મેદારો, નિરીક્ષકો સંસ્થાના કર્મચારીઓની ઉણપો તથા છૂટ્ટીઓથી વાકેફ હોવા છતાં આંખ આડા કાન કરે (પોલ ચલાવે) અને એના કારણે તે કર્મચારીને વકફની રકમમાંથી પૂરો પગાર આપવામાં આવશે તો લેનારાઓની સાથોસાથ એ સંબંધિત જિમ્મેદાર પણ ખયાનત કરનાર

તથા ગુનેહગાર અને અઝાબે નારનો હક્કદાર ઠરશે.

**૮.** કોઈ મઝહબી ઈદારામાં ઈજારાના મસાઈલ પર સખ્તીપૂર્વક અમલ થતો જોઈને નોકરીથી કતરાવુ અથવા કેવળ એટલા માટે રાજીનામુ આપીને એવી જગાએ નોકરી અપનાવવી જ્યાં કોઈ પૂછનાર ન હોય, એ નામુનાસિબ છે, દિમાગ એવું બનાવવું જોઈએ કે જ્યાં ઈજારાના શરીઅત મુજબના કાનૂનો પર સખ્તીપૂર્વક અમલ થતો હોય ત્યાં કામ કરું, જેથી એની બરકતથી ગુનાહોની નહૂસતથી બચી જાઉં અને હલાલ રોજી પણ કમાય શકું.

**૯.** કર્મચારીએ જો બીમારીના કારણે રજા પાડી દીધી તો જેની સાથે કામથી બંધાયેલા છે તેને પગારમાં કમી કરવાનો હક્ક હાંસલ છે. *(વધુ માટે જુઓ : ફતાવા રઝવિય્યહ, ૧૯/૫૧૫, ૫૧૬)*

**૧૦.** મજૂરી કે ડયૂટીમાં સુસ્તી અને છૂટ્ટીઓ છતાં જે પૂરેપૂરી મજૂરી કે પગાર લેતો રહ્યો અને હવે શર્મિંદો છે તો તેના માટે કેવળ મૌખિક તૌબા પૂરતી નથી, બલ્કે આજ સુધી જેટલી મજૂરી કે વધારાનો પગાર મેળવ્યો છે એની પર શરઈ તરકીબ થશે. જેમ કે આ મસ્અલાનો હલ વર્ણવતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : (જેટલુ કામ કર્યું) એના કરતાં જે કાંઈ વધારે મળ્યું તે મજૂરીએ રાખ્યો તેને પરત કરી આપે, તે ન રહ્યો હોય તો તેના વારસદારોને આપી દે. તેમનો પણ પતો ન લાગે તો મુસલમાન મોહતાજો (ગરીબો) પર વહેંચી નાખે. પોતાના માટે ખર્ચવું અથવા ગૈર સદકામાં ખર્ચ કરવું **હરામ** છે. *(ફતાવા રઝવિય્યહ, ૧૯/૪૦૭)*

જો રકમ યાદ નથી તો અધિક્તર ગુમાનના હિસાબથી કેટલો માલ તે નક્કી કરે અને શરીઅતના હુકમ પર અમલ કરે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہની આ નસીહતો પર **દરેક પ્રકારના કર્મચારીઓ, મજૂરો તેમજ ધાર્મિક સંસ્થા મસ્જિદ, મદ્રસાના ઈમામો, મુદર્રિસો સૌએ અમલ કરવો જોઈએ.** વિશેષતઃ દીની કામોમાં તો દીનદાર ઈલ્મવાળા લોકો આલિમ હાફિઝ વગેરે હોય છે તેમના માટે તો કુર્આન ફર્માવે છે કે :– **اِنَّمَا یَخۡشَی اللّٰہَ مِنۡ عِبَادِہِ الۡعُلَمٰٓؤُا**''અલ્લાહથી તેના બંદાઓમાં તે જ દરે છે જેઓ ઈલ્મવાળા (ઉલમા) છે.'' *(સૂ. ફાતિર, આ. ૧૬, ૨૮)* તો એમણે પોતે પણ ખુદાના ખૌફ સાથે ઉપરોક્ત શરીઅતના નિયમો પાળીને કામ કરવું જોઈએ તથા અન્ય અવામને શીખવાડવું જોઈએ. **ખુદાનો ખૌફ રાખીને કોઈ જુએ કે ન જુએ પણ અલ્લાહ તો જુએ જ છે એમ સમજીને પોતાની ફરજ નિભાવવી જોઈએ. સોંપેલુ કામ કર્યા વિના તેની મજૂરી ન લે.**

મદ્રસાના બાળકો દિવસમાં બે કલાક દીન શીખવા માટે આવે છે તેમને મહેનતથી પઢાવે, કુર્આનને તજવીદ તથા મખરજની સાથે સહીહ પઢાવે. **કુર્આન ગલત (વિના મખરજે) પઢાવવાને રોજીનો ઝરીયો બનાવનારાઓ પોતાની રોજીનો ઝરીયો કોઈ અન્ય તલાશ કરી લે**, કેમ કે **કુર્આનને ગલત પઢાવનારા ગુનાહે જારીઆનું કામ કરી રહ્યા છે !** ઈંગ્લિશ ભણાવનારાં માબાપોને પણ ગુઝારિશ છે કે ઈંગ્લિશ શીખવાડવા માટે **M.A. B.A.** તથા પ્રોફેસર જ જોઈએ, અને કુર્આન પઢાવવા માટે ખાલા, આપા તથા અનપઢ કમ ઈલ્મ જેમને પોતાને જ **કુર્આન સહીહ પઢતાં નથી આવડતુ તે પણ ચાલે !** ખુદારા પોતાની આખેરતની ફિકર કરો અને કુર્આનને માટે સહીહ પઢાવનારા ઉસ્તાદ પાસે તમારાં બાળકોને મોકલો કે જે પાંચ પાંચ વખતની ફર્ઝ નમાઝમાં મરતાં સુધી તમારે તથા તમારી ઔલાદે પઢવાનુ છે તે સહીહ રીતે કુર્આન જ છે તેનો ગંભીરપણે વિચાર કરો. રબ્બે કરીમ સૌને શરીઅતે મુસ્તફા ﷺનું પાલન કરીને હમેશાં હલાલ કમાઈ કમાવાની નેક તૌફીક અતા કરે અને કામચોરી તથા દગાબાજી, ધોકાબાજી, લાંચ રુશ્વત તથા ખયાનતથી બચાવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*(હવાલો : દારુલ ઉલૂમ ફયઝાને ગૌષે આઝમ, ઓલપાડ, સૂરતના પેમ્ફલેટ પરથી સાભાર)*

કાર્યાલય

# અઝાન

## ક્યારે ક્યારે આપી શકાય ?

**"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે નબી ﷺએ ફર્માવ્યું, જ્યારે નમાઝના માટે અઝાન આપવામાં આવે છે તો શયતાન વા છોડતો છોડતો નાસે છે ત્યાં સુધી કે અઝાન નથી સાંભળતો. જ્યારે અઝાન પૂરી થઈ જાય છે તો આવી જાય છે. ત્યાં સુધી કે જ્યારે ઈક઼ામત કહેવામાં આવે છે તો ભાગે છે ત્યાં સુધી કે જ્યારે ઈક઼ામત પૂરી થઈ જાય છે તો ફરી આવી જાય છે. અને માણસના દિલમાં વસવસા નાખે છે. કહે છે આ યાદ કર આ યાદ કર, જે વાતો એને યાદ ન હતી, ત્યાં સુધી કે માણસ ભૂલી જાય છે કે કેટલી પઢી."** *(બુખારી ૧/૮૫ અઝાન, અલ અમલ ફિસ્સલાત૧૬૩, અસ્સહૂદ-૧૬૪, બદઉલખલ્ક઼-૪૬૪, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, દારમી, મોઅત્તા, મુસ્નદે ઈમામ અહમદ)*

આ હદીષથી સાબિત થયું કે **શૈતાનને ભગાડવાના માટે અઝાન ખૂબ જ અસરકારક છે.** હવે સવાલ એ પેદા થાય છે કે આ અસર કેવળ એ જ અઝાનના માટે છે જે નમાઝના માટે કહેવામાં આવે છે કે પછી જ્યારે પણ કહેવામાં આવે આ જ અસર થશે ? તેમજ એ કે અઝાન નમાઝ સાથે જ ખાસ છે કે પછી નમાઝ ઉપરાંત બીજા સમયોમાં પણ મશ્રૂઅ (દુરુસ્ત) છે ? આપણે જ્યારે હદીષો તથા સહાબાના તથા બુઝુર્ગોના કથનો (અક઼વાલ) પર નજર કરીએ છીએ તો સાબિત થાય છે કે અઝાન કેવળ નમાઝના માટે ખાસ નથી, અન્ય મોક઼ાઓ પર પણ મશ્રૂઅ (દુરુસ્ત) છે. દા.ત. બાળકના જન્મ પછી. હદીષમાં છે : હઝરત અબૂ રાફેઅ કહે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે હસન ઈબ્ને અલી જ્યારે પેદા થયા તો તેમના કાનમાં નમાઝવાળી અઝાન કહી. (અબૂ દાઊદ ૨/૩૪૦ અદબ, તિર્મિઝી ૧/૧૮૩) ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ સહીહ છે અને એના પર અમલ છે. અસદુલ્ ગાબા (૨/૧૮)માં છે : કે જ્યારે હઝરત હુસૈન પેદા થયા તો નબી ﷺએ એમના કાનમાં અઝાન કહી. મિર્કાત (૪/૩૬૦)માં શરહુસ્સુન્નહથી છે કે ઉમર બિન અબ્દુલ અઝીઝ જ્યારે બાળક પેદા થતુ તો જમણા કાનમાં અઝાન આપતા અને ડાબા કાનમાં ઈક઼ામત કહેતા. મુસ્નદે અબૂ યઅલા મૂસલીમાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત કરે છે, જેનો બાળક પેદા થાય અને એના જમણા કાનમાં અઝાન અને ડાબામાં ઈક઼ામત કહે તો ઉમ્મુસ્સિબ્યાન (એક બીમારી ખેંચની) તેને નુકસાન નહીં પહોંચાડે.

એ જ પ્રમાણે એક અન્ય હદીષમાં છે કે ફર્માવ્યું, "જ્યારે ભૂત પરેશાન કરે તો અઝાન આપો." (મુસ્નદે ઈમામ અહમદ ૧/૪૧૪) હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે મને નબી ﷺએ ગમગીન જોયો તો ફર્માવ્યું, હે ઈબ્ને અબી તાલિબ ! શું વાત છે કે હું તમને ગમગીન જોઈ રહ્યો છું ? તમારા કોઈ ઘરવાળાને કહો તમારા કાનમાં અઝાન આપે, એ ગમને દૂર કરનારી છે. હઝરત અલીએ ફર્માવ્યું, મેં એનો અનુભવ કર્યો તો એવું જ પામ્યુ. આ હદીષના સર્વ રાવીઓએ કહ્યું, મેં એનો અનુભવ કર્યો તો એને એવું જ પામ્યું.

એક અન્ય હદીષમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, કોઈ માનવ કે જાનવર અસભ્યતા (બદ ખુલ્ક઼ી) કરે તો તેના કાનમાં અઝાન કહો.

### ★ દેવબંદી મોટેરાઓની સાક્ષીઓ ★

દેવબંદી મોલ્વી અન્વર શાહ કશ્મીરી લખે છે :-

અવજઝુલ મસાલિક ૧/૧૮૩ માં છે. હદીષે નબવીથી અમુક પૂર્વજ બુઝુર્ગોએ **અઝાનને નમાઝના સમયો સિવાય પણ શૈતાન તથા જિન્નાતની અસરોને દૂર કરવા માટે સાબિત કરી છે.** મુસ્લિમ શરીફ (૧/૬૭ અઝાન) સુહૈલ બિન અબી સાલેહની રિવાયત છે જેમાં એ છે કે તેમણે કોઈ નજરે ન આવનારનો અવાજ સાંભળવાનો ઉલ્લેખ પોતાના પિતાને કર્યો. તો ફર્માવ્યું, જ્યારે કોઈ એવા અવાજ સાંભળો તો અઝાન કહો. અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે

ઈમામ માલિકથી નક્લ કર્યું કે ઝયદ બિન અસ્લમ (ફત્હુલબારી ૨/૭૨) મઅદને બની સુલૈમ પર આમિલ બનાવીને મોકલવામાં આવ્યા જ્યાં લોકોને જિન સતાવતા હતા. જ્યારે એ લોકોએ શિકાયત કરી તો હઝરત ઝયદે તેમને ઊંચા અવાજે અઝાન આપવાનો મશ્વરો આપ્યો. તેમણે એવું કર્યું, તો પછી જિન્નાતોએ નથી સતાવ્યા. હઝરત ઉમરની ખિદમતમાં ભૂત, પ્રેતનો ઉલ્લેખ કરવામાં આવ્યો તો આપે પણ અઝાન આપવાનો હુકમ કર્યો. સઆયામાં છે કે અઝાનનો મૂળ સબબ તો નમાઝ માટે જ હતી પણ અન્ય જગાએ પણ ઉપયોગમાં લેવાઈ. દા.ત. બાળ જન્મ પર જમણા કાનમાં અઝાન ડાબામાં ઈક઼ામત મસ્નૂન (સુન્નત મુજબ) થઈ. જ્યારે ભૂત પ્રેતની જ્યાં અસર હોય ત્યાં પણ અઝાન આપવામાં આવે છે. જ્યારે સવારીનું જાનવર ન ગાંઠે અથવા કોઈ બદ કિરદાર બદ અખ્લાક઼ સાથે વાસ્તો પડે તો તેના કાનમાં અઝાન કહેવામાં આવે, ગમગીન, વાયુ ચઢવાની બીમારીવાળો અને ગુસ્સાવાળા માણસના માટે પણ અઝાન એના કાનમાં કહેવી ફાયદાકારક છે. લડાઈના મેદાનમાં જંગના સમયે, આગ લાગી જતાં અને જંગલમાં માર્ગ ભૂલી જવાય ત્યારે પણ અઝાન આપવી જોઈએ. અલ્લામા ઈબ્ને આબિદીન શામીએ દસ પ્રસંગો ગણી બતાવ્યા. *(અન્વારુલ બારી, ૧૩/૫૮)*

જ્યારે એમના પેશવા કહે છે કે આટલી જગાએ અઝાન આપી શકાય છે છતાં હઠધર્મી દેવબંદીઓ ક઼બ્ર પર અઝાન આપવા પર હંગામો મચાવી દે છે તેઓ હજી નીચેનું લખાણ વાંચે અને હઠીલાપણુ છોડી આપે.

## ★ અઝાને ક઼બ્રની સાબિતી ★

આ સર્વનો સાર એ છે કે **અઝાન નમાઝ સાથે જ ખાસ નથી, નમાઝ સિવાય ઘણા બધા એવા પ્રસંગો છે જ્યાં અઝાન મશ્રૂઅ (દુરુસ્ત) છે, ખાસ કરીને જ્યાં શૈતાનોની દખલ હોય.** સુહૈલ બિન અબી સાલેહની જે રિવાયત મુસ્લિમ શરીફના હવાલાથી વર્ણન થઈ એના અંતમાં છે : મેં એ વખતે અઝાનનો હુકમ એટલા માટે આપ્યો કે મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી સાંભળ્યું છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે શૈતાન જ્યારે અઝાન સાંભળે છે તો મોઢું ફેરવીને નાસે છે અને તેની હવા સરતી રહે છે. આ એના પર નસ્સે જલી (મહાન દલીલ) છે કે જ્યાં શૈતાનનો દખલ હોય તેને ભગાડવાના માટે અઝાન ખૂબ જ અસરકારક છે. હવે આવો અઝાને ક઼બ્રના વિશે વિચારણા કરીએ. ઈમામ હકીમ તિર્મિઝીએ નવાદિરુલ ઉસૂલમાં આ હદીષ વર્ણન કરી છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે જ્યારે મુડદુ ક઼બ્રમાં રાખવામાં આવે છે અને તેનાથી સવાલ થાય છે કે તારો પરવરદિગાર કોણ છે ? તો શૈતાન ત્યાં પહોંચીને પોતાની તરફ ઈશારો કરે છે, એટલે મને બતાવ ! મને બતાવ ! જ્યારે ક઼બ્રમાં પણ શૈતાનની દખલગીરી છે તો તેને ભગાડવાના માટે જો ક઼બ્ર પર અઝાન કહેવામાં આવે તો એ જુર્મ કેવી રીતે છે ? બુધ્ધિમાં સમાય તેવી વાત નથી. *(નુઝહતુલ ક઼ારી શરહે બુખારી, ભાગ : ૩)*

**લતીફો** : એક વેળા કાનપુરમાં એક વહાબી મોલ્વીએ તકરીર કરી કે, "સુન્નીઓ મૈયતને દફન કર્યા પછી ક઼બ્ર પર અઝાન આપે છે કારણ કે તેમની ક઼બ્રમાં શયતાન બહેકાવવા આવે છે. અમારી ક઼બ્રમાં શયતાન બહેકાવવા આવતો નથી તેથી અમે દફન બાદ ક઼બ્ર પર અઝાન દેતા નથી." હઝરત અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી સાહબ رحمۃ اللہ علیہની તે જ સ્થળે ફરીવાર તકરીર હતી. આપે તેના જવાબમાં હજારોની મેદનીમાં જણાવ્યું કે, "વહાબી (દેવબંદી) બોલતા હય લેકિન સમજતા નહીં !" પછી મેદનીને સવાલ કર્યો કે શયતાન કોને બહેકાવશે મો'મિનને કે મુનાફિકને ?! લોકોએ મજમામાંથી જવાબ આપ્યો કે શૈતાન મો'મિનને બહેકાવે છે. તો આપે કહ્યું, બસ હવે જાતે જ ફૈંસલો કરી લો કે વહાબી મોલ્વીનું કહેવું છે કે સુન્નીઓની ક઼બ્રમાં શૈતાન બહેકાવવા જાય છે. અરે ! શયતાન પણ જાણે છે કે, મો'મિન સૂતેલો છે જેથી તેને બહેકાવીએ. વહાબીની ક઼બ્રમાં શયતાન જતો નથી કેમ કે શૈતાન પણ જાણે છે કે એમાં તો આપણાવાળો જ સૂતેલો છે ! તો તેમાં જઈને તેનાથી શું પોતાનું માથુ ફોડું ?! હઝરત અલ્લામા મૌલાના મુશ્તાક અહમદ નિઝામી સાહબ رحمۃ اللہ علیہની આ હાજર જવાબી હતી. મૌલા તઆલા આપની ક઼બ્ર પર રહમતની વર્ષા કરે. (આમીન)

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

## ★ એક ગ્રાહક ચાહકની અપીલ ! ★

અસ્સલામુ અલૈકુમ, મોહતરમ જનાબ શબ્બીર પટેલને અલ્લાહ તઆલા બંનેવ જહાનમાં આબાદ રાખે........... "બરકાતે ખ્વાજા" માસિકના ગ્રાહકોને ખાસ મારી નમ્ર અરજ છે કે આજના આ નાઝુક દૌરમાં જ્યારે બાતિલ ફિર્કાઓના ફિત્ના વધી રહ્યા છે, તેવા સમયે "બરકાતે ખ્વાજા" માસિકનો દરેક ગ્રાહક ફક્ત એક એક ગ્રાહક વધારી આપે. અને દીનો સુન્નિયત મસ્લકે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના પ્રચારને ઘર ઘર સુધી ફેલાવી સવાબે દારૈન હાંસલ કરે. વધુમાં ફક્ત એટલું જ કહીશ કે ખુદા વ રસૂલને રાજી રાખવા માટે જરૂરથી આટલુ કરો જેથી લોકો ગુમરાહીથી બચી શકે કારણ કે ઈલ્મે દીન શીખવો દરેક મુસલમાન મર્દ ઔરત માટે ફર્ઝ છે. અને "બરકાતે ખ્વાજા" માસિક એના માટે લાજવાબ માસિક છે. બસ એ જ !

*આપની દુઆઓનો તલબગાર : **મુહમ્મદ આઈ. ખત્રી વડદલાવાળા** (અલીપુરા, બોડેલી)*

## ★ દીની પ્રોગ્રામો ★

**સુરત** : ઉર્સે હઝરત અકબર શહીદ رحمۃ اللہ علیہના મોકા પર તા. ૮–૭–૨૦૧૨ રવિવારના રોજ ઈશા બાદ સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા થયો જેમાં અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ અલ્લાહના વલીની સિફતો પર ખૂબ જ બોધદાયક બયાન ફર્માવ્યું હતું.

**જાલના** : થી હાજી. અ. અઝીઝ જમાલ મમદાણી જણાવે છે કે તા. ૨૮–૫–૨૦૧૨, ૬ રજબ હિ.સ. ૧૪૩૩ના રોજ હઝરત સૈયદ અહમદ શેર સવાર હસની હુસૈની ઉર્ફ રાજા બાગ સવાર رحمۃ اللہ علیہનો ૭૩ મો ઉર્સ મનાવાયો જેમાં અલ્હાજ સઈદ નૂરી (સેક્રેટરી : રઝા એકેડમી–મુંબઈ)ની સરપરસ્તીમાં, અલ્હાજ મુહમ્મદ તૌફીક઼ રઝવીની સદારતમાં ઈશા બાદ "અક઼ાઈદે અહલે સુન્નત કોન્ફરન્સ" વિવિધ ઉલમા તથા મુસ્લિમ લીડરોની હાજરીમાં યોજાયી જેમાં હઝરત મૌલાના સગીર અહમદ જોખનપુરી તથા હઝરત મુફતી ઝિકુલ્લાહ મક્કી રઝવીનાં શાનદાર બયાનો થયાં. ઉપરાંત ખત્મે ખ્વાજગાન શરીફ, ખત્મે ક઼ાદરિયા શરીફ, નૂરી મેહફિલ, કુલ શરીફ, સંદલ, ગુલપોશી, તઅલીમી મુઝાહેરા, લંગરે ગરીબ નવાઝ...વગેરે પ્રોગ્રામો થયા તથા "તઝકરેએ મુહદ્દિષે સૂરતી" رحمۃ اللہ علیہની કિતાબોનો રસ્મે ઈજરા પણ થયો હતો.

**ધોરાજી** : ખાતે પયગામે શરીઅત કોન્ફરન્સ તથા દસ્તારબંદીનો જશ્ન યોજાઈ ગયો. સૌરાષ્ટ્રની મશ્હૂર દીની સનદી દર્સગાહ દારુલ ઉલૂમ મિસ્કીનિયહમાં આ વર્ષે આલિમ, હિફ્ઝ તથા ક઼િર્અતના કોર્સમાં ફારિગ થયેલા ૭૬ તલ્બાને સનદ અર્પવા તથા તેમની દસ્તારબંદી કરવા ગત તા. ૧૫–૬–૨૦૧૨ના રોજ દારુલ ઉલૂમના મેદાનમાં પૈગામે શરીઅત કોન્ફરન્સના નામે શાનદાર જશ્ન યોજાઈ ગયો. જેમાં ક઼ારી રિઝવાન સાહબે નઅતોના નગ્મા રજૂ કર્યા તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે શાનદાર બયાન કર્યું હતું. આ પ્રસંગે જલીલુલ ક઼દ્ર ઓલમા, મુક઼ર્રિરીન તથા અકાબિરીને અહલે સુન્નતે મોટી સંખ્યામાં શિર્કત ફર્માવી.

**થામ** : (જિ. ભરૂચ) ખાતે દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામનો દસ્તારબંદીનો જલ્સો યોજાઈ ગયો. ગુજરાતની મશ્હૂર દીની દર્સગાહ દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામનો ૪૩ મો વાર્ષિક દસ્તારબંદીનો જલ્સો પીરે તરીક઼ત હઝરત હશ્મતઅલી બાવા સાહબની સદારતમાં ગત તા. ૨૪–૬–૨૦૧૨ના રોજ શાનદાર રીતે યોજાઈ ગયો. આ પ્રસંગે આ વર્ષે હિફ્ઝ કલાસમાં ફારિગ થયેલા ૪ હુફ્ફાઝને સનદ આપીને તેમની દસ્તારબંદી કરવામાં આવેલી. આ

દારુલ ઉલૂમ સંચાલિત અલ જામિઅતુસ્સિદ્દીક઼ાનો (બહેનો માટે) ૧૫ વાર્ષિક જલ્સો પણ આલિમા દિલસહાના નિઝામુદ્દીન સાહેબાની ઝેરે સદારતમાં યોજાયેલો. જેમાં આ વર્ષે ફારિગ થયેલી ૪૪ ફાઝેલાઓ અને ૫૬ આલિમાઓને સનદ (રિદાઅ) આપવામાં આવી.

**નંદરબાર** : મુક઼ામે દારુલ ઉલૂમ ચિશ્તિયામાં તા. ૨૦–૬–૨૦૧૨ બુધવારે ઝહોર બાદથી રાત્રે દસ વાગ્યા સુધી સુન્ની ઈજતેમા યોજાયો જેમાં ૧૮ હાફિઝ થનાર હુફ્ફાઝની દસ્તારબંદી ઉલમા તથા મશાઈખના હાથે કરવામાં આવી જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**રતનપુર** : (જિ. ખેડા) ''દારુલ ઉલૂમ મદીનતુલ ઉલૂમ'' ખાતે તા. ૨૮–૬–૨૦૧૨ જુમેરાતે ૫–આલિમ, ૨૫–હાફિઝ, ૨૭–ક઼ારી તથા દારુલ ઉલૂમ ફૈઝાને મદીના (અહમદાબાદ)થી ફારિગ ૫–હાફિઝની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ ઈશા બાદ યોજાયો જેમાં મુફતીએ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ તથા અન્ય ઉલમાએ કિરામના મુબારક હાથો વડે દસ્તારબંદી કરવામાં આવી તેમજ હઝરતે શાનદાર બયાન કર્યું હતું.

**જુનાગઢ** : દારુલ યતામા અન્વારુલ મુસ્તફા જે ઈ.સ. ૧૯૯૦થી ચાલી રહેલ છે જેમાં જુનાગઢ તથા આસપાસનાં ગામોના યતીમ બાળકો દીની દુનિયવી તા'લીમ લઈ રહ્યાં છે તેમના રહેવા, જમવા, દવા, સ્કૂલ, ટયૂશન વગેરેની ઉત્તમ સગવડ આ સંસ્થા તરફથી ફ્રી આપવામાં આવે છે. કોમ્પ્યુટર, એમ્બ્રોઈડરી, સિલાઈ, મિકેનિકલના કોર્સ પણ ચાલે છે. દાખલ થવા ઈચ્છનાર બાળકોના પિતાના મરણનો દાખલો સાથે લાવવો. સંપર્ક કરો : દારુલ યતામા અન્વારુલ મુસ્તફા, ઈમામ અહમદ રઝા રોડ, બુકર ફળિયા, જુનાગઢ, ફોન : (૦૨૮૫) ૨૬૨૭૨૬૬

**કોડીનાર** : ખાતે ઉર્સે હબીબે મિલ્લત તા. ૩૦–૬–૨૦૧૨ સોમવારે મનાવાયો તથા શૈખે આ'ઝમ હઝરત સૈયદ ઈઝહાર અશરફ કછોછવી رحمۃ اللہ علیہના ચહેલૂમ નિમિત્તે શાનદાર પ્રોગ્રામ હઝરત સૈયદ મહેમૂદ અશરફ સાહબની શાનદાર તકરીર સાથે થયો. લખનૌથી આવેલ બૈતુલ્લાહ મીનાઈએ નિરાલા અંદાજમાં નઅતો પેશ કરી હતી, છેવટમાં ન્યાઝ જમાડવામાં આવી. –રજૂકર્તા : *નાઝિમે આ'લા ક઼ાઝી મુહમ્મદ હનીફ (દારુલ ઉલૂમ હબીબિયા ટ્રસ્ટ–કોડીનાર)*

## ★ જશ્ને શાદી મુબારક ★

**દયાદરા** : જનાબ અબ્દુલ્લાહ દાઉદ ભાના નેક ફરઝંદ જનાબ મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહીની શાદી હલદરવા મુક઼ામે હાફેઝ સલીમ દસુની નેક દુખ્તર તસ્લીમબાનુ સાથે તા. ૨૭–૫–૨૦૧૨ના રોજ રાખવામાં આવી. ઘરેથી જ સાદગીથી સલાતો સલામ પઢતા પઢતા પાદરમાં દુલ્હાને લઈ ગયા. અને હલદરવા મુક઼ામે પણ સલાતો સલામ સાથે ચાલતાં બારાત છોકરીવાળાને ત્યાં પહોંચી. જયાં હઝરત અલ્લામા સૈયદ હસન અસ્કરીમિયાં સાહબ કછૌછવી (જાનશીને શયખુલ ઈસ્લામ) સાહબે નિકાહ પઢાવ્યા. છેવટમાં સલાતો સલામ બાદ આપે દુઆ ગુજારી હતી. દુલ્હા–દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સેગવા** : હાજી વલી અહમદ બાબરની નેક દુખ્તર ફેહમીદાની શાદી વોરાસમની એન્ડ યુ.એસ.એ. નિવાસી સલીમ હાજી મુહમ્મદ પટેલના નેક ફરઝંદ આસિફ સાથે તા. ૩૦–૬–૨૦૧૨ શાબાન હિ.સ. ૧૪૩૩ શનિવારે દયાદરા હોલમાં રાખવામાં આવી. દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને સૌને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સૂરત–ઉધના** : થી જનાબ મુહમ્મદ સાજિદ અ. સત્તાર રઝવી બસમતવાળા જણાવે છે કે તા. ૨૬–૬–૨૦૧૨ રવિવારે એમની નેક દુખ્તર ફરહીનબાનુની શાદી મુહમ્મદ ફારૂક ઉમર લાખાના

નેક ફરઝંદ મુહમ્મદ સરફરાઝ સાથે રાખવામાં આવી. હઝરત મુફતી મહેમૂદ અખ્તર સાહબે નિકાહ પઢાવ્યા. દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને સૌને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**બરેલી શરીફ** : મર્કઝે અહલે સુન્નત ખાતે નબીરાએ આ'લા હઝરત શાહઝાદાએ મુફસ્સિરે ઈસ્લામ "હઝરત કમર રઝા સાહબ" (હુઝૂર તાજુશ્શરીઅહના સગાભાઈ)નો તા. ૨૬–૬–૨૦૧૨ના રોજ ઈન્તેકાલ થઈ ગયો. જેમની જનાઝાની નમાઝ બીજા દિવસે અસર બાદ હુઝૂર તાજુશ્શરીઅહ્ دام ظلہ العالیએ પઢાવી હતી અને આપની દફનવિધિ બરેલી શરીફમાં ખાનકાહે રઝવિય્યહ્માં એમના વાલિદની કબ્ર સાથે થઈ હતી. હજારોની સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી હતી. રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને, ચાહકો, અકીદતમંદોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : મુકામે તા. ૧૯–૬–૨૦૧૨ના રોજ જંબુસરની મશ્હૂર હસ્તી હઝરત સૈયદ માજુમબાવા સાહબનો ઈન્તેકાલ થઈ ગયો. મર્હૂમની દફનવિધિમાં પુષ્કળ ચાહકો, અકીદતમંદોએ દૂર દૂરથી હાજરી આપી હતી. રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : મુકામે તા.૩૦–૬–૨૦૧૨ના શનિવારના રોજ જુબૈદાબેન જમીલ અહમદ મુન્શી (માસ્તર)નો ઈન્તેકાલ થઈ ગયો. રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*


## પ્રો. તાહિરુલ કાદરીની અસલિયત બતાવતી CD/DVD મંગાવો

હૈદ્રાબાદમાં પોતે સુન્ની હોવાના જૂઠા દાવાઓ કરનાર તથા "મસ્લકે આ'લા હઝરત" તથા "હુઝૂર તાજુશ્શરીઅહ"ની વિરુદ્ધ બોલનાર **પ્રો. તાહિરની અસલિયત**થી બેખબર સુન્ની ભાઈઓ ઉપરોક્ત CD/DVD જરૂરથી મંગાવશો. નંગદીઠ ફક્ત રૂા. ૩૦/– M.O. કરશો જેમાં કુરીયર ખર્ચ આવી જશે.

**સંપર્ક કરો :** ★ બરકાતે ખ્વાજા માસિક (કાર્યાલય), મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ,મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

★ હાફેઝ મહેબૂબ ઝંઘારવી, જલારામ નગર, કરજણ (R.S.)જિ. વડોદરા, મો. ૯૪૨૭૩ ૫૬૦૯૧

★ મકતબએ રઝા, ૨–સ્મિતા એપાર્ટમેન્ટ, ખ્વાજાદાના દરગાહ પાસે, ગોપીપુરા, સુરત, મો. ૯૩૭૬૬ ૭૦૩૧૦

## અણમોલ બયાનોની VCD/DVD મંગાવો

| | |
|---|---|
| ✪ **અઝમતે મુસ્તફા (صلی اللہ علیہ وسلم)** (૧૯૭૦–૧૯૭૫નાં બયાનો)<br>✪ **ઈશ્કે રસૂલ (صلی اللہ علیہ وسلم)**<br>અઝ : **હઝરત અલ્લામા શફી ઓકાળવી** رحمۃ اللہ علیہ | ✪ **બેહતરીન રસૂલ–બેહતરીન ઉમ્મત**<br>✪ **તૌહીદ (અંગ્રેજીમાં બયાન)**<br>અઝ : **મૌલાના કૌકબ નૂરાની ઓળકાવી** |

✪ **બેહતરીન બયાનાત** *(હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી તથા હઝરત મૌલાના સૈયદ અમીનઅલી માલેગાંવ)* ✪ **નઅતોના પ્રોગ્રામો** *(અલ્હાજ કારી મુહમ્મદ રિઝવાન સાહબ)*

**સંપર્ક કરો : બોનાઝ્ઝા STD PCO,** મોટા ચકલા, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચમો. ૯૪૨૭૪ ૩૭૫૯૦

તથા **સુન્ની દા'વતે ઈસ્લામી,** મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દીની કિતાબોના પ્રકાશન માટે મદદ કરો !

નીચેની સુન્ની કમિટીઓ વરસોથી અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચારમાં અણમોલ કિતાબો પ્રસિદ્ધ કરી રહી છે જેમને રમઝાન મુબારકમાં આપની લિલ્લાહ, ઝકાત, સદકા, વગેરેની રકમો મોકલી જરૂર સહાય કરશો.

- **સુન્ની મુસ્લિમ કમિટી,** ઠે. હવેલી શેરી, મુા. **ગોંડલ** (સૌરાષ્ટ્ર)
- **હુસૈની કમિટી (સુન્ની),** ૮–લાટી પ્લોટ સામે, મુા. **મોરબી** (સૌરાષ્ટ્ર)
- **સુન્ની મુસ્લિમ કમિટી,** નવી વસાહત, **પાલેજ**, તા. જિ. ભરૂચ

## મદદની અપીલ

**દેવકા** : (નાની દમણ) ખાતે ગરીબ નવાઝ મસ્જિદ, સુન્ની મુસ્લિમ સુન્ની જમાઅત, દેવકા–તાઈવાડ (નાની દમણ) ખાતે મસ્જિદમાં મહેરાબ તથા મિમ્બરનું કામ ચાલુ છે. મારબલ વગેરેનો ખર્ચ રૂા. બે લાખ પચાસ હજાર જેટલો છે અને બાકી દિવાલ, ટાઈલ્સ, વુઝૂખાનુ વગેરેનો (ઉપર નીચેનો) ખર્ચ સાત લાખનો છે. સખીદાતાઓ ભરપુર સહાય કરે એવી વિનંતિ છે. **સંપર્ક કરો :–**
હાજી ઝાકિર હુસૈન એ. પીરવાલા **(M. 9824440319)** ફિયાઝ યૂસુફ શેખ **(M. 9824770643)**
સરફરાઝ વી. શેખ **(M. 9924384345) (Bank A/c. No. SBI-30283412826)**

**વારાહી** : (જિ. પાટણ) ગુજરાત રાજ્યના અતિપછાત વિસ્તાર વારાહીમાં વર્ષોથી દીની અને દુનિયવી શિક્ષણ આપતી સંસ્થા શાહ મદાર બોર્ડીંગ મદ્રસાએ ફૈઝે મદાર સંચાલિત નૂરે મદાર માધ્યમિક અને પ્રાથમિક શાળા નિયમિતરૂપે ચાલી રહી છે. શિક્ષણ મેળવતા તલબાઓ (વિદ્યાર્થીઓ)ને તમામ સુવિધાઓ મફત આપવામાં આવે છે. કૌમના સખીદાતાઓને નમ્ર વિનંતિ કે રમઝાન મુબારકમાં આપની ઝકાત ઈમદાદ, લિલ્લાહ, સદકા, મદદ આપી અપાવી સવાબે દારૈન હાંસલ કરશો. સ્કૂલ, હોસ્ટેલનું બાંધકામ ચાલુ છે.

**મદદ મોકલવાનું સરનામુ** : શાહમદાર બોર્ડીંગ મદ્રસાએ ફૈઝેમદાર (ઠે. કંડલા હાઈવે, મુા. વારાહી, તા. સાતલપુર, જિ. પાટણ, પીન. ૩૮૫૩૬૦, મો. : ૦૯૮૯૮૯૧૯૯૧૭

**(Dena Bank A/c. No. 029510002514)**

## અઝહરી એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત : મદ્રસાએ ગૌષિયા

**નડિયાદ** : મુકામે મદ્રસાએ ગૌષિયાના મકાનના બે માળ બની ચૂક્યા છે પણ ટાઈલ્સ, ફલોરિંગ, ફિનીશિંગ બંને માળનું બાકી છે. અંદાજે ૭–૮ લાખ રૂા.નો ખર્ચ છે, તો સખીદાતાઓ જરૂરથી સહાય કરે.

સરનામુ : ઠે. દલાલ પાર્ક, સેંટ અન્નેજ સ્કૂલ, નડિયાદ, મો. **9601154006**
**(સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા A/c. No. 3056215830)**

**જશ્ને ઈફતેતાહ** : સાબરી મસ્જિદ–પ્રભાસ પાટણની ઈફતેતાહ તા. ૧૨–૭–૨૦૧૨ના રોજ મગરિબ બાદ હઝરત સૈયદ શબ્બીરબાપુના મુબારક હસ્તે થઈ. હઝરતે અઝાન આપી, નમાઝ પઢાવી તથા નમાઝ બાદ મસ્જિદની ફઝીલત પર બયાન કર્યું. ઈશા બાદ હલકએ સાબરિયા ચિશ્તિયાના તરીકા પ્રમાણે ઝિક્ર નઅત તથા કુર્આન ખ્વાનીની મેહફિલ રાખવામાં આવી. જે અલ્હમ્દુલિલ્લાહ કામયાબ રહી બહોળી સંખ્યામાં ઉલમા તથા અવામે હાજરી આપી હતી. *રજૂકર્તા : ખલીલભાઈ સાબરી–પ્રભાસ પાટણ*

# દીનો સુન્નિયતની મજબૂત ખિદમત માટે........

## "બરકાતે ખ્વાજા"ના ગ્રાહક બનો તથા બનાવો !

**આસ હૈ કોઈ ન પાસ, એક તુમ્હારી હૈ આસ-બસ હૈ યહી હૈ આસરા તુમ પે કરોળોં દુરૂદ**

- ★ અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયતનો પરચમ અલલ એલાન બુલંદ કરનારા........
- ★ "મસ્લકે આ'લા હઝરત"નો ડંકો દુનિયાભરના ગુજરાતી જગતમાં બજાવનારા......
- ★ સુન્નિયતના મોહરા પાછળ સુલેહકુલ્લિયતના પ્રખર પ્રણેતાઓને કશાય ડર વિના અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતને ખાતર તેમના જ ભરોસે લોકો સમક્ષ ઉઘાડા કરનારા......
- ★ બાતિલ ફિર્કાઓની ધોકબાઝીઓ તથા મુનાફિકાના ચાલોનો પર્દો ફાશ કરનારા.......
- ★ બેહયાઈની ગરમ બાઝારીમાં ઈસ્લામી હયાની અનેરી ઠંડક લહેરાવનારા.....
- ★ ઈસ્લામ બેઝારી તથા આઝાદ ખયાલીના ભામટાઓની ખબર લેનાર અને સહીહ શરીઅતે ઈસ્લામીનો પ્રચાર કરનારા.....
- ★ બનાવટી પીરો તથા ઢોંગી મુલ્લાઓના ધોકા ફરેબથી બચવા શરીઅતના પાબંદ સાચા મહાન બુઝુર્ગોનાં કથનો તથા અમલો રજૂ કરીને પબ્લિકની આંખોથી પાટા હટાવનારા.....
- ★ ઈસ્લામ તથા બાનીએ ઈસ્લામ તેમજ કાનૂને ઈસ્લામ સામે ઉઠતાં ગુમરાહીના વાદળોના ફેલાતા અંધકારને ચીરવા ઈસ્લામી અસલ રૂહ તથા અમ્નો શાંતિના ઈસ્લામના પયગામોની રોશની ફેલાવનારા.....
- ★ કરન્ટ ઈસ્યુઝ પર બેબાક વિવેચન કરનારા...

આ એક અને અનોખા અજોડ માસિક **"બરકાતે ખ્વાજા"**ના મેમ્બર બનો તથા બનાવો. **મર્હૂમોના સવાબ અર્થે** વિવિધ મસ્જિદોનાં અથવા ચાહો તે વ્યક્તિઓનાં સરનામાં સાથે લવાજમો મોકલો જેથી ઘણા લોકો વાંચશે, તેમનું ઈમાન મજબૂત થશે અને નેક અમલ કરશે તેનો સવાબ મર્હૂમને થશે. અફસોસ કે ઘણા ભાઈઓ એક વરસ પછી લવાજમ મોકલવામાં સુસ્તી કરે છે, તો આ માસિકના પયગામને સમજે અને **દીનો સુન્નિયતના પ્રચારનું મહત્વ** સમજીને **મસ્લકે આ'લા હઝરત**ના પયગામના ફેલાવા માટે લવાજમ દયાદરાના સરનામે એક ગ્રાહક દીઠ **રૂા. ૧૫૦/-** મની ઓર્ડર થકી કે આંગડીયા થકી મોકલી આપે. (આંગડીયા માટે ભરૂચનું સરનામુ છે : "બરકાતે ખ્વાજા" માસિક, C/o. ઈન્ડિયન ફૂટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ)

લિ. આપનો અદના ખાદિમ, ગુલામે ગૌષો ખ્વાજાઓ અશ્રફો રઝા

**પટેલ શબ્બીર અલી રઝવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

## પોસ્ટકાર્ડ લખી કે SMS કરીને મફત મંગાવો

- ✪ **એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ**
- ✪ **ઝકાતના અર્વાચીન મસાઈલ**

(એ'તેકાફની ફઝીલત તથા મસાઈલ પર તેમજ ઝકાતના મસાઈલ પર વિગતવાર ચર્ચા કરતી બંને કિતાબો જરૂરથી મંગાવો)

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા, C/o.** ફયુઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા,** તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

## રમઝાન મુબારકમાં આ સંસ્થાઓને ભૂલશો નહીં !

➡ **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**, **C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **નોંધ** : આપણી આ પ્યારી સંસ્થા થકી **ગરીબ આબાદીઓમાં** લગભગ **૧૧૦, મદ્રસા–મસ્જિદ**ના સંચાલનોમાં સહકાર કરવામાં આવે છે તેમજ ઉપરાંત અનુકૂળતા પ્રમાણે **ગરીબોની સહાયનાં કામો** તથા અન્ય દીની તબ્લીગનાં કામો થાય છે. એ સિવાય **કુદરતી આપત્તિ** વગેરેના સમયે ગરીબોને જરૂરતમંદોને અનુકૂળતા પ્રમાણે સહાય કરવામાં આવે છે તથા મસ્જિદ મદ્રસાના બાંધકામ તેમજ પાણી માટે બોરિંગ કામ હાથ ધરવામાં આવે છે તેમજ અન્ય સહાયના કામો થાય છે.

➡ **અંજુમને રઝાએ મુસ્તફા**, **C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર માટે ડંકાની ચોટ પર એલાને હક્ક કરતી આ અનોખી સંસ્થા થકી વરસભર ઉચ્ચ કોટીના ઉલમાનાં લખાણોની કિતાબો પ્રસિદ્ધ થતી રહે છે તો આ કાર્યમાં સહાય કરો. **વરસભરમાં એકવાર ફક્ત રૂા. ૩૦૦ મેમ્બર ફી કે ડોનેશન રૂપે નોંધાવનારને વરસભર છપાતી કિતાબો (આજીવનના રૂા. : ૬૦૦૦) ઘર બેઠાં મળતી રહેશે. બેંક એકાઉન્ટ નંબર** : **BOB 34620100000107** પટેલ શબ્બીર અલી તથા **SBI 10328886242**, **આંગડિયા થકી મોકલનાર માટે** : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** **C/o.** ઈન્ડિયન ફૂટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે–ભરૂચ

➡ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા**, ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે, મુ.પો. તા. **આમોદ**, જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૧–૨૪૬૧૯૨મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮૪૦૨૭૭

આલિમ, હાફિઝ, ક઼ારી, ઈમામ તથા મુબલ્લિગ બનવા માટેના વર્ગો ચાલે છે. કોમ્પ્યુટર તથા ઈંગ્લિશ વર્ગો પણ ચાલે છે. આપની હલાલ કમાઈમાંથી લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્ર, ન્યાઝ... વગેરે મોકલી ભરપુર સહકાર કરશો. તેમજ તમારાં તેજ બુદ્ધિવાળાં બાળકોને દાખલો અપાવવા અમારો સંપર્ક કરશો. (મર્યાદિત તલબાને જ દાખલા આપવામાં આવે છે.

➡ **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ઠે. રયહાન નગર, બાવા રયહાન દરગાહ પાસે ભરૂચની ધરતી પર વર્ષોથી ચાલી રહેલા સુન્ની ઈદારામાં હાફિઝ, ક઼ારી આલિમની સાથો સાથે કોમ્પ્યુટરની તા'લીમ પણ આપવામાં આવે છે તો આપના આ ઈદારાને લિલ્લાહ ઝકાત, સદક઼ા, ખયરાત, ન્યાઝ....વગેરે આપી અપાવી સહકાર કરશો એવી અપીલ છે. ફોન : ૦૨૬૪૨–૨૫૫૭૦૮, મોબાઈલ : ૯૮૨૪૧ ૩૬૨૫૭

**આપની લિલ્લાહ, ઝકાત, સદક઼ા, ઉશ્ર, ફિત્રા, ન્યાઝ.... વગેરેની રકમો ઉપરોક્ત સંસ્થાઓને મોકલી સહકાર કરશો એવી નમ્ર અરજ છે.**

# શબે કદ્રની ઈબાદતો

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરની રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

**૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **''સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર''** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

**૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

**૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

**૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

★ હઝરત અલી كرم الله وجهه الكريم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

★ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

★ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**